સદ્ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ રચિત

ૐ

॥ પદશાસ્ત્રો ॥

સદ્ગુરુ વાણી



શ્રી સત્પંથ પ્રકાશન સમિતિ - પ્રેરણાપીઠ, પીરાણા

Real Patidar Library

About Real Patidar books

સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ રચિત

ૐ

॥ પદશાસ્ત્રો ॥

સદ્‌ગુરુવાણી



શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ - પ્રેરણાપીઠ, પીરાણા



realpatidar.com

સદ્‌ગુરુ શ્રી ઇમામશાહ મહારાજ રચિત

ૐ

॥ પદશાસ્ત્રો ॥

સદ્‌ગુરુવાણી



શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ
પ્રેરણાપીઠ, પીરાણા

॥ સદ્‌ગુરુવાણી ॥

- **પ્રકાશક** : શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ
  તીર્થધામ પ્રેરણાપીઠ, પીરાણા,
  તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫.

- **પ્રથમ આવૃત્તિ** : જાન્યુઆરી-૨૦૧૦ : પ્રત - ૧૦૦૦
- **બીજી આવૃત્તિ** : એપ્રિલ-૨૦૧૧ : પ્રત - ૧૦૦૦
- **ત્રીજી આવૃત્તિ** : ડીસેમ્બર-૨૦૧૪ : પ્રત - ૧૦૦૦
- **ચોથી આવૃત્તિ** : નવેમ્બર-૨૦૧૯ : પ્રત - ૧૦૦૦

- **મુદ્રક : ચંદન ક્રિએશન**



પ્રસ્તાવના

ઉત્તમ સાહિત્ય લાગણીઓને સૂક્ષ્મ બનાવે છે, ધર્મબુદ્ધિને જાગૃત કરે છે. હૃદયની ભાવનાને તેજસ્વી કરે છે, સમભાવ કેળવે છે, બારણાની તિરાડમાંથી ફૂલની સુગંધ જેમ સમગ્ર ઘરમાં પથરાઈ જાય છે. રોમાંચિત કરે છે તેમ ઉત્તમ સાહિત્ય ચિત્તમાં પ્રવેશી આનંદની લહેરથી ભાવિક વાચકોને નિત્યાનંદમાં ડોલાવી દે છે.

અનુયાયીઓનું જીવન સંતોષમય, આશામય, સંસ્કારમય બને. તેમના જીવન પરની અજ્ઞાનતાની રાખ ખંખેરીને તેને પ્રદીપ્ત કરવાની પ્રેરણા મળે તેવું સાહિત્ય સુલભ બનાવવાના શુભ આશયથી સત્‌પંથની અમૂલ્ય વાણી એવી ગુરુ વંદના, આરતી, શાસ્ત્રો જે સત્‌પંથના ગ્રંથોમાં સુષુપ્ત અવસ્થામાં પડી રહ્યાં હતાં, જેને સંકલિત કરી પુસ્તિકા રૂપે જન જન સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. જે યુવા પેઢીને અવશ્ય પ્રેરણા પૂરી પાડનાર દિવાદાંડી સમાન બની રહેશે.

આજના સમયમાં જ્ઞાનનો વ્યાપ વધવા છતાં સદ્‌ગુરુ રચિત શાસ્ત્રો ભૂલાતાં જાય છે. નવયુવાનોને શાસ્ત્ર એટલે શું એ જ ખબર નહીં હોય તેવા યુવાનોમાં આપણી સત્‌પંથીની સંસ્કૃતિ જળવાઈ રહે તેવા શુભ આશયથી ભૂલાઈ-વિસરાઈ જતાં શાસ્ત્રોનું સંકલન કરી આ પુસ્તિકામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે અનુયાયીઓના જીવનમાં આત્મશુદ્ધિ તથા વ્યવહારશુદ્ધિ દ્વારા સદ્‌ગુરુ તથા પૂર્વજોનું સ્મરણ ચિરંજીવી રાખવાની સદાય પ્રેરણા આપતાં રહેશે. વધુમાં અનુયાયીઓના જીવનને તથા વિચારોને શુદ્ધ કરવાની ભાવનાઓને પવિત્ર રાખવાની, શુભ વૃત્તિ જાગૃત કરવાની તથા સરસ્વતીના આ પ્રસાદથી ધર્મનું તેજ પ્રજ્જવલીત કરવાની શક્તિ સંપન્ન થાઓ એ જ શુભકામના.

ગમે તેટલી કાળજીથી કામ કરીએ તો પણ ક્યાંક, કશીક ક્ષતિ રહી જ જતી હોય છે. આપશ્રીને આ પુસ્તિકામાં ક્યાંય ક્ષતિ જણાય તો ક્ષમ્ય ગણશો અને રહી ગયેલી ક્ષતિ તથા આપની પાસે કોઈ એવા શાસ્ત્ર હોય જે આ પુસ્તિકામાં સામેલ ન હોય તે મોકલી આપશો તો તે આપની સાહિત્ય સેવા જ ગણાશે અને અમોને ગમશે અને હવે પછીની આવૃત્તિમાં સમાવેશ કરવા પ્રયત્ન કરવામાં આવશે.

આ પુસ્તિકાના શાસ્ત્રોના સંકલનમાં, પ્રિન્ટીંગમાં, પ્રુફ જોવામાં કે અન્ય રીતે જેમણે પણ મદદ કરી છે તે સૌનો સત્‌પંથ પ્રકાશન સમિતિ વતી ખૂબ ખૂબ આભાર.

પ્રકાશક
શ્રી શાંતિભાઈ પટેલ
સત્‌પંથ પ્રકાશન સમિતિ

॥ सनातन सत्पंथ ॥
प्रेरणापीठ-पीराणा

અનુક્રમણિકા

●●●

સદ્ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ રચિત - પદશાસ્ત્રો

ગણેશ વંદના

૧. હાલો મારી સહીયરો

હાલો મારી સહીયરો ગણેશ વધાવવા જઈએ.
કુંભ ઘડુલો ભરી લાવે મારો સાયબો,
એવા શંકરજી જલડે નહાય રે... હાલો મારી.
હાથમાં કંકાવટીને ચોખલીયાની મુઠી,
એવા ચોખલીયે ચોક પૂરાય રે... હાલો મારી.
તેલ સિંદૂરની ઉતારું રે આરતી,
એવા મોતીડે પૂરાયા ચોક રે... હાલો મારી.
ખીર અને ખાંડનાં અમૃત ભોજન,
એવા ચુરમાના લાડુ ધરાય રે.... હાલો મારી.
લવીંગ સોપારી મુખવાસ એલચી,
એવાં પાન બીડાં ધરાય રે... હાલો મારી.
કહેત કબીરા સુનો ભાઈ સાધુ,
એવા ભક્ત મંડળ ગુણ ગાય રે... હાલો મારી.

•••

૨. પ્રથમ પહેલા સમરીએ

પ્રથમ પહેલા સમરીએ રે સ્વામી તમને સૂંઢાળા,
રિધ્ધિ સિધ્ધિના દાતાર દેવતા, મહેર કરોને મહારાજ રે.
માતા રે કહીએ પાર્વતીને, સ્વામી તમને સૂંઢાળા,
પિતા છે શંકર દેવ દેવતા, મહેર કરોને મહારાજ રે.
ધૂપ સિંદૂરની સેવા ચડે રે, સ્વામી તમને સૂંઢાળા,
ગળામાં ફૂલડાંનો હાર દેવતા, મહેર કરોને મહારાજ રે.
કાને તે કુંડળ જળહળે રે, સ્વામી તમને સૂંઢાળા,
ગળામાં મોતીડાંનો હાર દેવતા, મહેર કરોને મહારાજ રે.
થાળ ભરીને લાડુ રે ધરીએ, સ્વામી તમને સૂંઢાળા,
જમીને તૃપ્ત થાઓ દેવતા, મહેર કરોને મહારાજ રે.
રાવત રણશીની વિનંતી રે, સ્વામી તમને સૂંઢાળા,
ભક્તોને હોજો સાથ દેવતા, મહેર કરોને મહારાજ રે.

•••

૨. ગુરુ વંદના

ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુઃ, ગુરુ દેવો મહેશ્વરઃ
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મઃ, તસ્મૈય શ્રી ગુરુવે નમઃ

ધ્યાન મૂલં ગુરુ મૂર્તિઃ, પૂજા મૂલં ગુરુપદમ્,
મંત્ર મૂલં ગુરુ વાક્યં, મોક્ષ મૂલં ગુરુ કૃપા.

પદ વંદન કરું ગુરુ દેવનું, સકળ ગુણ ચતુર સુજાણ,
પૂરણ બ્રહ્મ દષ્ટે કરી, અચળ પુરુષ પુરાણ,

પૂજન કરું ગુરુ પદનું, જેથી ચૌદે લોક પૂજાય,
શેષ બ્રહ્મા શક્તિ મળી, ગુણ ગુરુજીના ગાય.

કૃપા હોય જો ગુરુદેવની, તો ટળે ત્રિવિધિના તાપ,
જન્મ મરણની આપદા, છૂટે આપો આપ.

●●●

પ્રાર્થના

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુંજ નામ.
ગુણ તારા નિત ગાઈએ, થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ.
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજે માફ.

●●●

અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા,
ઉંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા,
મહા મૃત્યુ માંહેથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તુંહીણો હું છું તો, પ્રભુ તુંજ દર્શનના દાન દઈ જા.

●●●

આરતીઓ

૧. શ્રી દશાવતાર - આરતી

જય સદ્‌ગુરુ દેવા, પ્રભુ જય સદ્‌ગુરુ દેવા.
આરતી કીજે નિષ્કલંક દેવની, અક્ષયપદ લેવા. જયદેવ (૨)
પ્રથમ મચ્છ અવતાર, માર્યો શંખાસુર પાપી..... પ્રભુ માર્યો.
ચાર વેદને લાવી, ગોર બ્રહ્માજીને આપી,
બીજે કૂર્મ અવતાર, પર્વત પીઠ ઉપર ધર્યો..... પ્રભુ પર્વત.
સાત સમુદ્ર મંથન કરીને, ચૌદ રતન કાઢ્યાં. જયદેવ (૨)
ત્રીજે વરાહ અવતાર, માર્યો મોરધ્વજ પાપી..... પ્રભુ માર્યો.
દાઢે ગ્રહી લઈ આવ્યા વરાહ, અવની ઉપર થાપી... જયદેવ (૨)
ચોથે નરસિંહ અવતાર માર્યો, હિરણ્યાકશ્યપ ભૂપ... પ્રભુ માર્યો
નખ વધારી માર્યો પાપી, લઈ નરસિંહ રૂપ. જયદેવ (૨)
પાંચમે મહા બળી રાય, દેખી સૂરીનર કાંપ્યા..... પ્રભુ દેખી.
વામન રૂપ ધરીને, બળી પાતાળે ચાંપ્યો. જયદેવ (૨)
છઠ્ઠે પરશુરામ અવતાર, ફરસી હાથમાં લીધી..... પ્રભુ ફરસી..
સહસ્રા અર્જુનને મારી, પૃથ્વી નક્ષત્રી કીધી. જયદેવ (૨)
સાતમે રામ અવતાર, આનંદ કૌશલ્યા પામી..... પ્રભુ આનંદ.
દશમુખ રાવણ માર્યો, સીતાના સ્વામી. જયદેવ (૨)
આઠમે કૃષ્ણ અવતાર, ગોકુળ ગૌ ચારી..... પ્રભુ ગોકુલ.
મામા કંસને મારી, ગોવર્ધન ધારી. જયદેવ (૨)
નવમે બુધ્ધ અવતાર, ભાર પૃથ્વી પર વધ્યો..... પ્રભુ ભાર
ધ્યાન ધરી ધરણીધર બેઠા, યોગ યુગાત સાધ્યો. જયદેવ (૨)
દશમે નિષ્કલંકી અવતાર, પૃથ્વી નિષ્કલંકી કરશે... પ્રભુ પૃથ્વી.
નિષ્કલંક રૂપ ધરીને, શુધ્ધ સેવકની લેશે. જયદેવ (૨)
દશ અવતારની આરતી, જે કોઈ ભાવે ગાશે..... પ્રભુ જે.
આરતી બોલ્યા સદ્‌ગુરુ બ્રહ્મા, મોક્ષ ગતિ થાશે. જયદેવ (૨)

●●●

૨. અલખધણીની - આરતી

અલખ ધણીની આરતી ને રૂડા ચમ્મર ઢળાય,
સ્વામીજીને છત્તર ઢળાય.
ચંદન ને કેશરનાં, સ્વામીજીને છાંટણાં છંટાય,
જય જય નકલંકી સ્વામી નકલંકી.
પહેલા કર્તાયુગમાં, સ્વામીજીના સોનાના છે ઘટ,
સ્વામીજીના સોનાના છે પાટ.
સોનાને સિંહાસન બેઠા, શ્રી નરસિંહજી ભગવાન,
જય જય નકલંકી સ્વામી નકલંકી.
બીજા ત્રેતા યુગમાં, સ્વામીજીના રૂપાના છે ઘટ,
સ્વામીજીના રૂપાના છે પાટ.
રૂપાને સિંહાસન બેઠા, શ્રી રામચંદ્રજી ભગવાન,
જય જય નકલંકી સ્વામી નકલંકી.
ત્રીજા દ્વાપર યુગમાં, સ્વામીજીના ત્રાંબાના છે ઘટ,
સ્વામીજીના ત્રાંબાના છે પાટ.
ત્રાંબાને સિંહાસન બેઠા, શ્રી કૃષ્ણજી ભગવાન,
જય જય નકલંકી સ્વામી નકલંકી.
ચોથા કલિયુગમાં, સ્વામીજીના માટીના છે ઘટ,
સ્વામીજીના માટીના છે પાટ.
માટીને સિંહાસન બેઠા, શ્રી નિષ્કલંકી ભગવાન,
જય જય નકલંકી સ્વામી નકલંકી.
આ રે આરતી જય સદ્દગોર બ્રહ્માજીએ ગાઈ,
જાંબુ ના દ્વિપમાં હુઈ રે વધાઈ...
જય જય નકલંકી સ્વામી નકલંકી.

●●●

૩. જય જગદીશ હરે - આરતી

ૐ જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે.....
ભક્તજનો કે સંકટ, ક્ષણમેં દૂર કરે... ૐ જય,...
જો ધ્યાવે ફલપાવે, દુઃખ મિટે મનકા... પ્રભુ દુઃખ (૨)
સુખ સંપત્તિ ઘર આવે, કષ્ટ મિટે તનકા... ૐ જય,...
માતા પિતા તુમ મેરે, શરણ ગ્રહુ મેં કિસકી... પ્રભુ શરણ,
તુમ બિન ઓર ન દૂજા, આશ કરું મેં કિસકી... ૐ જય,...
તુમ પૂરણ પરમાત્મા, તુમ અંતરયામી... પ્રભુ તુમ (૨)
પરિબ્રહ્મ પરમેશ્વર, તુમ સબકે સ્વામી... ૐ જય,...
તુમ કરૂણા કે સાગર, તુમ પાલન કર્તા... પ્રભુ તુમ (૨)
મૈ સેવક તુમ સ્વામી, કૃપા કરો ભર્તા... ૐ જય,...
તુમ હો એક અગોચર, સબ કે પ્રાણ પતિ... પ્રભુ સબ (૨)
કિસ વિધ મિલુ દયામય તુમકો મેં કુમતિ... ૐ જય,...
દિન બંધુ દુઃખ હર્તા, તુમ પ્રભુ મેરે... (૨)
અપને હાથ બઢાવો, દ્વાર ખડા તેરે... ૐ જય,...
વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા... પ્રભુ પાપ. (૨)
શ્રદ્ધા ભક્તિ બઢાવો, સંતન કી સેવા... ૐ જય,...
તન મન ધન, સબ કુછ હે તેરા... પ્રભુ સબ (૨)
તેરા તુજકો અર્પણ, કયા લાગે મેરા... ૐ જય,...

● ● ●

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ રચિત ગુરુવાણી

૧. ઈંદ્ર ઈમામશાહ જ્ઞાન બોલીયા

ઈંદ્ર ઈમામશાહ જ્ઞાન બોલીયા, તમે સાંભળો મુનિવર ભાઈ;
પ્રગટ ટાંણે તમે આવી મળો, વીરાભાઈ સાચી તમારી કમાઈ.

ભાઈ પ્રગટ ટાણું સો કહીએ, ઘટપાટની વેળા જો થાય;
તેત્રીસ કોટી દેવો આવી મળે, ત્યાં સ્વામીજી પોતે રે હોય,

ભાઈ ઝાંખા મેઘાને કીન્નર આવશે, અને આવે કલફના દેવ કરોડ;
તેવા ઠેકાણે તમે આવી મળો, તો વીરા થાશો તેમની જોડ.

ભાઈ એક ઈમાને જે કોઈ આવશે, અને સાચા મુનિવર સોય;
તેનાં ઇંકોતેરસો સ્વર્ગે સિંધાવશે, તેમને રાહમાં નહિ રોકે કોય.

ભાઈ લોક લજ્જા નવ રાખીયે, અને લજ્જાએ વણશે કાજ;
સગા કુટુંબ બેની બંધવા, તે તો નહિ આવે જીવની સંગાથ.

ભાઈ બાવન ઘાંટી જે નર ઉગરી ગયા, તે તો પહોંચ્યા છે સ્વર્ગને દ્વાર;
તે તો હરખે અમરાપુર મહાલશે, તે જીવ છેહ પામે નહિ લગાર.

ભાઈ શીરનાં સાટાં જો કીજીએ, અને તે સવા લાખ ઘણેરાં લખાય;
રાજા હરિશ્ચંદ્ર જેવાં ફળ પામશો, વીરાભાઈ તેથી અદકેરાં લખાય.

ભાઈ દુનિયા દોલત એક પલ છે, તમે લોભે લાગી ભૂલી નવ જાવ;
હાથમાંથી હીરો તમે હારી જશો, પછી આગળ ફળ ક્યાંથી પાવ.

ભાઈ ચારે યુગ ગયા તમને ઢૂંઢતાં, અને હજુ ના લાગ્યો છેહ;
અથર્વવેદને વાયકે તમે ચાલશો, વીરા થાશે નિવેડા આણી દેહ.

ભાઈ જ્ઞાને ચાલો તમે સત્ શું, અને ખરી દશોંદ આપો ગુરુદ્વાર;
દશમે તે ગુરુજી આવશે, ભાઈ કરવા મુનિવરોનાં કાજ.

ભાઈ ચેતણહારા તમે ચેતજો અને વેળા તે વહી વહી જાય;
હાથમાં લીધેલાં ફળ ચાખજો, ફરી ફરી તે ફળ નહીં પામો.

ભાઈ સત્‌પંથ સેવો સત્‌ ભાવશું, તમને મળીઆ સતગોર નૂર;
જેમણે દરશન કીધાં ઘટ તીરથમાં, તે તો વૈકુંઠ પહોંચ્યા જીવ.

ભાઈ એવાં ફળ તમે પામશો, તે તમે જાણોને નિર્ધાર;
ભાઈ રે અથર્વવેદમાં એમ ભાખીઆં, તમે કરજો ઉત્તમ કાજ.
મોહ મમતાને તમે વારશો, તો વીરા પામશો વૈકુંઠ ધામ;

ભણે જ્ઞાન ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, અને વેળા વિચારીને ચાલો.
જો બ્રહ્મ ભંડારા કીજીએ, તો સહી અમરાપુર મહાલો.

●●●

૨. જી રે મારા હંસા

જી રે મારા હંસા કરડી કમાન સાહેબ શું ખેંચો, તો તીરથ ત્રિવેણીમાં ચડના,
ઢાલ ધણીની ધીરજથી બાંધો, તો સત્‌ની તલવારે લડના.

બુદ્ધિની બંદૂકોને સુરતાના દારૂ, જ્ઞાન ગોળી બીચ ધરના,
પ્રેમના પ્યાલા ભરી ભરી પીઓ, તો શબ્દ ભડાકે ભણલાજી.

વિષયાની વાડીમાં વેલો વધીઓ, તે વેલે કીધો વિસ્તાર,
તેડાવો પેલા ગુણવંત માળીને, તે વેલાને જડ મૂળથી ઉપાડનહાર.

એ રે વેલાને અનંતફળ લાગ્યાં, તેમાં કોઈ કડવાંને કોઈ મીઠાં,
આ રે નગરીમાં ચોર્યાસી ચૌટા, તેમાં કોઈ નર સૂતા કોઈ નર જાગે.

આ રે નગરીમાં કુંવારી છે કન્યા, તે સુંદરી સબ રસ માણે,
સબ લોક સૂતા સાહેબ મારો જાગે, તો જીકર ફીકર વિના જીવડો ન પાકે.

પોળે તે ઊભા પાંચ પાખંડીયા, તે તો હાકેમનો હુકમ ના માને,
આ રે જ્ઞાન બોલ્યા ઈંદ્ર ઈમામશાહ, એને જમડાની ઝડપોના લાગે.

●●●

૩. ભાઈ વેળા પહોંચીને

ભાઈ વેળા પહોંચીને વિલંબ ન કીજીએ, અને મુનિવર કરોને આરાધ,
ભાઈ સત્ સંતોષે ચાલીએ, અને બાહેર ના વદીએ વાદ.

ભાઈ મીઠી વાણી બોલીએ, અને શુકરીત કીજે સાર,
ભાઈ જીભે સત્ જો બોલીએ, અને મુખથી ના કીજે મર.

ભાઈ મર કહ્યાનો દોષ છે, અને મર કહેતાં મરી જાએ,
તેને જીવ હિંસા કર્યાનું પાપ છે, અને તે શબ્દને વશ રાખ.

ભાઈ રે પિયુ પિયુ કીજીએ, અને પિયુ વસે ઘટ માંહે,
જેને કાળ ભમરો હૃદય વસો, ભાઈ તે દરશન નવ પાએ.

ભાઈ કાળ ક્રોધે બહોત ઘેરીયા, તેણે લૂંટી મોક્ષ મુક્તની વાટ,
પૂરણ પુન્ય લૂંટે પાછલું, તે લઈ જાશે દોજખને ઘાટ.

ભાઈ રે પ્રેમ વાણી બોલીએ, જો હૃદય ઉપજે બ્રહ્મજ્ઞાન પ્રકાશ,
તેને કાળ ન આવે ઢૂંકડો, ભાઈ તેના મંદિરે પિયુનો વાસ.

હવે અસ્વારી આવી ઢૂંકડી, અને હાથે શાહ ગ્રહે હથિયાર,
ઘોડે ઘુઘરમાળ બાંધીયા, અને સાહેબ થાશે અસ્વાર.

હવે સાહેબ અસ્વારી કરશે, અને માંડવે કરશે મેલાણ,
તહાં કુદરતી નગારાં વાગશે, નવે ખંડમાં પડશે ભંગાણ.

ત્યારે સુરજા રાણી જાગશે, ઈમાન સમો નહિ કોઈ સાર,
જ્યારે દહીંત કાલિંગાને મારશે, ત્યારે થાશે આપણો ઓધાર.

તન મન સોંપી પાએ લાગજો, નકલંક સમો નહિ કોઈ સાર,
જ્યારે દહીંત કાંલિગાને મારશે, ત્યારે થાશે આપણો ઓધાર.

ભણે ગોર ઈમામશાહ સાંભળો મુનિવરો, રહ્યા છે દિન દો ચાર,
ભાઈ તે વેળા તો આવી પહોંચી, તેની વિલંબ ન કીજે લગાર.

●●●

૪. મધરાતે જાગો વીરા

મધરાતે જાગો વીરા ભાઈ અમર વેળા આવી, જીકર કરો તો મુનિવર આશિષ પાઈ.
સત્ સલામત સાહેબસું રાખે, પ્રેમ ફિકર વિના જીવડો નહિ પાકે.

જાગો જાગો મુનિવર ભાઈ, આપણા સાહેબ સાથે લહેર લગાઈ.
પૂરણ પુન્ય જે સદ્દગોરસુ પાયા, તો એની કિરપાએ ગોરનર પાયા.

અહિ કુછ કરોને પિયુ પાસે માગો, કહે ગોર ઈમામશાહ તમે રૂદિયામાં જાગો,
નિત્ય નિત્ય દર્શન સાહેબનાં કીજે, ક્રિયા આચારે અમર ફળ લીજે.

હાથ કચોલાં હુરા અમીરસ ભરીયાં, ચારે સતીઓ મળીને મંગળ ગાયે,
ગાતી વાતી આવે મંદિર મહોલે, જીકર કરો તો અમરાપુર સેજ બિછાવે.

દાનને પુન્ય બહુ ફાલે ફૂલે, એ તો નહિ આવે અજંપા જાપની તોલે,
અજંપા જાપનું રતન છે મોટું, ચારે જુગના ભૂલ્યા જીવોની ભાંગશે ખોટું.

જીસ મુખે અજંપા જાપ જો ભણીયે, કરોડ હત્યા પાપ જ હણીયે,
અજંપા જાપની એવી છે વાતું, જેમ જંતરડીમાં વાગે છે તાંતું.

જેમણે ન જાણ્યા અજંપા રે જાપ, તેમને લાગ્યાં છે પૂર્વેના પાપ,
કોલ કાયમ જી રે ગુરુ બ્રહ્માએ દીધો, તો કોલ પાળી રાહે હરિરસ પીધો.

એમ કહે ગુરુ બ્રહ્મા સુણો મારા સ્વામી, અરજ કરે છે સેવક શીશ જ નામી,
તેણુ એક જુગમાં રહો તો કહું રે પોકારી, જાગો ગાફલ આવી સ્વામીની અસવારી.

લેશે અધર્મી મારી અસુરો સંહારી, ફેરવે ચક્કર નકળંક સ્વામી,
પીંડ બ્રહ્માંડ સ્વામીએ ઘડીયા છે હાથે, ઈમાન રાખો દશમા રૂપની સાથે.

ગોર કૃપાએ રૂખેસરને છત્રની છાયા, ગાફલને મન રહેશે પસ્તાવા,
ભણે ગુરુ ઈમામશાહ પ્રભુની વાણી, ચડશે નિષ્કલંક કોઈને નહિ મેલે ટાળી.

●●●

૫. મુનિવર મહાદન આવશે

ભાઈ મુનિવર મહાદન આવશે, અને હૃદયે વિચારી જોય,
મહા વખડી વેળા તે આવશે, ત્યારે થર રહેશે નહીં કોય.

ભાઈ ત્યારે દહાડો દહાડાને લોપશે, અને વેળા વેળાના જુજવા ભાવ,
ગુરુ ઈમામશાહ એમ ભાખીયા, જેમ નીર માં બુડે રે નાવ.

ભાઈ નીર વિના નાવ ડુબશે, અને પાપનાં વહેશે પૂર,
સતીઆ શોધ્યા નહિ મળે, ત્યારે સાચા જાશે દૂર.

ભાઈ હેત હેતારત તૂટશે, અને ખૂટશે દયાને ધરમ,
ધરમી ધરમીની નિંદા કરશે, ત્યારે ઉપજશે પાપ કરમ.

ભાઈ માડી રે જાયા જે બંધવા, તે માંહે માહે કરશે વેર,
બાપની સામે બેશે ગાળ બોલશે, ત્યારે પૂરણ આવ્યો કલિકાળ.

ભાઈ સત્‌પંથ લઈને અળગા થયા, અને મુખે બોલે અવર વાણ,
ભાઈ સત્‌ ન છોડો મુનિવરો, અને સત્‌ છોડે પત જાય.

ભાઈ એવી વેળા તે વેરણ આવશે, ત્યારે સાહેબ થાશે અસ્વાર,
અધર્મીને જુગમાંથી ટાળશે, દહિતનો કરશે સંહાર.

ભાઈ પૃથ્વી નક્ષત્રી કરશે, અને હોશે તે જય જયકાર,
સાહેબ દહિત કાલિંગાને છેદશે, રાજ આપ કરશે કીરતાર.

ભાઈ નવ ખંડમાં સ્વામી રાજા, અને અવર દૂજા નહિ કોઈ,
રૂખેસરને રિદ્ધ સિદ્ધ આપશે, મૂરખ હાથ ઘસંતા રે રોય.

ભાઈ સત વિના નવ પામીએ, જે ભણતા ચારે વેદ,
પસ્તાવો પડશે ગાફલને, એમ બોલ્યા સદ્‌ગુરુ વાણ.

ભણે ગુરુ ઈમામશાહ સુણો મુનિવરો, દીલ માંહે રાખજો ધીર,
સ્વામી નજરે દેખાશે, તે જાણો મુનિવર વીર.

●●●

૬. સત્ બોલો ભાઈ મુનિવરો

સત્ બોલો ભાઈ મુનિવરો, અને કાં છોડો આપણું આપ,
સદ્‌ગોરના કહ્યા કીજીએ, તો જાય પૂર્વે જન્મોનાં પાપ.

હવે છેડે બાંધીને છોડી ના નાખીએ, હવે દન રહ્યો પાછલી ઘડી ચાર,
સાંજ પડ્યા પહેલાં જઈ મળો, પછી પડશે ઘોર અંધાર.

રાત અંધારી આંખે નહિ સુઝે, અને જ્ઞાન દિપક નહિ આવે હાથ,
સદ્‌ગોરના કહ્યા જો નહિ કરે, તે જાશે દોજખ ને હાથ.

જ્ઞાન શોધીને વેદ વિચારતા, અને પંડિત પઢતા વેદ પુરાણ,
તે ડાહ્યા પંડિત ભૂલી ગયા, જેમ રાહુએ ગહયો ભાણ.

તે છાંયડો લાગ્યો પાપનો, અને હૃદયે વસીયો કરમ કાળ,
વિંછી તે મારે જેમ આંકડો, તેની આગને સહ્યું નવ જાય.

પૂરણ ભાગ્ય વિના ન પામીએ, અને સત્‌પંથ પદારથ સાર,
તેના ઈકોતેર સૌ વૈકુંઠમાં વધામણાં, તે તો કરશે સાહેબના દિદાર.

ભાઈ વેળા પહોંચીને રત પાકી, અને સવારી થઈ તૈયાર,
અહિંયા ચેતી શકો તો ચેતજો, હવે નથી અગીયારમો અવતાર.

હવે કોલ સાહેબનો પૂરો થયો, અને બોલાવી લેશે ભક્તોના ભાવ,
અનંત કરોડી દેવ આગળ હોશે, સ્વામી ઉતારે ભવ પાર.

જે સંસાર સાગર ઉધરી ગયા, તેને ઘણું કરી દેશે માન,
અહિંયા પૂરણ પુન્ય જેણે કીધાં, તે મુનિવર ને અમરાપુરનો વાસ.

ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, સવા લાખ જાપ થકી થાઓ પાક,
તે મહાન સંઘે જીવને પુછશે, પછી સતીયાં હોશે તે અમરાપર જાએ.

●●●

૭. એ ગાફલ ન સુવો તમે

એ ગાફલ ન સુવો તમે મુનિવરો, અને નિંદરમાં સૂતા અઘોર,
સત્‌ની વસ્તુ હતી તે ખોઈ રહ્યા, પછી લૂંટી જાશે માંહેલા ચોર.

ભાઈ રે ખજાના સર્વે લૂંટશે, અને ખાલી તે થાશે શહેર,
જે સત જોઈએ તે તો નહિ મળે, તેની અહીયાંથી જ કરજો પેર.

ભાઈ રે જાગોને જુઓ મુનિવરો, અને નિંદરમાં ખોયું આપ,
આપણા સાહેબ હિસાબ જ્યારે માગશે, ત્યારે કેમ કરી દેશો જવાબ.

ભાઈ રે ચિત્તમાં ચેતીને ફીકર રાખજો, મૃગ ચરી જાએ હરિઆ ખેત,
એ લાભ જાશેને ખોટ આવશે, સત્ય વિના તૂટસે હેત.

ભાઈ રે ધરમની ખેતી તો કીજીએ, તેના સઘળાં કહે છે મરમ,
સદ્‌ગુરુના વચને જો ચાલીએ, તો રહેશે આપણું ધરમ.

સદ્‌ગુરુના નામની ખેતી કીજીએ, માંહે દશાંદના બીજ બોય,
ઉપર જીકર ફિકરનાં પાણી સીંચીએ, તો સબ કુછ નિપજ હોય.

પહેલી ઉત્તમ ક્રિયા પાળીએ, જીભ્યાએ સાચું બોલીએ જેહ,
બીજી ક્રિયા નામ હરિનું લીજીએ, દુઃખ ભાંગે સઘળાં તેહ.

ત્રીજી ક્રિયા મન વશ રાખીએ, અને પૂજીએ ઘટને પાટ,
સદ્‌ગુરુના ચરણ ધોઈ પીજીએ, ચોથી ક્રિયા સત્‌પંથની વાટ.

ત્રણે જુગમાં જીવ તું ભૂલીઓ, ચોથો કળજુગ ઉતરવો પાર,
ગર્ભવાસમાં દીધી વાચા પાળજો, અથર્વવેદ પ્રમાણે સાર.

ભાઈ સબૂરી રાખો તમે સત્‌ની, અને દિલમાં રાખજો ધીર,
મહા સરોવર જળે ભર્યું, પાળ ફૂટીને વહી જાશે નીર.

ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, મોંએ કીજીએ સત્‌ની વાત.
સાહેબ શું જીકર કરી જાગીએ, જીકર કરીએ દિવસને રાત.

●●●

૮. વાત વિચારોને વીરા મારા

વાત વિચારોને વીરા મારા, તમને કહે છે કિરતાર રે,
જાંબુદ્વિપ માંહે જાહેર બેઠા, જાણો મુનિવર ભાઈ રે,
સ્વામીજીને શોધી લીજીએ નહિ તો, ફોગટ ખાશો ફેરા રે. (ટેક)

લખ રે ચોર્યાશીનો ફેરો છે મોટો, તમે સુણો મુનિવરો ભાઈ રે,
ફરતાં ફરતાં પાર ન આવે, આ છેલ્લો આવ્યો છે ફેરો રે. સ્વામીજી.

જુગોજુગમાં તમે જુઓ વિચારી, જેમ ચંદ્ર ઉગ્યો ચકોર રે,
આખર વેળા માંહે ઓળખીને લીજીએ, ને અમર ખોલો બારી રે. સ્વામીજી.

જાંબદ્વિપ માંહે તખત રચાવ્યા, પંડીત ભણતા ભૂલ્યા વાણી રે,
વેદ પુરાણ માંહે તમે જુઓ વિચારી, આવી કલિજુગની એંધાણી રે. સ્વામીજી.

વસમાં કુંવારીકાને કોલ કર્યો છે, તે દહાડો હવે આવ્યો રે,
કલિજુગ માંહે સ્વામી આપે પધાર્યા, ક્રિયા કરણી બેઉ લાવ્યા રે. સ્વામીજી.

હર દેવળમાં પ્રભુની હયાતી, તમે પથ્થર પાણી કાં પૂજો રે,
મારું તારું મેલીને ચાલો, અને વાદ ના કરશો વીરા રે. સ્વામીજી.

નવ માસ માતાએ ગર્ભવાસમાં રાખ્યો, ત્યારે કોલ કર્યો છે ખરો રે,
ધક્કો દઈને દૂર મેલાવશે, જે ખરા હશે તેને લેશે રે. સ્વામીજી.

કલિજુગ માંહે સત્‌પંથ લીજીએ, તે તો મહાદન માર ચુકવે રે,
ગુના હોય તે ગત માંહે કહેજો, તમે હાથ જોડીને રહેજો રે. સ્વામીજી.

સદ્‌ગોર સાથે સન્મુખ વાતો, તમે જાણો મુનિવર ભાઈ રે,
સાચા થઈને ચાલશો તો, વૈકુંઠમાં થાશે વધાઈ રે. સ્વામીજી.

આ રે જ્ઞાન બોલ્યા સદ્‌ગુરુ ઈમામશાહ, તમે સાંભળો રૂખેસર વીરા રે,
અહીં કુછ કરણી કમાઓ મેરે ભાઈ, તો વૈકુંઠ જાશો સવેળા રે. સ્વામીજી.

●●●

૯. સદ્ગોર ભેટ્યા કેમ જાણીએ

સદ્ગોર ભેટ્યા કેમ જાણીએ, અને એ મન પરખી જોએ,
ચંદન કેરી વાસથી, ભાઈ લીંબ સુગંધી હોય.

જીસ પવન ચંદન મસમસે, ત્યાં વસો આપણા પીઉ,
ચાલો રૂખેસર તે વન જઈએ, જ્યાં સુખ પામે આપણા જીવ.

અગર જલંનતા ગુણ કરે, અને ચંદન ઘસંતા જોએ,
અવગુણ કેડે ગુણ કરે, ગુરુ કહે હું બલિહારી તોએ.

હું બલિહારી ગોર આપણી, અને દોડે અનંત સોહાગ,
માણસ પલટીને ગુરુએ દેવ કર્યા, તેને કરતાં ન લાગી વાર.

હમ તમ બાંધી સાંઈઆ પ્રિતડી, હમ તમ બાંધ્યા બોલ,
હમ તમ આખર એક છું, સદ્ગુરુ હમસું પડદા ખોલ.

એ ભાઈ જેને રહેણી અંધારિયા, અને તેણે આ કીધા રે વિચાર,
હમ તમ પડદા તબ હુઆ, જબ ગુરુથી ભૂલ્યા ગમાર.

એ ભાઈ અહંકાર ગર્વના કીજીએ, અને ગર્વે હોએ વિનાશ,
જો આવતાં ગર્વને વારીએ, તો સદ્ગુરુ પૂરે આશ.

હમ તમ બાંધી સાંઈઆ પ્રિતડી, અને હમ તમ બાંધ્યા સ્નેહ,
ગોર નરનાં ચાંદરણાં હુઈ રહ્યા, પળ ક્ષેણુ ન પામે છેહ.

સદ્ગોર સમુદર બેડીયા, અને સત્પંથ સાહેર લહેર,
ગોરનર બેડી બેઠ ચલે, ઉપર વરસવા લાગ્યા નૂર.

સદ્ગોર નામનો પઠાંતરો, અને મુજે દેણા કુછ નહિ,
ક્રિયા દઈને સંતોષીએ, સદ્ગુરુ હોંશ રહી મન માંહી.

હોંશ ન રાખો વીરા મનમાં, અને આ ગોર પ્રગટ દેવ,
દિલ દિજીએ ખરા હેતશું, ભાઈ નિત્ય નિત્ય કીજે સેવ.

દિલ દિયા તેને સબ દિયા, રુદિયામાં જાગો મુનિવર વીર,
દિલ થકી દૂજા કયા દેવે, એમ કહે છે ઈમામશાહ ગુરુરે.

ભણે સદ્ગુરુ ઈમામશાહ સુણો મુનિવરો, ગર્વના કીજે વીરાભાઈ,
જો મનના નિર્ધારે તમે માલશો, તો જુગ ચારની ઉતરે લાઈ.

●●●

૧૦. જીવને છોડાવા સદ્‌ગોર મળીયા

ભાઈ જીવને છોડાવા સદ્‌ગોર મળીયા, સાચું બોલો મુનીવર ભાઈ,
તલ એક જાુઠું બોલશો, તો ખોશો ભવની કમાઈ,

ભાઈ લોભ સ્વાર્થ, કાળ વારીએ, અભિમાન ન આણીએ મન,
મન મારીને નિર્મળ કીજીએ, તો પામીએ સાહેબનાં દર્શન.

સત્‌પંથ સાચો રાહ છે, સાચા પરિબ્રહ્મને પીછાણ,
દીન ચાંદરણાં પ્રગટ્યાં, ને રહેણીએ ઉગ્યો છે ભાણ.

નવ ખંડમાં હલહલકાર હોશે, અને દોહેલા હોશે દન,
ચાંદો સૂરજ જયારે તપસે, ત્યારે કંપશે ત્રણે ભુવન.

ત્યારે સાહેબ કરશે સ્વામી, અને નકલંક ધરશે નામ,
સર્વે અધર્મીની કાશળ કાઢશે, ત્યારે પ્રગટ થાશે સતીયા સાર.

ભાઈ સવા લાખ વર્ષનું પરબ રચાવશે, અને નિર્મળ કરશે દેહ,
જયારે સાહેબનો હુકમ હોશે, ત્યારે નૂર વરસે મેહ.

ભાઈ ત્યાં ઝાંખા મેઘા કિન્નર આવશે, ને આવે પાંચ સાત નવ બાર,
તેત્રીશ કોટી દેવો આવશે, ત્યારે સહુને દર્શન થાય.

ભાઈ ત્યાં ઢોલ નગારાં અનંત ઓચ્છવ, સતીઓ ઘર ઘર મંગળ ગાય,
સાહેબને પૂજયાનાં ફળ પામશો, તેનું સુખ કહ્યું નવ જાય.

દેવ દુનિયાનો હોશે પઠાંતરો, અને તમે પૂજયાનાં ફળ પાય,
મુનિવરની કાયા ત્યાં અમર હોશે, સર્વે દુનિયા મરી મરી જાય.

ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, કમર બાંધી થાવ હોંશિયાર,
સો દન વખડી વેળા આવશે, તેને વિલંબ નહિ રે લગાર.

●●●

૧૧. જી રે ભાઈ કાયા છે કાચીને

કે જી રે ભાઈ કાયા છે કાચીને હૈયું છે બ્રહ્મા,

તો સાચા મને સમજીને ચાલો.

કે જી રે ભાઈ સારી ભોમકા જોઈને વાડી રે રોપાવો,

તો સ્વામીજીની વાડીનાં ફળ લેશો.

કે જી રે સ્વામીજીની વાડીનાં સદાય ફળ ફળશે,

તમે કરણી સાચી કમાવો.

કે જી રે ભાઈ કરણી કમાવો ગઢ મંદિર લેશો,

તો સેજે અમરાપુરમાં જાશો.

કે જી રે ભાઈ ગોળ મજીકાના બેઉ પડ રાતા,

એવો સ્વામીજી સાથે રંગ લગાવો.

કે જી રે પાંચ રતન શીર મસ્તક રાખો,

તો બેડા સોહો બંદર ચલાવો.

કે જી રે પાંચ કરોડીના પ્રહલાદ રાજા,

સાતે હરિચંદ્ર આવ્યા.

કે જી રે ભાઈ નવ કરોડીના રાજા યુધિષ્ઠિર,

તો બારે સદ્‌ગુરુજી આવ્યા.

કે જી રે ભાઈ અનંત કરોડીના કમળા કુંવર હોશે,

જેમણે કલ્પોના દેવો બોલાવ્યા.

કે જી રે ભાઈ જ્ઞાન અમીરસ બોલ્યા ગુરુ ઈમામશાહ,

તે સતીયા સોહી ફળ લેશો.

●●●

૧૨. સદ્‌ગોર બ્રહ્મા ન ઓળખ્યા

સદ્‌ગોર બ્રહ્માજીને ઓળખ્યા, મેં તો સુરતા શું કર્યા પ્રણામ રે,
બ્રહ્મ રસ લાગ્યો મીઠડો, મારા અંગ ઉલટ ન માય રે. સદ્‌ગોર.

જ્યોત પ્રકાશીને તેજ કર્યા, તે તો તેજમાં તેજ સમાયો રે,
અખંડ જ્યોત ત્યાં જળ હળે, નાભી કમળથી કર્યા વિસ્તાર રે. સદ્‌ગોર.

બાર કળા તો બ્રહ્માજીની કહીએ, મેં તો પ્રત્યક્ષ દીઠા છે તેજ રે,
સોળ કળા વિષ્ણુ નર કહીએ, તે જ્યોતમાં સમાય રે. સદ્‌ગોર.

પાંચ તત્ત્વની કાયા કરી, નવ ખંડમાં કીધા વિસ્તાર રે,
કલિજુગમાં તે ગોરનર આવીયા, સેવકોને દેવા દર્શન રે. સદ્‌ગોર.

ઈંગલા પિંગલા સુક્ષ્મણા, તે તો ચઢીયા ત્રિવેણી ઘાટ રે,
ત્રિવેણી સંગમમાં નાહી તે તો, દશમે પામ્યા છે દર્શન રે. સદ્‌ગોર.

સતરમી કળાના તો તેજ જ્યાં, તે તો પિંડ સ્વરૂપી કહેવાય રે,
દશમે દર્શન તે જઈ મળ્યા, તે તો પામ્યા છે અવિચલ પદ રે. સદ્‌ગોર.

કહે ઈમામશાહ સાંભળો મુનીવરો, એમ બોલ્યા છે અમૃતવાણી રે,
સદ્‌ગોર બ્રહ્માને ઓળખ્યા, મેં તો સુરતા સુ કર્યા પ્રણામ રે. સદ્‌ગોર.

●●●

૧૩. સદ્‌ગુરુ આવ્યા છે આપણે દ્વાર

સદ્‌ગુરુ આવ્યા છે આપણે દ્વાર રે, એને કેમ કરી પાય લાગીયે.
સતીએ તોડ્યો મોતીડાંનો હાર રે, મારાં મોતી વેરાણાં ચંદન ચોકમાં.
મોતી વિણતાં લાગી છે વાર રે, આપણે કેમ કરીને પાય લાગીએ.
જાજો જાજો સમુદરીયાને બેટ રે, મારા મનનાં માન્યાં મોતી લાવજો.
મોતી લાવ્યા છે લાખ બે લાખ રે, મારાં મનનાં માન્યા મોતી નમળ્યાં.
ના કર ના કર તું નુગરાનો સંગ રે, નુગરે ઝાલ્યો છે સતીનો છેડલો હોજી,
પડી પડી પટોળે ભાત રે, તે તો ફાટે પણ ફીટે નહીં હોજી,
વાળી વાળી છે હિરલાની ગાંઠ રે, તે તો તૂટે પણ છૂટે નહિ હોજી,
સૂંકાં સૂકાં ચંદન કેરાં ઝાડ રે, તે તો સૂકાં પણ હરિયાળા હુવાં હોજી,
જ્ઞાન બોલ્યા છે ઈમામશાહ ગુરુ રે, મારા મુનિવરો અમરાપર મહાલશે હોજી.

●●●

૧૪. કે જી રે ભાઈ મળો રૂખેસર

કે જી રે ભાઈ મળો રૂખેસર મેળાવો કીજીએ,
તો કીજે જીવડાની સાથ,
કે જી રે ભાઈ સ્વામીનાં દળ જો ચાલ્યાં આવે,
તો કંપશે વર્ણ અઢાર.
કે જી રે ભાઈ શેષનાગ ધરતીનો ભાર નહિ ઝીલે,
ત્યારે હોઈ રહેશે હલ હલકાર.
કે જી રે ભાઈ હરિયા ડુંગર ગઢ ઉજ્જડ હોશે,
ત્યારેભેલાશે નગર બજાર.
કે જી રે ભાઈ હળપતિ છત્રપતિ નાઠા જો ફરશે,
ત્યારે નહિ કોઈ રાજાનું રાજ.
કે જી રે ભાઈ દાટેલી લક્ષ્મી પ્રગટ હોશે,
તે જઈને ચડશે દાનવોને હાથ.
કે જી રે ભાઈ સીંચણવારાને સાંસા રે પડશે,
ત્યારે નહિ કોઈ દશોંદ દેનાર.
કે જી રે ભાઈ જાંબુદ્વિપમાં થશે નિષ્કલંકી અવતાર,
ત્યારે વર્ણ સર્વે હોસે એકાકાર.
કે જી રે ભાઈ જાંબુ રે દ્વિપમાં બૂમ જો પડશે,
તો મુનિવર થાઓને હોંશિયાર.
કે જી રે ભાઈ ત્રણે જુગના ભાંખ્યા તે પ્રગટ હોસે,
તે આજ કલિજુગમાં દશમો અવતાર.
કે જી રે ભાઈ જ્ઞાન અમીરસ બોલ્યા સદ્‌ગુરૂજી,
તો રોજ ઋષિવરના ઘેર હોય વાસા.

●●●

૧૫. જી રે ભાઈ સ્વામીને સેવતાં

કે જી રે ભાઈ સ્વામીને સેવતાં સર્વે ગુણ હોશે,
તમે અંતર આપમાં જુઓ.
કે જી રે ભાઈ પાંચે બંધના બાંધ્યા હો વીરા,
તમે મૂળ કાં ગુમાવો.
કે જી રે ભાઈ પાંચે ચોર જેમણે વશ કરી રાખ્યા,
તે સહી અમરાપુર પહોંચ્યા.
કે જી રે ભાઈ લોભે લાગ્યા તે તો સર્વે ગુણ ભૂલ્યા,
તમે એણી વાટે કોઈ ના જાશો.
કે જી રે ભાઈ બેડી વિના જીવડા ડૂબી મરશે,
તમે ભર નિદ્રામાં જ સૂતા.
કે જી રે ભાઈ સાચી સુકરીત સંભાળ તારી,
તમે વણ દીધે ક્યાંથી તરશો.
કે જી રે ભાઈ જ્ઞાન અમીરસ બોલ્યા ગુરુ ઈમામ શાહ,
તમે જુઓ જુઓ જ્ઞાન વિચારી.

●●●

૧૬. સંસાર સાગર તમે ભૂલી ન જાશો

સંસાર સાગર તમે ભૂલી ન જાશો, ઘટ રે તીરથમાં કેમ નાહશો,
હૃદયમાં મેલાને પિંડ પખાળો, તો કઈ પેરે ચોખ્ખા તમે થાશો,
પ્રિતડી રે ઉત્તમ શું કીજે, ઉત્તમ તે કરણી કમાવો,
આઠ પહોર દિન રાતમાં, સ્વામીજી સ્વામીજી આરાધો,
આવા ઉદક ઉછાળોને પાતક પૂજે, તો કેવી કરણીએ તમે ધાઓ,
સજીવકો ચૂંટીને નિર્જીવકો ચડાવે, તે તો નિશ્ચે દોજખે જાઓ,
જોગી તે ગોરખનાથને ધાએ, ને બ્રાહ્મણ શીવને આરાધે,
સેંવતા પારસનાથને ધાએ, તે ત્રણે ભૂલા મારગ જાએ.
ટીલાં જો તાણે ને ભભૂત ચોળે, તે પાખંડ પૃથ્વીને ખાએ,
ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, આવી દુનિયાને ભૂલી જાઓ.
પ્રિતડી રે ઉત્તમ પુરુષ શું કીજીએ, તમે ઉત્તમ તે કરણી કમાઓ,
હો જી રે વીરાભાઈ, ઉત્તમ કરણી કમાવો.

●●●

૧૭. સ્વર્ગ ભુવનથી ઉતર્યા ગાવલડી

સ્વર્ગ ભુવનથી ઉતર્યા ગાવલડી, કનડી તે વનમાં જઇ ચરે જી,
ચારો ચરંતા ને વનમાં ફરતાં, તે વાઘવીરાને નજરે ચડીયાં જી,
વાઘ વીરા વાઘ વીરા હમણાં ન ખાશો, તો ઘેર વાછરડાં ટળવળે જી,
ગુરુ કેરા વચને સાહેબ કેરા શબ્દે, અમે વચનના બાંધેલ પાછાં આવશું જી,
ત્યાંથી ગાવલડી ચાલી નિસર્યા, તે આંગણાં વચ્ચે આવી ઉભાં રહ્યાં જી,
લ્યો લ્યો વાછરડાં દૂધ પીવો મારાં, તે આજ પીવોને કાલે દોહેલાં જી,
ઘેલી માતાજી બોલ ઘેલા શું બોલ, એ કળપેલાં દૂધ અમે નહિ પીએ જી,
આગળ વાછરડાં કેડે ગાવલડી, તો વાઘ મામાને વધામણાં જી,
લ્યો લ્યો મામા રે પહેલો ભરખ અમારો, પછી તમારી બેનનો જી,
કહો રે ભાણેજાં તમને કોણે રે પરબોધ્યા, કીઆ ગુરુએ કાંકણ બાંધીઆ જી,
ગુરુ રે ઈમામ શાહે વાચા જો દીધી, સદ્ગુરુજીએ કાંકણ બાંધીઆ જી,
રહોને ભાણેજાં મોસાળાં કરીએ, સોનલા શીંગડીએ ને રૂપલાની ખરીએ જી,
જળ પીઓ ઝરણેને ખડ ખાઓ હરખે, કનડી તે વનમાં જઈ ચરો જી,
આરે જ્ઞાન બોલ્યા ઈંદ્ર ઈમામશાહ, ગુરુ બોલ્યા છે અમૃતવાણી.

●●●

૧૮. મુનિવરો ખેડો શ્રી હરિ નામની ખેતી

મુનિવરો ખેડો શ્રી હરિ નામની ખેતી, જેમાં થાશે ઘણો લાભ જી,
મન પવનના બે બળદીયા, માંય સૂરતાની રાસ લગાવજી. મુનિવરો,
પૂન્યનો પરોણો હાથે ધરો, અક્કલ આર લગાવજી,
પાપની કાસળ કાઢજોજી, તેને કાઢીને બહાર નાખજો. મુનિવરો,
ઓહંમ આખર જ્યોત જો જો, સોહંમ સૂરતા લગાવજી,
કરમની કાસળ કાઢજોજી, ખેતી ચોખી તો થાય જી. મુનિવરો,
મૂળ મંત્રના બીજ વાવીએ, ખેતી લૂંબે ઝૂંબે જોયજી,
સત્‌નો માલવો બનાવજોજી, ધર્મની પેડી લગાવજી. મુનિવરો,
માંય જ્ઞાનનો ગોળો લગાવજોજી, સૂડા ઉડી ઉડી જાયજી,
દયાની દાવળ રાખજોજી, માળા ફેરવો દિન રાત જી. મુનિવરો,
કહેત ઈમામશાહ સાંભળો મુનિવરો, આવાગમન મટી જાય જી મુનિવરો,

●●●

૧૯. પ્રથમ ગોર નરને સેવીએ

પ્રથમ ગોર નરને સેવીએ, જેથી પાપ જ હોવે દૂર,
લખચોયાર્સી ફેરો તો ટળે, જો ભેટે સદ્‌ગોર બ્રહ્મા.

ભાઈ એ સદ્‌ગોર બ્રહ્મા જ્યારે ઉપન્યા, ત્યારે હતો નિલ ધંધૂકાર,
આ પ્રજાને પહેલી પેદા કરી, ગોર બ્રહ્માજીનો અવતાર.

ભાઈ અંશ બ્રહ્માજીનો સેવીએ, ને વિલંબ ન કીજે લગાર,
આ સિત્તેર સહસ્ત્ર, હરિઅંશ, કુળ કાયમજીનો પરિવાર.

સદ્‌ગુરુ હરિઅંશે જુગો જુગ આવીયા, ને અકળ કળ્યા નવ જાય,
તો સદ્‌ગુરુના સ્થાનક છે જાબુંદ્વિપમાં, સદ્‌ગુરુ બેઠા છે રૂપને છુપાઇ.

તે સદ્‌ગુરુનું રૂપ પિછાણો મુનિવરો, ને કેમ કરો છો વાર,
પશ્ચિમ દેશથી સ્વામી રાજા આવશે, આજ કલિમાં દશમો અવતાર.

ભાઈ ચેતણહારા હો તો ચેતજો, અને દેખતામાં દન જાય,
સદ્‌ગોર બ્રહ્માજીએ ભાખ્યું, તે ઘેર ઘેર પહોંચી જાય.

ભાઈ જે સત્‌પંથ લીધો ભાવશું, ગુરુ પર ઈમાન જ લાયે,
પણ જેના કર્મમાં દોજખ લખ્યાં, તે કેમ કરી વૈકુંઠમાં જાયે.

ભાઈ આ જુગમાં જેટલા માનવી, અને તેટલા વેરી થાય,
પણ જેના કર્મમાં વૈકુંઠ લખ્યા, ભાઈ તે કેમ કરી દોજખ જાય.

ભાઇ નિશ દિન જપીએ સાચશું, દિલમાં રાખજો સ્વામીની આશ,
ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, જાઓ હરદમ સાહેબ પાસ.

●●●

૨૦. દુનિયા સરજીને સ્વામીએ

દુનિયા સર્જીને સ્વામીએ અન્ન નિપજાવ્યા, ત્યારે પવન પાણી પેદા કીધા, જી રે હંસા.
એ પવન પાણી માંહે મેદની સરજી, ત્યારે સર્વે સંજોગો લઈને આવ્યા પુરે હંસા.

જેમને સજર્યા તેનાં નામ ન જાણ્યાં, તો નામ વિના તે જીવડો ભૂલ્યો, જી રે હંસા.
ક્ષેણુ માંહે સ્વામી મારો ખેલ રચાવશે, ત્યારે દુનિયામાં હોશે ધુમાચાળો, જી રે હંસા.

સાત નેજા રે સૂરજ હેઠા ઉતરશે, ત્યારે સહસ્ત્ર કળા લઈ સૂરજ તપશે, જી રે હંસા.
તાંબા વરણી જ્યારે ધરતી હોશે, ત્યારે સૂરજ બાળીને ખાખ જ કરશે, જી રે હંસા.

માથાના ભેચા જીવતા રે કાને નીકળશે, ત્યારે માતા નહિ કહે પુત્ર મારો, જી રે હંસા.
લીંબુ જેવડા આંસુ તારાં લોહીનાં ઝરશે, ત્યારે બેની નહિ કહે બાંધવ મારો, જી રે હંસા.

તપતે થંભે સ્વામીજી ભેટાડશે, ત્યારે પોક પાડીને જીવડો રોશે, જી રે હંસા.
પાપને ધરમ બેઉ ત્રાજવે તોળાશે, ત્યાં તલ તલનાં લેખાં સાહેબ લેશે, જી રે હંસા.

અધ લાખ વર્ષનો જ્યારે એક દન હોશે, એવા સાડા ત્રણ દિવસ લગી સજા ભોગવશો, જી રે હંસા.
એવી દોયલી વેળા તે આખી દુનિયાને હોશે, ત્યારે રહેશે ક્રિયાવંતો કોઈ, જી રે હંસા.

દોયલી વેળામાં સદ્‌ગોર હાજર હોશે, ત્યારે મેઘા ચમર છત્ર ઢાળશે, જી રે હંસા.
સકળ સંઘ તે પૂછે જીવડાના, ગોરજી તો ગઢને અમરાપુર છે કેવાં, જી રે હંસા.

સોનાની વળીઓને રૂપાની ઈંટો, તો કેશર કસ્તુરીનો ગારો, જી રે હંસા.
હીરલા જડીત માંહે હિડોળા બંધાવશે, ત્યારે એ હિંડોળે સાહેબ હિંચશે, જી રે હંસા.

એવા મંદિર આપણા સ્વામીજીએ સજર્યા, તેમાં રહેશે ક્રિયાવંતા કોઈ, જી રે હંસા.
જ્ઞાન બોલ્યા ગુરુ ઈમામશાહ, સ્વામી જેમ રાખો તેમ જ રહીએ, જી રે હંસા.

●●●

૨૧. સત્‌પંથ સાચો કરી સેવીએ

સત્‌પંથ સાચો કરી સેવીએ, અને સાચા મુનિવર સોય,
જે કોઈ દુનિયાને રંગે રાચીયા, તે તો પૂરણ પાપી હોય.

ભાઈ પેટ ધંધો સર્વે જુગ કરે, જીવની ખબર ન લેવે કોય,
ભાઈ જીવડાની ચિંતા જે કરે, તે તો પૂર્ણ સોહાગી હોય.

પૂર્ણ સોહાગી સો કહીએ, જેને હરિને ઓળખ્યા જોય,
હરિના જુગતે તે જીવ જાગીઆ, તેને જાતાં સોહેલી વાટ હોય.

સત્ જોઈએ તે તો નહિ મળે, અને છેવટના દેખ્યું કોય,
પાવૈયાને બાળક પ્રસવે, તો બેઈમાની અમર હોય.

સદ્‌ગોર બ્રહ્માને જાણ્યા નહિ, દેરાં દેવળ પૂજે ગમાર,
તેણે કમાઈ ખોઈ જુગ ચારની, તેનો ધીક પડ્યો અવતાર.

સ્વામી મારો પૂનમ કેરો ચાંદ છે. ક્ષેણુ ક્ષેણુએ પ્રગટ હોય,
સ્વામીની કળા અનંત છે, સ્વામીની અક્કલ ન બુઝે કોઈ.

ભાઈ રે સદ્‌ગોર બ્રહ્માને જાણ્યા નહિ, તેને ન જાણ્યા વેદને પુરાણ,
જાહેર વેદને ભણાવશે, ત્યારે કાયર નાઠા જાય.

ધર્મના ધોરી હશે તે ધર ઝીલશે, તે પામશે મૂલ અમૂલ,
સદ્‌ગોરના વચન જેણે શીર ધર્યા, તે તો સ્વર્ગ પામ્યા ભરપૂર.

સદ્‌ગોર બ્રહ્માજી જ્ઞાન બોલીયા, રૂખેસરો નિંદ્રા કેમ પાઓ,
વખડી વેળા રે આવી પહોંચી, મુનિવર અરજ કરો તો દર્શન પાઓ.

●●●

૨૨. ભાઈ મીઠાં બોલોને નમી ચાલો

ભાઈ મીઠાં બોલો ને નમી ચાલો, મીઠા બોલે બહુ સુખ થાય,
ભાઈ હંસા થઈને ચાલીએ, તો વીરાભાઈ મોતીનો ચારો ચરાય.

ભાઈ બગ હંસાનો પટંતરો, બેઉ દિશે તે એક જ રંગ,
બગ ચરે મન માનીઆ, અને હંસા ચરે રતન.

ભાઈ કાચ રતનનો પટાંતરો, તેને કસતાં તે પાઈએ ભાત,
કાચ કમાઈને વિષ ભરી, ને રતને અજવાળી રાત.

ભાઈ સાચી કસોટી આપણા સાહેબ શું, અને કાચ ના ટકીયા રે કોઈ,
એરણ ઘણ વચ્ચે ઘા સહે, ગોર કહે સાચા હીરલા સોહી.

ભાઈ હીરા પારખીએ એરણ ઘણ શું, અને રતને ચંદ્રમાનું તેજ,
મુનિવર પારખીએ ઈમાન શું, વીરાભાઈ સાચી કરણી અમર હોય.

ભાઈ સોના રૂપામાં સોનું સાચ છે, દીજે અગન કેરી કસ,
બાજ રસાયણ સોનુ ગાળીયે, તો બંદા કેમ કરી હોવે રસ.

ભાઈ સહસ્ત્ર પચાસા જીવને ભોગવ્યા, અને પામ્યો તે મનખા દેહ,
પણ સદ્‌ગુરુજીને ન ઓળખ્યા, તેને દિવાળીએ રૂઠ્યા મેહ.

ભાઈ તે પૂર્વેનો જન્મારો એળે ગયો, ડૂબ્યો તે દરિયાની માંય,
તે ચારે જુગનો જીવ તું ચોર છે, જીવ તારી કોઈએ ન પકડી બાંય.

ભાઈ સીમળ ફૂલમાં શું મોહી રહ્યો, અને એવો આરે સંસાર,
આવતાં તું આવ્યો પ્રાણી હરખમાં, પછી જાતાં રે નહિ લાગે વાર,

ભાઈ ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, રૂદીયામાં રાખો ખરો વિશ્વાસ,
સ્વામીના તોરણેથી પાછા ફરશો, જઈ પડશો ચોર્યાસીની માંય.

●●●

૨૩. પહેલી ઉત્પન્ન રચના સ્વામીએ

પહેલી ઉત્પન્ન રચના સ્વામીએ પેદા કીંધી, ત્યારે મેરૂ શું જડીયા થંભ હો,
સાત સાહેર સ્વામીએ પેદા કીધા, ત્યાં જડીઆ ત્રણે ભુવન.
તમે જાગો ભાઈ જીવડા રે જાગજો, જાગી જપજો સ્વામીજીના નામ હો.

ધરતીના જડ રે બાંધતાં પાંચ જુગ ગયા, ત્યારે ગયા તે નિલ ધંધુકાર હો,
ચાર ખાણી સ્વામીએ પેદા કીધી, તેને કરતાં ન લાગી વાર હો. તમે જાગો.

પહેલી સ્વેદજ ખાણી સ્વામીએ પેદા કીધાં, તેમાં સરજ્યા બારે મેઘ હો,
ચાંદો ને સૂરજ સ્વામીએ પેદા કીધી, તેમાં નવલખ તારાનું તેજ હો. તમે જાગો.

બીજી ઈંડ જ ખાણીમાં જીવને સરજ્યો, તેને ના જાણ્યા સ્વામીજીના નામ હો,
નવ કુળ જાત નાગની, તેને હિંડોડે હૈડાં ભેરે હો. તમે જાગો.

ત્રીજી ઉદ્‌બીજ ખાણીમાં જીવતું સરજ્યો, તેને રાખ્યો છે વસમે ઠામ હો,
ઉંધે રે મસ્તક પ્રાણીને રોપીઓ, ઉપર જમે છે તડકાને મેઘ. તમે જાગો.

ચોથી જરાજ ખાણીમાં જીવ તને સરજ્યો, લઇ રાખ્યો ઉંધે ગરદન વાસ,
મળ રે મૂતરની મોઢે નદીઓ વહે, પ્રાણ ના પામે શ્વાસ ઉશ્વાસ. તમે જાગો.

કલ્પોમાં ઝાંખા તારીયા, જેને લીધા સ્વામીજીનાં નામ,
લખ ચોર્યાશીના ફેરા છોડાવીઆ, તેને આલ્યો અમરાપુરમાં વાસ. તમે જાગો.

પહેલી વૈકુંઠ અમરાપુરી પેદા કરી, પછી નિપજાવ્યા દેવ હો,
દૈત્ય શંખાસુર હરિએ મારીઓ, વાળ્યા કાંઈ બ્રહ્માજીના વેદ. તમે જાગો.

પહેલા કર્તાયુગમાં નરસિંહ ભલે અવતર્યા, ત્યારે મુક્ત હુવા પ્રહલાદ.
દૈત્ય હરણાકંશને હરિએ માર્યો, કરોડી પાંચ શું તાર્યા પ્રહલાદ. તમે જાગો.

બીજા ત્રેતા યુગનાં શ્રીરામ ભલે અવતર્યા, હનુમંત જતી આગેવાન,
દૈત્ય રાવણને હરિએ માર્યો, કરોડી સાતે શું તાર્યા હરિશ્ચંદ્રરાય. તમે જાગો.

ત્રીજા દ્વાપર યુગમાં શ્રી કાન ભલે અવતર્યા, જેને ગોકળમાં ચારી નવ લાખ ગાય,
દૈત્ય કંસાસુર હરિએ માર્યો, કરોડી નવ શું તાર્યા પાંડવરાય. તમે જાગો.

ચોથા કલિયુગમાં શ્રી નિષ્કલંકી ભલે અવતરો, મારા રૂખેશરોને કરાવશે રાજ,
જ્ઞાન બોલ્યા રે ગુરુ ઈમામશાહ, મારા રૂખેશરોને કરાવજે રાજ. તમે જાગો.

પાપ શરીરના રે ઝરી પડે, તમને હોશે અમરાપુરીનો વાસ,
તમે જાગો ભાઈ જીવડા જાગજો, જાગીને લ્યો સ્વમીજીના નામ. તમે જાગો.

●●●

૨૪. સત્પંથ સાચો કરી જાણીએ

સત્પંથ સાચો કરી જાણીએ, અને થર રાખોને ઈમાન
ભાઇ વેળા સો વેળા અમૂલ છે, તમે હેતે દેજો દાન.

દાન દઈ આશીર્વાદ લીજીએ, ભાઈ ભક્તિ કીજે વીરાભાઈ,
જો મનમાં સમજીને ચાલીએ, ફળશે પૂર્વ જન્મની કમાઈ.

પૂર્ણ કમાઇ વિના કેમ પામીએ, અમરાપુર જવાના ભેદ,
જો સાચા કરીને પ્રમાણીએ, ઉપર આણીએ અર્થવવેદ.

ભાઇ અર્થવવેદના વાયક ઓચરો, દુરિજનથી રહેજો દૂર,
પ્રીત કીજે પરિબ્રહ્મ શું, તમે નિત નિત પીવો નૂર.

નૂર પીને મનમાં સમજીએ, ને જીકરે લઇએ જેહ,
સાચા સદગુરુને પીછાણી લીજીએ, સહેજે પાઇએ અમરાપુર.

ભાઇ અમર દેહને કીજીએ, તો હેતે વરસે મેહ,
વેદ પુરાણમાં એમ ભાંખીયું, હવે જુગ નો આવ્યો છેહ.

ભાઈ છેહ આવ્યો કેમ જાણીએ, ને ભાગલા પડીયા ત્રણ,
જે ઈમાની હશે તે વૈકુંઠમાં આવશે ને દોજખમાં દુરીજન.

એ દુરીજનથી તમે દૂર રહેજો, તે દુરીજન દેશે ઘાત,
ભાઇ સત્‌ને માર્ગે ચાલીએ, ને સદ્‌ગોરને લેજો સાથ.

તે સાથે લઇને વાદ ન કીજીએ, વેળાએ પહોંચીએ ઘેર,
જો સત્‌ની સંભાળ રાખીએ, તો શુદ્ધ હોવે શરીર.

ભણે ગુરુ ઈમામશાહ સાંભળો મુનિવરો, અને એ છે અચંબે વાત,
દુરીજન હશે તે દોજખ જાશે, તે તો સાંભળો સર્વે સાથ.

●●●

૨૫. સત્પંથ ધર્મ સો કહીએ

સત્‌પંથ ધર્મ સો કહીએ, જેને ઓળખ્યા સદ્‌ગોર નૂર રે,
પરિબ્રહ્મ વિષ્ણુને ઓળખ્યા, તે તો અમર હુવા તતખેવ રે.

જયોત સ્વરૂપે જાણીએ, આજ બુંદ પિંડ કહેવાય રે,
નિરાકાર રૂપે તો પોતે છે, તે તો અકળ કહાવ્યા નવ જાય રે. સત્‌પંથ.

ઝવેરી હોય તે પારખે, અને હીરા ચૌટા બજાર રે,
મુનિવર હોય તે પારખે, ધ્યાનની સુરતા લગાઈ રે. સત્‌પંથ.

કાચી કાયાને કાચી પિંડ, નવે ખંડમાં કીધો પ્રકાશ રે,
પાંચ તત્ત્વનું પૂતળું, તો પોલ માંહે પવન સમાય રે. સત્‌પંથ.

નાભી કમળથી દમ ઉપજે, શ્વાસ ઉશ્વાસ હોય રે,
દમે દમે હરિને જપીએ, તો અમર હોય સોય રે. સત્‌પંથ.

ત્રિવેણી ત્રિપુટીમાં નાહીએ, અને પૂર્ણ સંગમ હોય રે,
ચાંદો સૂરજ બે દીપ કહીએ, તો જયોતમાં જયોત સમાય રે. સત્‌પંથ.

સુરતા લગાવીનો ચઢીએ, અને પૂર્ણ સદ્‌ગુરુ કે સાથ રે,
અજંપા જાપને જપીએ તો, પ્રાછત સઘળાં જાય રે. સત્‌પંથ.

પાત્ર હોય તે દર્શન પામે, તે અમર વસ્તુ સોય રે,
અમર પદમી તો મળે, ભાઈ પૂર્ણ સોહાગણ હોય રે. સત્‌પંથ.

કહેત ઈમામશાહ સુણો મુનિવરો, તમે સાચું જાણો નિર્ધાર રે,
શાસ્ત્રોમાં એમ ભાંખીયા, આગળ નથી અગીયારમો અવતાર રે. સત્‌પંથ.

●●●

૨૬. ધર્મ મૂરત એક બ્રહ્મ પિછાણો

ધર્મ મૂરત એક બ્રહ્મ પિછાણો તો, સદ્‌ગુરુ વિના જીવ ના છૂટે,
સર્વે જીવો આપણા સ્વામીજીના સર્જ્યા, તેમાં દેખીને તમે ભૂલ્યા,
લાલચ લોભના રસ અતી મીઠડા, ભાઈ બહુ રસ મીઠા,
તો જીવડા આપણી સુદ્ય ના જાણે.
જેમણે સર્જાવ્યા તેમનાં નામ ના જાણ્યાં, ભાઈ ઠામ ના જાણ્યાં,
તો હું તું કરીને જીવતું થાક્યો.
કહો ભાઈ જીવ તમે ક્યાં થકી આવ્યા, તો કહોને કોને ઘેર જાશો.
ઈસ રે વાતું ના ભેદના જાણ્યા, ભાઈ મૂળ ના જાણ્યા,
તો મારું તારું કરી જીવડા ભૂલીયા.
પાંત્રીસ, પચીશ, સોળા ભાઈ બેઠા, તો લાખ ચોર્યાશીના ભૂલ્યા.
કોલ કાયમજીના જુગો જુગ લાવ્યા, ભાઈ વારો વાર આવ્યા,
પણ તમે એકે કોલ ન પાળ્યા.
કોલ કાયમજીના સાચા કરી જાણ્યા, જેમણે ગર્ભની વાચા સંભાળી,
કોલ સાચા સદ્‌ગોરની વાચા, તો દ્રઢ વિશ્વાસે પ્રમાણો,
જ્ઞાન અમીરસ બોલ્યા ગુરુ બ્રહ્મા, તમે જુઓ જુઓ જ્ઞાન વિચારી.

●●●

૨૭. ત્રિવેણી સંગમમાં ઝુલના

ત્રિવેણી સંગમમાં ઝુલના, તેમ તેમ પાકે શરીર,
નેમ લઈને વ્રત આચર્યા, તારા મનને રાખો સ્થિર. ત્રિવેણી.

ધર્મ સુ ધુદલ કાહે કરો, તમે કેમ ઉતરશો પાર,
જોઈ વિચારીને ચાલજો, ભાઈ જીભ્યાએ સાચું બોલ. ત્રિવેણી.

કાયાનું સુખ તમે જાણશો, તો સહેશો નર્કનો માર,
સદ્‌ગુરુ લેખાં માગશે, કલિજુગમાં દશમો અવતાર. ત્રિવેણી.

કાંસુ ને ત્રાંબુ ભેળશો, તો તેની મહોર ન થાય,
ચવક ચવ્હા ટાળવા પડશે, ત્યારે સાચી કરણી કમાવ. ત્રિવેણી.

મારા પ્રભુજીની ટંકશાળ નીપજે, તે ખોટી કહી ન કહેવાય,
સદ્‌ગુરુની પરખ આવશે, ત્યારે વેદ પુરાવશે સાખ. ત્રિવેણી.

ત્યાં તોલીને તપાવશે, ત્યારે સોનું દીસે સુલાવ,
ખરા ખરી પ્રભુ જોખશે, તે આલશે અમરાપુરમાં વાસ. ત્રિવેણી.

ત્રણ જુગના નિંદ્રાવાળા, કલિજુગ આખર નિધાન,
લોભ સ્વારથે વિનાસશે, વિનશે તે નરને નાર. ત્રિવેણી.

કહેત ઈમામશાહ આગમ ભાખીયા, સાચું એ બ્રહ્મ જ્ઞાન,
જોઈ વિચારીને ચાલજો, ભાઈ મુખેથી સાચું બોલ. ત્રિવેણી.

૨૮. તારો અવસર જાય છે

તારો અવસર જાય છે અભાગીયા,
તું તો ચેત્યો નહિ મૂરખ ગમાર, વખત વહી જાય છે.

ધન- ધન નથી રે તારા દીકરા,
વારે નહિ આવે કુટુંબને પરિવાર. વખત...

તું તો કોલ કરીને જુગમાં અવતર્યો,
તે તો શું કીધા પરમાર્થના કામ. વખત...

તું તો અવધ કરીને જગમાં અવતર્યો,
મિથ્યા જનેતાને મારી નવ નવ માસ. વખત...

સત્‌પંથ સાચો એ તને ગમે નહિ,
એ છે નરકે જવાનાં એંધાણ. વખત...

પૂન થાય નહિ એ ફળ બહુ ભોગવવાં,
જમડા દેશે મદ ઘણનો માર. વખત...

તારો અવતાર જાય પશુની પેરમાં,
નકઢા હજુએ ન આવી તુજને લાજ. વખત...

સત્‌ગોર બ્રહ્માજી ઈ રે વાણી બોલીયા,
ગુરુજી બોલ્યા છે આગમનના બોલ. વખત...

●●●

૨૯. દિલ તુ ક્યા દેખત હૈ દૂર

દિલ તું ક્યા દેખતે હૈ દૂર, હૃદયમાં ધણી છે હાજરા હજૂર,
લિખા લેખ સો નહીં મિટને કા, ક્યા મરતા ઝૂર ઝૂર,
ખબર વિના નર કૈક ખપ ગયે, માયામાં ભરપુર. દિલ તું.

ગુરુ વિના જ્ઞાન કથે બહુ તેરા, ભેદ ન સમજે અબૂજ,
તુહીં તુહીં તો સ્વામી બોલે, ભીતર હૈ ભરપૂર. દિલ તું.

નાભી કમળસે નેહ લગાવો, સૂરત નૂરત મજબૂત,
શ્વાસ ઉશ્વાસે શબ્દકુ પકડો, મિંટે જનમકી ભૂલ. દિલ તું.

પ્રેમ ભાવસે પીવો પ્યાલા, કેફ ચઢે ચકચૂર,
ઉલટા સુલટા જઈ આસમાના, સૂનમે ઉગા સૂર. દિલ તું.

અનહદ વાજાં ભીતર બાજે, નિર્મળ વરસે નૂર,
ચન્દ્ર સે જયોત કરે ચમકારા, અનહદ વરસે નૂર. દિલ તું.

આરે જગતમાં ખૂલી કલીયા, કઈક હજારા ભરપૂર,
માયા કે માંય ન્યારો કે ન્યારોં, જળમાં કમળકા ફૂલ. દિલ તું.

કહેત ઈમામશાહ પ્રભુને ભજી લ્યો, દીધેલ વચન કરોને કબૂલ.
જબ લાલન કી લાલી પાવે, એ વસ્તુ છે અમૂલ. દિલ તું.

●●●

૩૦. બ્રહ્માના બાળક તમે

બ્રહ્માના બાળક તમે બ્રહ્મ પિછાનો, તો વેદ વિના અર્થ ન સૂઝે,
હેત ધરી એક ઇંડ ઉપાયા, ચૌદ ભૂવનકા મહેલ જો કીયા.

જીવને કારણ એક રતન પાયા, અને કાયાથી અર્થ ન સીજે,
તીસ પહેલાં એક જ્યોત જો હોતી, તીસ આગળ ચંદ્ર સૂર્ય નહિ હોતા.

તીસથી પહેલાં સત્પંથ નિપાયા, આપ શરીર સદ્ગુરુએ કીયા,
સત્ દેખો સત્ માંહે સમાવે, છત્રીસ લાખ કરણ અવિચળ હોતા.

સોહી ગુરુ તમે હ્રદયે પિછાણો, તીસથી અગમ નિગમ સૂઝે,
સોહી નૂર તમે કલિ માંહે જાણો, વણજ કારણ નામ ભણાયા,

સોહ નૂર સ્વામીને નજરે જો રાખો, એક તીલ મીટ ના ટાળો,
કડવી વેલી માંહે અમૃત સીંચ્યા, સો કેમ હોયેંગી મીઠી રે.

ગઇ ગુજરી જે નર કરે, વિના પ્રચિતે ફાંફાં મારે,
દૂસરેકા સોના ચોરને જાયે, ખાક લેકર ઘરકી આવે.

સમી ભોગી કીટ પતંગ જ હોવે, જાકે અગનમાં જંપલાવે,
સિદ્ધ સમાધિ જે નર લેવે, આત્મઘાતકી તીસો કહીએ.

ફોગટ કારણ અપના જીવડા જો ખોવે, કહાંથી સતી સોહાગણ હોવે,
એવા અસત્ કરતા જન્મ જો ખોવે, પરિબ્રહ્મકી ખબર ના પાવે.

ગંગામાં જાવે ત્રિવેણીમાં ન્હાવે, સો ભી કીસીકુ ના પાવે,
પાનીમાં ધોતા મોક્ષ જો હોવે, તો મછલી કાહે ના પાવે.

ગંગા કે માંહે મછલી જો રહેતી, સો ભી ગંધ ગંધાવે રે,
જીભને સ્વાદે ગલ જો લાગે, ભરી હાટામાં વેચાવે.

જગની માયામાં ડુબી જન્મ જો ખોવે, તો મોક્ષ મુગત ના પાવે,
કહેત ઇમાશાહ સાંભળો મુનિવરો, બ્રહ્માજી કો લાગો પાયે.

●●●

૩૧. હેતે મળોને સતે ચાલજો

ભાઈ હેતે મળોને સતે ચાલજો, જૂઠ કરો સર્વે દૂર,
ભાઈ સત્‌પંથ સેવ્યા તો બળે, જો નિર્મળ થઈ પીજે નૂર.

ભાઈ નૂર પીને નામ લીજીએ, અને મન લરજીને ઉજળા થાઓ,
ભાઈ લોભ, સ્વાર્થ, કાળને વારીયે, તો સહી અમરાપુરી જાય.

ભાઈ કામ ક્રોધે શહેર લૂટ્યું, તેને લૂટ્યા સર્વે ભંડાર,
હીરા રતન ઝવેર લૂંટિયા, તેને લૂંટી વસ્તુ અપાર.

ભાઈ મૂરખ હૃદયમાં ન જાગીઓ, તેને ખોઈ વસ્તુ અપાર,
જ્યારે આખર દહાડો આવશે, કેમ કરી દેશો જવાબ.

ભાઈ તેને ચોર કરીને બાંધશે, અને દેશે ઘણનો માર,
હૈડામાંથી અગ્નિ પ્રજવળે, ત્યારે જીવડો કરશે પોકાર.

ભાઈ સતી હોય તેને અણસતી કહાવે, તેના ફેરાવણ જેવા મૂલ,
જે ઈમાન વિના ઉખડી ગયા, તેના મોઢે પડશે દોજખની ધૂલ.

ભાઈ સત્‌પંથ લઈને ઉતરી ગયા, તે પાકી હાંડી તોલ,
ટકોરા દેતાં ટૂકડા થયા, તેને જમીન અસમાન ના સંગરે કોઈ.

ભાઈ સત્‌પંથ લઈને અલગા રહ્યા, તેને લાગ્યો નીલનો પાસ,
ભાઈ વસ્તુ હતી તે લૂંટાઈ ગઈ, પછી ખાલી રહ્યા છે હાટ.

ભાઈ કર્મે કર્મે કાળા તે સદાયે કાળા, મુનિવર જ્ઞાન વિચારી જુઓ,
ભાઈ દૂધે ધોયેલા કોયલા, તે કદી ના ઉજળા હોય.

કહેત ઈમામશાહ સુનો મુનિવરો, અને રાખો આપણું આપ,
ખોટા કરમ તમે કરશો, તો તમને ખાશે વિંછી ને સાપ.

●●●

૩૨. શુદ્ધ બુધ્ધે રહો હો મુનિવરો

શુદ્ધ બુધ્ધે રહો હો મુનિવરો તો, દિલથી મેલ જ થાયે દૂર,
હ્રદયથી જો મેલ દૂર થાયે, તો સ્વામીજી હોવે હજુર.

સ્વામીએ દયા સારું તને સરજીયો, કાયે ભૂલો વારંવાર,
મનુષ્ય દેહી ફરી નહીં મળે, તમે ચેતીને ચાલો ગમાર.

ભાઇ જેના દિલમાં દયા નહીં, તેના દિલમાં નાખો ધૂળ,
તે તો ફૂટી હાંડી તોલ છે, તેનું કોડી ન આવે મૂલ.

જેના હ્રદયમાં ક્ષમા આવશે, તેને જાણે અરીસા પ્રમાણ,
અરીસામાં જેમ પ્રકાશ છે, સ્વામી ભીતર તુજમાં જાણ.

આવો દુર્લભ મનુષ્ય તન આપીયો, તો બે ઇમાન કાં થાવો ભાઇ,
અગ્નિએ જલે જેમ સતી સ્ત્રી, પતિ સાથે કાષ્ટે સિંચાઈ.

પુરુષ થઇ શું સ્ત્રીથી એ ગયો, ભાઈ વિચારો મનની માંહે,
પતંગ સરીખો એક જીવડો, તે પ્રેમે બાળે પોતાની કાયે.

દીપકે પતંગ ઉતાવળો, જોતાં જઇ ઝંપલાવે કાય,
મનુષ્ય થઈ તું ના ચેતીયો, તારો મનખો એળે રે જાય.

આ જીવને ક્યાં લગી સંતાડશો, છેવટે મરવાનું છે જાણ,
સંસાર સુખ એક પલ છે, એ આગળ હોશે તમને જાણ.

ભાઈ પ્રભુજી નામે જીવ દીજીયે, તો સુખ ઘણેરાં રે થાય,
હરિશ્ચંદ્ર તારાયે જીવ દીયા, તેની સાખ વેદ પુરાણે ગવાયે.

ભાઈ કસણી કહીએ પ્રહલાદની, જેને હોળીમાં સીચવ્યાં અંગ,
થંભ માંહેથી હરિ પ્રગટ્યા, તેના શીતળ રાખ્યા પોતે અંગ.

ભાઈ કસણી જુઓ પાંડવોની, જેને હિમાળે ગળાવી રે કાય,
એવી કસણી જો કસાવો, તો સ્વામી લેશે સ્વર્ગની માંય.

ભાઇ સત્‌પંથે સાચા ચાલજો, તેના જીવ અમરાપુરમાં જાયે,
અમરાપુર તમે એમ પામશો, જો જીવતાં મૃતક થાયે.

ભાઈ કાચી કાયા છે તારી કારમી, તેને જાતાં નહિ લાગે વાર,
જેવું સ્વપ્નેતરનું પેખણું, તેવો આ છે સંસાર.

અંધ ભાવે તને કાંઇ ન સૂઝે, અને સ્વામી છે તુજ પાસ,
કામ, ક્રોધ, મત્સર પરહરો. થાઓ સદ્‌ગુરુજીના દાસ.

ગુરુ ઈમામશાહ એમ બોલીયા, સાંભળો મુનિવર જ્ઞાન,
સદ્‌ગુરુના કહ્યા જે કોઇ માનશે, તેના થાશે ઈકોતેરસોનાં કામ.

●●●

૩૩. આજ સ્વામી અમે તીરથ નાહ્યા

આજ સ્વામી અમે તીરથ નાહ્યા, ઘેર અભ્યાગત આવ્યા રે,
મન મારીને પાંચ અવિચળ રાખો, તો ગુરુના વાયકે કમાવો રે.

જીવડાને કાજે આણે પંથે આવો, તો ગર્ભની વાચા સંભારો રે,
ઘેર આવ્યાને અભ્યાગત માનો, તો સીંચો ધર્મની દોરી રે. - આજ.

જાંબુદ્વિપમાં સેવા જાગી, શિંગી નોબત વાગે રે,
દેશો રે દેશના જાત્રાળુ આવે, દર્શન કરી દુઃખ ભાંગે રે. - આજ.

ધન ગીરમઠા ધન પ્રેરણાપીઠ, જ્યાં આવી ધરા કુંવારી રે,
અડસઠ તીર્થ અહિયાં વસીયાં, વસીયા દેવ મોરારિ રે. - આજ.

હરતાં ને ફરતાં ફૂલડે વધાવો, તો આવી તરવાની વારી રે,
રંગ કસુંબામાં જે નર રાચ્યા, તેના મનમાં ભ્રાન્તી ઘણેરી રે. - આજ.

રંગ કસુંબામાં જે નર રાચ્યા, તે પંથ પડ્યા નીરવાણી રે,
જુગ જુગાંતર અગમ અગોચર, ગુરુએ માર્ગ દેખાડ્યા રે. - આજ.

નવે અવતારે નવ દાનવ છેદયા, દશમે છેદન આવ્યા રે,
ગુરુ નર સ્વામી આપણે વચે આવ્યા, તમે લેજો જ્ઞાન વિચારી રે. - આજ.

નરના પ્રતાપે ગુરુ સહદેવ બોલ્યા, સ્વામી શું હેત હરિયાળા રે,
આગમ વાણીનો કોલ છે મોટો, તમે ભૂલી ના જાશો વીરા રે. - આજ.

●●●

૩૪. હેતે મળો ભાઈ મુનિવરો

હેતે મળો ભાઈ મુનિવરો, અને તમે સાચી વાણી બોલો,
નિત દર્શન કીજે દેવનાં, દિલથી સૂતક પાતક ખોલ.

ભાઈ ગુરુ ગત્ ગંગા તીર્થ નાહીએ, અને નિર્મળ કિજે મન,
આ સત્‌પંથ પદાર્થ તો મળે, જેના પૂર્ણ હોવે પૂન.

ભાઈ પૂરણ પુન્ન વિના કેમ પામીયે, અને સત્‌પંથ સાચી વાટ,
એ પાંચે પદાર્થ જો મળે, જેના દિલ હોવે પાક.

ભાઈ પવિત્ર તો પ્રભુનું નામ છે, અને જપીએ દિવસને રાત,
તમે દૂરના દેખો રે ભાઇ દિલમાં વસે, જેમ ચંપા ફૂલોમાં વાસ.

ભાઈ રોમે રોમે સ્વામી તમ માંહે વસે, અને અંતર નહીં એક તલ ભાર,
ભાઈ એમ જાણીને ભક્તિ કીજીએ, તો પ્રત્યક્ષ બેઠા દિલ માંહે.

ભાઈ સત્ બોલો ને સતે ચાલજો, અને સત્ સમો નહિ સાર,
ભાઈ સકળ જગત સર્વે હેતે રચ્યા, સદ્‌ગોર સત્યે ઉતારો પાર.

ભાઈ સત્ ના છોડો રે મારા મુનિવરો, અને સત્ છોડે પત જાય,
ભાઈ ઈમાન સરીખો દિવડો, તેણે અજવાળે સ્વામીને પાવો.

ભાઈ રહેણી અજવાળી પૂનમની, અને દિવસ અજવાળા સૂર,
ભાઈ ઘટ માંહે અજવાળુ ઈમાનસુ, ભાઇ એના ચારે દિશા વરસે નૂર.

ભાઈ નર નારાયણનું તો વસે, જે ઘટ માંહે સાચુંઈમાન,
ભાઈ તેને દેવલોક પ્રણામ કરે, તે તો પામે વૈકુંઠમાં વાસ.

ભણે ઈમામશાહ તમે સાંભળો નુમિવરો, તમે ઘરમાં રાખોઈમાન,
જો દુનિયા દુરીજન દૂર કરો તો, સરે તમારા કાજ.

●●●

૩૫. દાસોને દર્શન દેજો

દાસોને દર્શન દેજો મારા નાથ,
હે સ્વામી રાજા, દાસોને દર્શન દેજો મારા નાથ. (૨) દાસોને ...

દમે દમ સ્વામી મારા, રૂદિયામાં રેજો,
રૂદિયામાં રેજો મારા નાથ, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

પાંચ કરોડી રાજા પ્રહલાદને કહીએ,
હોળીમાં સમાયા આપ, હો સ્વામી રાજા.(૨) દાસોને ...

સાત કરોડી રાજા હરિશ્ચંદ્રને કહીએ,
કાશીમાં વેચાણા છે આપ, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

નવ કરોડી રાજા યુધિષ્ઠિરને કહીએ,
હેમાળે ગળાવ્યાં છે હાડ, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

બાર કરોડી રાજા કમળાકુંવર કહીએ,
કાગળની નાવે ઉતાર્યા પાર, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

પશ્ચિમ દિશાથી મારા સાહેબ આવશે,
લેવાને અનંતોની સંભાળ, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

ઈ રે ટાણે વાલા મુજને બોલાવજો,
પકડી લેજો મારો હાથ, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

આરે જ્ઞાન બોલ્યા સદ્‌ગુરુ ઈમામશાહ,
સાચો છે સત્‌પંથ સાર, હો સ્વામી રાજા. (૨) દાસોને ...

●●●

૩૯. આજ મારે જાવું છે

આજ મારે જાવું છે સાહેબને દરબાર રે,
મુનિવર મનને વશ કરી વારજો.

એક લાખ જોજન ચારસો વીસ એકવીસ,
એટલો રોપ્યો ગઢ રે અમરાપરનો પાયો રે. મુનિવર મનને ...

મારા સાચા રુખેસરને સહસ્ર સર બક્ષીસ,
તેના તેજ તણો નહિ પાર રે. મુનિવર મનને ...

ત્યાં ચંદ્ર સૂરજનો નહીં રે પંઠતરો,
ત્યાં સહસ્ર સમા તેજ રે. મુનિવર મનને ...

મારા સાચા મુનિવરને કલ્પવૃક્ષની છાંય,
જાણે ઉગ્યો પૂનમ કેરો ચાંદ રે. મુનિવર મનને ...

ત્યાં ખરાં રે દર્શન સદ્‌ગુરુજીનાં કરજો,
ઈ તો હરખે અમરાપર મહાલે રે. મુનિવર મનને ...

ત્યાં જીકરે ને ફીકરે જે કોઈ દિન રાત જપસે,
તેને મહાદન નહીં લોપે લગાર રે. મુનિવર મનને ...

ત્યાં કેસર કસ્તુરીના વાવલીયા વાયા,
ખરી મધરાતે વરસે છે નુંર રે. મુનિવર મનને ...

ઈ રે જ્ઞાન બોલ્યા સદ્‌ગુરુ ઈન્દ્ર ઈમામશાહ,
ઈ રે બોલ્યા છે અમીરસ વાણી રે. મુનિવર મનને ...

●●●

૩૭. જાગો જાગો મુનિવર ભાઇ

જાગો જાગો મુનિવર ભાઈ, ગાફલ થઈને કાં રે સૂતાજી,
જે નર સૂતેલા ચારે રે પહોર, તેના રે શીર દોજખ લખ્યાજી.

પહેલા પહોરની હોય સમી સાંજ, ત્યાં રે કોણ નર જાગી રહ્યાજી,
જાગ્યા જાગ્યા ભક્ત પ્રહલાદ, જાગંતાં જેણે શંકા ન આણીજી.

ગુરુને વચને છોડ્યાં રાજને પાટ, હોળીમાં જઈને આપ સિંચાયાજી,
કરોડી પાંચે સાધુ રે ભાઈનો સંગ, સરગારે પરમાં સોયે પોતાજી.

બીજા પહોરની હોય મધરાત, ત્યારે કોણ નર જાગી રહ્યાજી,
જાગ્યા જાગ્યા રાજા હરિશ્ચંદ્ર, જાગતાં જેણે શંકા ન આણીજી

ગુરુને વચને છોડ્યાં રાજને પાટ, કાશી રે ખંડમાં પોતે વેચાયાજી,
કરોડી સાતે સાધુ રે ભાઈનો સંગ, સરગારેપરમાં સોયે પોતાજી,

ત્રીજા પહોરની હોય પાછલી રાત, ત્યારે કોણ નર જાગી રહ્યાજી,
જાગ્યા જાગ્યા રાજા યુધિષ્ઠિર, જાગતાં જેણે શંકા ન આણીજી

ગુરુને વચને છોડ્યાં રાજને પાટ, હેમાળે જઈને હાડ ગળાવ્યાંજી,
કરોડી નવે સાધુ રે ભાઈનો સંગ, સરગારેપરમાં સોયે પોતાજી.

ચોથા પહોરની હોય રે પ્રભાત, ત્યારે કોણ નર જાગી રહ્યાજી,
જાગ્યા જાગ્યા રાજા દીનદયાળ, જાગતાં જેણે શંકા ન આણીજી

ગુરુને વચને છોડ્યાં રાજને પાટ, કાગળની નાવે પાર ઉતરયાજી,
કરોડી બારે સાધુ રે ભાઈનો સંગ, સરગારેપરમાં સોયે પોતાજી.

ઈ રે જ્ઞાન બોલ્યા ગુરુ ઈમામશાહ, મારા મુનિવરને અમરાપુરનો વાસજી.

●●●

૩૮. જી રે વૈકુંઠના નાથ પધારીયા

જી રે વૈકુંઠના નાથ પધારીયા, સદ્‌ગોર બ્રહ્માજી આવ્યા છે આજ.
પવિત્ર કીધાં આંગણા.
પવિત્ર કીધાં આંગણા, જી રે સંતોને આસન દીધાં બેસણાં,
એવા અવિચળ રાખો ઈમાન, પવિત્ર કીધાં.
જી રે દર્શોદ શુકરીયાત થઈને દીજીએ.
એવા ક્ષમા સરીખા નહિ કોઈ દાન... પવિત્ર કીધાં...
જી રે સોળ કળાઉ તમને શોભતી,
તમારા મુખ પર જળકે છે અમૃત... પવિત્ર કીધાં...
જી રે પચ્ચીસ દેશથી સાહેબો આવશે,
મેળો હોશે જાંબુદ્વિપ મોજાર... પવિત્ર કીધાં...
જી રે નરને નકળંકી દોનું આવશે,
સાથે હોશે ઈમામશાહ મહારાજ... પવિત્ર કીધાં...
જી રે કમળાકુંવરને શીર છતરૂ ઢળે,
સતી સુરજા રાણી તે લેશે લ્હાવો... પવિત્ર કીધાં...
જી રે થાળ ભર્યા રે સગ મોતીએ,
વધાવો વધાવો સતીયું બે ચાર... પવિત્ર કીધાં...
સતી કુંતાને સતી દ્રોપદી,
ચોથા તેડાવો હરિશ્ચંદ્ર ઘર નાર... પવિત્ર કીધાં...
સદ્‌ગોર બ્રહ્માજી આરે જ્ઞાન બોલીયા,
ગોર બોલ્યા છે. અગમના બોલ... પવિત્ર કીધાં...

●●●

૩૯. હરિ પેદા કીધાને પત રાખજો

હરિ પેદા કીધાને પત રાખજો,
અમને છે તમારો વિશ્વાસ સત્‌ગુરુ તમને વિનવું...
જેમ બત્રીસ દાંતની વચ્ચે જીભ છે,
તેમ મહાદન વેળાએ લેજો ઉગારી... સત્‌ગુરુ...
જેમ આગળ અનેક ભક્તોને ઉગર્યા,
તેમ અમને ઉગારી લેજો... સત્‌ગુરુ...
પેલા કર્તા જુગમાં રે હરિ તમે આવીયા,
નરસિંહ રૂપ ધર્યા છે મહારાજ... સત્‌ગુરુ...
રાજા પ્રહલાદની વારે હરિ તમે આવીયા,
કરોડી પાંચે ઉગાર્યા ભવપાર... સત્‌ગુરુ...
બીજા ત્રેતાજુગમાં રે હરિ તમે આવીયા,
રામચંદ્ર રૂપ ધર્યા છે મહારાજ... સત્‌ગુરુ...
રાજા હરિશ્ચંદ્રનીવારે હરિ તમે આવીયા,
કરોડી સાતે ઉતાર્યા ભવપાર... સત્‌ગુરુ...
ત્રીજા દ્વાપર જુગમાં રે હરિ તમે આવીયા,
કૃષ્ણ રૂપ ધર્યા છે મહારાજ... સત્‌ગુરુ...
રાજા યુધિષ્ઠિરની વારે હરિ તમે આવીયા,
કરોડી નવે ઉતાર્યા ભવપાર... સત્‌ગુરુ...
ચોથા કલિજુગમાં રે હરિ તમે આવીયા,
નિષ્કલંક રૂપ ધરજો મહારાજ... સત્‌ગુરુ...
કમળા કુંવરની વારે હરિ તમે આવીયા,
કરોડી અનંત ઉગારો ભવપાર... સત્‌ગુરુ...
સતી સુરજાની વારે હરિ તમે આવજો,
કમળા કુંવરને સોંપ્યા અમર ભેદ... સત્‌ગુરુ...
સતીયા સેવકોની અરજ તમે સાંભળો,
કરોડી અનંત જુવે તમારી વાટ... સત્‌ગુરુ...

●●●

૪૦. શેઠ ભણેને તમે સાંભળો

શેઠ ભણેને તમે સાંભળો વણોતર,
તો રૂડા રૂડા કીજે વેપાર જી રે પ્રાણી...

નવ રે માસ માતાએ ઓદલમાં રાખ્યો,
તો જીણા જીણા વાવલીયે ઉચાર્યો જી રે પ્રાણી...

આ કાયા વચ્ચે જીવ જઈ નગરીમાં પોતો,
તો શેઠ વાણોતર થઈ બેઠો જી રે પ્રાણી...

ખોટાં છે ત્રાજવાં તે ખોટાં છે તોલાં,
તો પાશેર પાશેર ઘડીએ તોલાયો જી રે પ્રાણી...

સેજ રે તળાયું ને વાડીયું ફૂલડે ઓળખાયું,
તો ઊંચા ઊંચા મહેલ બંધાવ્યા જી રે પ્રાણી...

ઓરડા ઉપર જીવ તારા ઓરડીયા બંધાવ્યા,
તો ઊંચા ઊંચા મહેલ બંધાવ્યા જી રે પ્રાણી...

વાયરે ઢોળાવતાં જીવડે વિગતું ના જાણી,
તો સાહેબના ઘરનાં તેડાં પછી આવ્યાં જી રે પ્રાણી...

ટાઢા રે પાણીનાં જળ રે મંગાવો,
તો બંધન ખૂબ નવરાવો જી રે પ્રાણી...

સગુ રે કુટુંબ જીવ તારું હળી મળી બેઠાં,
તો રૂદન કરવા લાગ્યા જી રે પ્રાણી...

સગુ રે કુટુંબ તારું ઝાંપે વળાવે,
તો જીવડે જઈ પૂર્યા વાસ જી રે પ્રાણી...

તાળાંને કૂંચી જીવ તારાં રહેશે વખારે,
તો અહીં તું ઊભો ખાલી હાથે જી રે પ્રાણી...

પાને રે પાને જીવ તારાં પાપ રે લખાયાં,
તો ધરમ તણો અક્ષર ના સૂઝે જી રે પ્રાણી...

વહી રે વાંચે ને જીવડો થર થર ધ્રુજે,
તો ધરમ તણો અક્ષરના સૂઝે જી રે પ્રાણી...

અમારી અરજ તમે સુણો મારા સ્વામી,
તો પાપ પાછાં વાળો જી રે પ્રાણી...

ખોટી વખારું ખોટા વાણોત્તર,
તો કૂડા કૂડા કરજો ન વેપાર જી રે પ્રાણી...

ઈ રે જ્ઞાન બોલ્યા ઈન્દ્ર ઈમામશાહ,
તો કમાઈ તણાં ફળ તમો પામો રે જી રે પ્રાણી...

●●●

૪૧. તું હી ગોર તું હી નર

તું હી ગોર તું હી નર, તું હી અવિનાશી,
તો સેવો સેવો જ્ઞાન વિચારી, હો સ્વામીજી.

સ્વામી રાજા આવ્યા જુગમાં અનંત વધાવ્યા,
તો જળહળ ચાંદરડાં હુવા, હો સ્વામીજી.

જાબુંના દ્વિપમાં હેમપુરી નગરી,
સ્વામીજી લેશે અવતાર, હો સ્વામીજી.

તમારે કારણીએ અમને ચિંતાઓ ઉપજે,
રખે તમે બે ઈમાની થાતા, હો સ્વામીજી.

તમારે કારણીએ અમને નિંદ્રા ન આવે,
તો મુખે ભોજનીયાં ન ભાવે, હો સ્વામીજી.

તેજની કોટડીએ નર નિષ્કલંકી બેઠા,
તો બેઠા છે રૂપ છુપાવી, હો સ્વામીજી.

ખેસરના કાજે સ્વામીજી વારંવાર આવ્યા,
તો નિકલંકી જાપ જપાવ્યા હો સ્વામાજી.

આરે જ્ઞાન બોલ્યા સદ્‌ગુરુ ઈમામશાહ,
તો બોલ્યા છે અમીરસ વાણી, હો સ્વામીજી.

●●●

૪૨. નકલંકી વાલમ ભલે રે પધાર્યા

નકલંકી વાલમ ભલે રે પધાર્યા, દૈત્ય કાલિંગાને મારવા રે
દીનાનાથ પધાર્યા...
થાળ ભર્યો શગ મોતીનો લાવ્યા, ઉપર શ્રીફળ બે ચાર રે... દીના...
કંકુ કેસરનાં રે તિલક કરાવો, ચોખા ચોડાવો ને પ્રેમ રે... દીના...
હરિની જાનમાં કોણ કોણ હોશે, કોણ હશે આગેવાન રે... દીના...
ચંદ્ર સૂરજ હરિની જાનમાં હોશે, હનુમાન દેવ આગેવાન રે... દીના...
માતા કુન્તા હરિની જાનમાં હોશે, બેની સુભદ્ર લુણારાં રે... દીના...
પાંચ પાંડવ હરિની જાનમાં હોશે, છઠ્ઠા હોશે શ્રી ભગવાન રે... દીના...
ઢોલ ધ્રુસકે ને ઘોડલે નગારાં, શરણાયુનો નથી પાર રે... દીના...
દલદલ તો ઘોડો નર નકલંકીનો હોશે, રોજી ઘોડીના અસવારે રે... દીના...
ગઢ રે ગીરનારને આબુની વચમાં, એટલામાં તોરણ બંધાશે રે... દીના...
હીરનો ચંદરવોને હીરની છે દોરી, રાધા હીચોળે કૃષ્ણ ગોરી રે... દીના...
આરે જ્ઞાન બોલ્યા સદ્‌ગુરુ ઈમામશાહ, સદ્‌ગુરુ છે ભક્તોના દાસ રે... દીના...

●●●

૪૩. જીવ તું સ્મરમ કરી લે

જીવ તું સ્મરણ કરી લે સદ્‌ગુરુ સાહેબનાં,
તારી જાય ચે જુવાનીનું જોર, અવસર આવો નહિ મળે,
ચંપો ફાલ્યો ફૂલ્યો રે ફૂલ મોગરે,
તેને કરમાતાં નહિ લાગે વાર... અવસર.
તારી કાયા છે, કાચ કેરો ટુકડો,
તેને ફૂટતાં નહિ લાગે વાર... અવસર.
તારી કાયાનો પાયો કાચો જ છે,
તેને પડી જાતાં નહીં લાગે વાર... અવસર.
તારી કાયા છે આગ કેરો માંડવો,
તેને ઉડી જાતાં નહિ લાગે વાર રે... અવસર.
જ્ઞાન બોલ્યા છે સદ્‌ગોર ઈમામશાહ,
મુનિવરને અમરાપરનો વાસ. અવસર.

●●●

૪૪. નર નાથના ઘરની

નર નાથના ઘરની ખબર ન જાણી, સંસારમાં જીવ ભૂલ્યા રે,
પાંચ તત્વકા મહેલ બનાયા, ત્રિગુણ કીધા પ્રકાશ રે,
સંસાર સાગરમાં મહાજળ ભરીયા, પ્રાણી તેના માંહે બુડો રે. નર.

નાભી કમળથી દમ ઉઠત હૈ, સ્મરણ શ્વાસ ઉશ્વાસ રે,
શિવ શક્તિ કા મેળા કરના, બંકનાળ રસ પીના રે. નર.

બંક નાળનો માર્ગ વાંકો, ચઢે જો વીરલા કોય રે,
જેને સદ્ગોર પૂરા મળીયા, સોહી ઘરમાં જાવે રે. નર.

ગંગા યમુના દો દશ વહેતી, વચમાં ભાગ સરસ્વતીકા રે,
ત્રિવેણી ઉપર સ્નાન કરના, સૂનમાં ધૂન લગાઈ રે. નર.

ગગન મંડળમાં ગેબી ગુપત હૈ, અનહદ વાજાં વાગે રે,
ભ્રમર ગુફાના ઘાટ માંહે, અવિચળ વસ્તુ જડી રે, નર.

કહે ઈમામશાહ પ્રભુના પ્રતાપે, રહેણી દિવસ જાગો રે,
સ્વર્ગ ભુવનમાં તે નર જાશે. આવા ગમન મટી જાશે રે. નર.

●●●

૪૫. ભાઇ પિયુ પિયુ કીજીયે

ભાઈ પિયુ પિયુ કીજીયે, અને હૃદયમાં ઉપજે જ્ઞાન,
આ દેહી તો નિર્મળ તો થાશે, બંદા રાખો સાહેબનું ધ્યાન.

ભાઈ ધ્યાન કરોને સાચા સાહેબનું, દેહના ટુકડે ટુકડા થાય,
એવી તે રહેણી જગાવીએ, બંદા એક દમ ખાલી નવ જાય.

ભાઈ જે દમ જાય સાહેબના નામ વિના, સોએ દમને જાણો મુડદાલ,
આરે સાહેબને કેમ છોડીએ, બંદા પલ ના મેલીએ લગાર.

ભાઈ ગફલત થકી રે દિલને વારીએ, કૂડ કપટ સર્વે કરો દૂર,
આ દિલમાંથી નિંદ્રાને પરહરો, બંદા રહેજો સાહેબની હજૂર.

ભાઈ સાચા સાહેબને એમ જાણીએ, એક હરફ ના નવ જાપ ખાલી,
આ દમે તે દમે પિયુને જપીએ, એમ જપીએ સર્જનહાર.

ભાઈ સર્જનહાર જગતમાં દાતાર છે, તે પૂરે તે મન કેરી આશ,
તેને દૂરના દેખો દિલમાં વસે, જેમ ચંપા ફૂલમાં વાસ,

ભાઈ જેસા રે દૂધ માંહે ધૃત છે, ને તેવા રે તુજ માંહે પ્રાણ,
એસા રે જુગમાં સ્વામી વસે, બંદા ઘટઘટ વ્યાપક જાણ.

ભાઈ જબ લગી તુજમાં પ્રાણ છે, તબ લગી ચેતો મારા ભાઈ,
આ નિત નિત જીકર શું જાગીએ, તો મુનિવર રાખો હૈયે ધીર.

ભાઈ ભણે ગુરુ ઈમામશાહ સાંભળો, તમે રૂદિયામાં રાખજો ધીર,
હરદમ જીકર શું જાગીએ, તો નિર્મળ હોય શરીર.

●●●

૪૬. આજ કલિજુગ પૂરણ પરવર્યો

આજ કલિજુગ પૂરણ આવીયો, સતીયા સત્ ન રાખે કોય,
મંદિરે મંદિરે આપણે, ભાઈ ઘેર ઘેર ડાહ્યા હોય.

ત્યાં નિંદા સહુ કોઈ કરશે, મુનિવર મુખમાંથી મત બોલો કોઈ,
વાતે કરશે તેમને ઉતાવળા, તેમની કમાઈ સર્વે ખોઈ.

ભાઈ પૂરી કસોટી કસાવશે, તેનો પૂરો કસ કહેવાયે,
તેમાં ખરા હશે તે ઘણ ઝીલશે, બાકી ખોટા ભાગી જાયે.

ભાઈ ખોટા ભાગ્યા સહુ દેખતાં, અને મુક્તિના ફળ ના લાએ,
એ દુનિયા દુરિજનના કારણે, કડવા અંદર ફળ ખાએ.

ભાઈ ખેતર નથી હવે પાંચમું, તમે શોધ કરશો ક્યાં જાઈ,
સર્વે સત્ ખોયુ પાપીએ, તેમણે છોડી ગોરની બાંય.

આવા સત્પંથ પદારથ વહોરીએ, તેનો મૂર્ખા ન જાણે મરમ,
તલ એક સુખના કારણે, તેને ખોયો મોક્ષ માર્ગનો ધર્મ.


એ મૂર્ખે જ્ઞાન ન વિચારી જોયું, સત્પંથની નથી કોઈ પંથ,
ભણે ગુરુ ઈમામશાહ સાંભળો, બેઈમાનીને પડશે દોજખનો માર.

●●●

૪૭. એવા ઇમામશાહે આગમ ભાખીયાં રે

એવાં ઈમામશાહે આગમ જોને ભાખીયાં રે,
એવાં રાંધેલા અનાજ ચૌટે વેચાશે રે,
અને પ્રગટ પાપ કરશે પોકાર રે. એવાં ઈમામશાહે ...
એવા ભાઈ રે બેનના સાથેરે સંબંધ બંધાશે રે,
દિયર ભોજાઈ સુખને માણે રે. એવાં ઈમામશાહે ...
એવા સસરા વહુના આડા સંબંધ થાશે રે,
બાપ દીકરીનો હાલશે વ્યવહાર રે, એવાં ઈમામશાહે ...
એવા ધરતીમાં દાટ્યા ધન પ્રગટ થાશે રે,
લક્ષ્મી દાનવ ઘેર જાય રે. એવાં ઈમામશાહે ...
એવી સુહાગણ નારી ફરશે એકલડી રે,
એ તો સુધરેલી રે કહેવાય રે. એવાં ઈમામશાહે ...
એવા મરદો મુછો રે કાઢી નાખશે રે,
એવી નવ રે વરસની નારી બેટા જણશે રે, એવાં ઈમામશાહે ...
ખેડૂતની કોઠીમાં અનાજ ખૂટશે રે,
ખાવા જાય રે ખળવાડ રે, એવાં ઈમામશાહે ...
એવી રે વેળાએ કોમવાદ ફાટશે રે,
ત્યારે નિષ્કલંકી ધરશે અવતાર રે, એવાં ઈમામશાહે ...

●●●



૪૮. આદ્ય ઉનાંદના નાથરે

આદ્ય ઉનાદના નાથ રે ! સ્વામી તમે છો કિરતાર,
સદ્‌ગુરુના હાટમાં, જડી જ્ઞાન શબ્દ કેરી જડ રે,
જ્ઞાન દિપક સ્મરીયે રે, સદ્‌ગુરુ દેખાડશે અમર ભેદ રે.
અમરપદ ગુરુ ગમ જડી, તેથી પાપ તે પરલે જાય રે,
પાંચ તત્ત્વની રચના બની, ત્યાં ત્રણ જુગમાં કિધો પ્રકાશ રે,
પાંચહી રસને વારિએ, તેના રૂપ છે સહસ્ર પચાસ રે,
તે નાભિકમલથી ઉપજે, ત્યાં થાય છે અજંપા જાપ રે,
ઈંગલા પિંગલા સંગમમાં રે, ત્યારે સૂક્ષ્મણા વહે અતિ સાર રે,
અનહદ વાજા ત્યાં ગડગડે, ત્યાંરે વર્તાયે જય જય કાર રે,
બંકનાળના ઘાટ માંહે રે, ત્યાં થાયે અનહદ પ્રકાશ રે,
આ ઘેરથી અમી ઉતરે રે, તેતો પીયે હરિજન વિરલા કોઈ રે,
નુરત સુરતની જુગતી ભણી, પરિબ્રહ્મ છે પોતાને પાસ રે,
અખંડ જયોતિ ત્યાં ઝગમગે રે, એતો અલખ પુરુષ કેરા મેળા રે,
અલખ નિરંજનને સેવીયે, તો જનમ મરણનો ભય જાય રે,
કહેત ઈમામશાહ સુણો મારા વીરા રે, તમો ગાવો, શીખો, સાંભળો ભાઈ રે,

●●●

૪૯. અજંપા તણો હરદમ ધરીએ

અજંપા તણો હરદમ ધરીયે ધ્યાન રે,
ધ્યાન ધરીને વશ રાખો, તો ભાઈ સદ્‌ગુરુની લઈએ શાન રે,
શાન ગુરુની લઈ ઘટમાંહે રહીએ, નિશ્ચલ થઈને ધરીએ ધ્યાન રે,
ગુપ્ત ધ્યાને સ્મરણ કરજો, કોઈ ના સાંભળે કાનો કાન રે,
ઈંગલા, પિંગલા, સુક્ષ્મણા નાડી, ત્રિવેણી ઉપર મંડાણ રે,
ભ્રમરગુફા ઉપર પ્રગટ બેઠો, ત્યાં જઈ સાધો નિશાન રે,
નિશાન લગાવો તો દર્શન થશે, તો મટી જશે ચૌર્યાશીના ફેરા રે,
જનમ મરણના સર્વે ભય ભાંગે રે, તો બેઠા પીઓ અમૃત રસ રે,
અમૃતરસ પીવે તો જુગ જુગ જીવે રે, ને વૈકુંઠમાં પામે માન રે,
સ્વામી હું છું દાસ મને દર્શનની આશ રે, વિનંતી અમારી ધરજો ધ્યાન રે,
કહે ઈમામશાહ સાંભળો મારા વીરા રે, તેજ સ્વરૂપનું ધરવું ધ્યાન રે,
કર જોડીને તમે પ્રભુને વિનવો રે, ગુરુ પ્રતાપે અમોને ઉતારો પાર રે.

●●●

૫૦. મહાપદ કેરી વાટ

મહાપદ કેરી વાટ કોઈ નર જાણે રે,
જેણે મળ્યા સત્‌ગુરુ સાચા તપસ્વી મળ્યા રે,
નાભિકમળ ઘરમાંહે સોહમ્ ઉઠે રે,
ત્યાં જાપ જપે એક હંસ તાર ન તુટે રે,
પાંચ પચીસ ઘરમાંહે જીવ ત્યાં મળીયા રે,
ત્યાં સહેજ સુરતાનું ધ્યાન ઘરપરે ચઢે ઉતરે રે,
ચાર મળી એક ઠામ ત્યાં તમ લાગી રે,
પ્રેમ તણી લય જયારે કાને જાગીરે,
બંકનાળ મુકામે સંકેત થાય રે,
ત્યાં નુરત સુરત બેઉ મળીને પરછો લઈએ રે,
ઈંગલા, પીંગલા સાથે સુક્ષ્મણા નાડી રે,
ત્યાં ચાંદા સુરજ બેઉ મળીને મન્શા મારી રે,
ત્રિવેણી ઘાટ માંહે અખંડ જ્યોતિ રે,
ત્યાં ઝગમગ ઝગમગતાં વરસે મોતી રે,
સાખી પિંડ તણી ખબર સર્વે જાણી રે,
ત્યાં તો સુરતા આસમાન ફૂટીને નિસરી રે,
સઘળા રોમ રોમ લાગી જપ વારે,
સઘળા ઘટ ના ચોર લાગશે છુપાવા રે,
પાવ કોસ પર ગામ નિશાન ધારી રે,
ત્યાં ધરજો સુરતાનું ધ્યાન સંશય મારી રે,
એટલા સર્વ નિશાન મેલ્યા નીચારે,
ત્યાં સ્વર્ગ મંડળના કોટ સઘળા પરખીરે,
સાતદ્વીપ નવખંડ જોયા નર નિરખીને,
કેવળ નામ સરખા નહી મારા સ્વામીરે.

●●●

૫૧. મળીયા પ્રેમ સ્નેહી ગુરુદેવ

મળીયા પ્રેમ સ્નેહી ગુરુદેવ રે, મળીયા પ્રેમ સુહાગી દેવ રે,
પાંચ તત્ત્વની ખોજમાં, વસ્તુ અગમ અગોચર જડી રે,
શિવ નગરીમાં ગોતતાં, વસ્તુ સુન શિખર ગઢ ચઢી રે,
ભ્રમર ગુફાના ઘટમાં, વસ્તુ અવિચળ માહે જડી રે,
નુર તો નિરંજનનું ત્યાં ઝરે રે, તેતો અવિગત ઘરમાં ખડી રે,
જીરે નિરંજનના ચઢતા રે, તે તો અનંત તારીની ગઢી રે,
પંખ હજારની કમલની રે, ત્યાં તો નિરંજન ટંકશાળ પડી રે,
સદ્‌ગુરુ પદ જાણતાં રે, યે તો ગુરુ હાટે વસ્તુ જડી રે,
ધન ધન સદ્‌ગુરુ તમને રે, વસ્તુ સત્ ઘેરથી જડી રે,
જીરે સદ્‌ગુરુની વિનંતી રે, વસ્તુ પહોંચાડી ખરા ખરી રે,
જીરે સદ્‌ગુરુ ઈમામશાહ બોલીયા રે, એ તો સદ્‌ગુરુથી વસ્તુ જડી રે,

•••

૫૨. સત્‌પંથ ધર્મ સો કહીએ

સત્‌પંથ ધરમ સો કહિયે, જેણે ઓળખ્યા સદ્‌ગુરુ નુર રે,
પરિબ્રહ્મ વિષ્ણુને ઓળખ્યા રે, તે તો અમર થવા તત્‌ખેવ રે,
જ્યોતિ સ્વરૂપે જાણીએ રે, તેને અદ્‌ભૂત વિરાટ કહેવાય રે,
નિરાકાર રૂપે તો તે પોતે ઘેર, તે તો અકળ કહ્યા નવ જાય રે,
ઝવેરી હોય તે પારખે રે, અને હિરા બજારમાં પરખાય રે,
મુનિવર હોય તો પારખે રે, જ્ઞાનીજન કસોટી લગાવે રે,
કાચી કાયાને કાચા પીંડ રે, નવખંડમાં કીધો પ્રકાશ રે,
પાંચ તત્ત્વનું પુતળું રે, તે તો પોલમાંહે પવન સમાય રે,
દમે દમે હરિને જપીએ રે, તો તમે અમર હોશે સંધિ રે,
ત્રિવેણી ત્રિકુટીમાં નાહીએ રે, અને તેણે પુરા સંગમ થાય રે,
ચાંદો સુરજ બે દીપ કહિએ રે, તો જ્યોતિમાં જ્યોતિ સમાય રે,

•••

૫૩. હરદમ જપો અજંપા જાપ

હરદમ જપો જપો અજંપા જાપ, જપતા રહિએ જાપ,
મુંડ કમંડળ કાઢી થરકરી રાખો, નાભિ કમલથી જગાવો રે,
સદ્‌ગુરુ શબ્દના માંહે વાજા વગાડો, સુરતા સુહાગણ ચઢાવો રે,
મુખ વિના ગાઈએ શ્રવણ વગર સાંભળીએ, બીનકર તાળી વગાડીએ રે,
તાલ, પખવાઝ, મૃદંગ વાગે, બીના રસના ગુણ ગાઈએ રે,
ઈંગલા, પીંગલા સુક્ષમણા નાડી, ત્રિવેણી તીરથ પરને રહિએ રે,
ભ્રમર ગુફા ઉપર તખત બિરાજે, વાજા નિશાને વગાડીએ રે,
કહત ઈમામશાહ સાંભળો મારા ભાઈ, એમ કરીને દર્શન પામીએ રે,

●●●

૫૪. અદલ પ્યારમે રાચો રે ભાઈ

અદલ પ્યારમે રાચો રે ભાઈ, ગુરુના શબ્દથી રાચો રે ભાઈ.
હવે અમો સમજીયા રે ભાઈ, ગુરુના શબ્દથી રાચો રે ભાઈ...
તિરથના જાઉંને ડુબકી ના ખાસો, અને ના નાખું ઉપર પાણી રે,
દેવળના ભીતર લાગી છે તંદી, જ્યાં મેરી સુરતા સમાઈ રે,
ઘંટા બજાઉના પાની ચઢાઉ, ના પકડું હાથમાં માળા રે...
આશન માંડીને જુગતસે બેસુ, ચારે દિશામાં કરૂ પ્રકાશ રે,
દંડવત, દંડવત થાક્યો, જલ માર્ગ લીધો વિસરામ રે...
ઉલટ ભેદની સુઝ જો લાગી, કોટી કલપ અહી રામા રે,
નેમહી થાકે, પ્રેમહી થાકે, થાકે લોક બઢાઈ રે...
કહેત ઈમામશાહ સુનો મેરાભાઈ, અટલ પદવી પાઈ રે.

●●●

૫૫. આત્મારામને તમે અવિગત સેવો

આત્મારામને તમે અવિગત સેવો, સર્વહી ભૂત નિવાસી હો,
સહજતના પરમાર્થ જાણો, તો કાહે હિંડો વનવાસી હો.
જપ, તપ, તીરથ, વ્રત, ઉપવાસી, મુળના જાણે તે અંધા રે.
મદ, મત્સર, અહંકાર ન મુકે, તે તો પ્રિતની પાખંડી બંધા હો.
પીંડ પખાળીં દાહી દિશા નિહાળી, મિથ્યાવાદ ન મુકે હો.
વેદ ગત ગુરુ ભેદ ન જાણે, તો એક પણ અર્થ ન સુઝે હો.
જોગી જુગત ના જાણે જુગ વખાણે, બેઠા બેઠા લોચન તાણે હો.
ગગનનાથ ગુરુ ભેદના જાણે, તો સીંગી સુર તાને હો.
આપના સુઝે ને કોઈ સીર લોચે, સચ્ચિદાનંદ જ્ઞાન જાણે હો.
હૃદયમાં દયા નહીં, કર્મ વખાણે, મનશા કર્મે લાગ્યા હો.
ત્રિગુણ ટાળોને પંચ નિવારે, તો સુરતા મંડલમાંહે વસાહો.
કહેત ઈમામશાહ નિર્મળતા સેવો, તો હોશે જ્યોતિબીંબ પ્રકાશ હો.

●●●

૫૬. અબુજ ન બુજે તેને (કેમ કરીયે)

અબુજ ન બુજે તેને કેમ કહિયે, તો ગુરુ બિના નર કેમ રહીએ,
ગુરુનર સેવા કારણ પ્રસન્નતા, તો ગુરુ અમરાપુર જઈએ રે,
સ્થુળને કેમ કહો રૂખેશરો, તો ગુરુ બિન કેમ રહીએ રે,
મુક્તિના માર્ગને પંથે ચાલીએ તો પરમ તત્ત્વ પામીએ રે,
આત્મા પ્રેમથી દિજે સ્વામીને બેસણા, તો વીરાભાઈ ગુરુ પ્રસન્ન હોય રે,
સુખ દુ:ખ બેઉ બની આવશે, પણ હૃદયેથી ધર્મને ન છોડીએ રે,
માણેક મોતીની ગાંઠ જો વાળો, તો બીચ બીચ હિરલા જડાવીએ રે,
કહેત ઈમામશાહ સુનો મેરા ભાઈ, તો તમે ગર્ભની વાચા પાળો રે.

●●●

૫૭. અજંપા જાપ જપો રે મારા મુનીવરો

અજંપા જાપ જપોરે મારા મુનીવરો, અને તમે કાં જાવો રે ભુલી રે,
કહેતા ગુરુકા સાથ છે, તે સદાય ઘેરે કબુલ રે,
ભાઈ, હેતે, પ્રીતે મન ભાવથી, અને જપો અજંપા જાપ રે,
પ્રભુનું નામ કહો દિલમાં સાચસુ, તો કોટી વિઘ્ન હોવે દૂર રે,
સદ્‌ગુરુ તો દાતાર જીવના, અને પીયું નામ કરો પુકાર રે,
જેણે માન્યા તે અમરાપુર ગયા, નહીં માન્યા મુરખ ગમાર રે,
ભાઈ ગુરુનર પીયુંથી ધાઈએ, અને તમે સુણો મુનીવર વાત રે,
જાપ જપો દિલ ચાંદરણા, ભાઈ નહી તો કાલી રાત રે,
ભાઈ નામ પીયુ કા મીઠડાં, અને જેમ સાકર દુધ રે,
જાપ ઓચરો સાચા દિલથી, તો તેમ તેમ વધે બુધ રે,
ભાઈ મુનીવરને જાપ મીઠડાં, અને લોભી ને મીઠાં દામ,
મન, ચિત્ત નિર્મળ કરીને સેવીએ, અને હૃદયમાં લેજો નામરે,
ભાઈ જાપ જપીએ ભાવશું, અને હું તું બીજુ છોડ રે,
મોહ માયા મનથી ત્યજીને, અને પ્રિત પીયુંથી જોડો રે,
ભાઈ જેણે પાંચ વશ નહી, અને ઉંચી નજરે જોયે રે,
તે જાપની કિંમત નહી બુજે, તે કેમ કરી અમર હોય રે,
ભાઈ સદ્‌ગુરુજીને ધાઈએ, અને તમે સાંભળો મુનીવર વાત રે,
મન મારીને મૃત હોઈ રહે, ભાઈ તો જીવ સ્વર્ગમાં જાય રે,
ભાઈ જેણે ખીડકી ખોલી દિલથી, એને ખોલ્યા અમરાપુર ઠામ રે,
જાપ જપીયા જેણે મુખસુ, તેને પાંચે તત્ત્વ રાખે ઠામ રે,
સદ્‌ગુરુ બ્રહ્માજી જ્ઞાન ભાંખીયા, આખર વેળા આવી સાંભળો રે,
હવે વિલંબના કીજીએ, તમે ચેતો મુનિવર ભાઈ રે.

• • •

૫૮. ખેડો હો હરિ નામની ખેતી

ખેડો હો હરિ નામની ખેતી, જેથી થાશે લાભજી,
મન પવન બેઉ બળદિયા, સુરતા રાસ લગાવજી,
પુણ્યનો પરાણો હાથ ધરીને, અક્કલ આર લગાવોજી,
પાપની પાલવ કાટજોજી, કાટીને બાહેર નાખોજી,
ઓહંમ અક્ષર જોડજોજી, સોહંમ સુરત લગાવજી,
કર્મની કાસલ ચુનાવજોજી, ખેતી ચોખી જો થાયજી,
ગુરુ મંત્ર બીજ બોઈએ, ખેતી લુંબઝુંબ જાયજી,
સતનો માળો બનાવજોજી, ધર્મની પેઠી લગાવજોજી,
જ્ઞાનનો ગોળો ચલાવજોજી, સુડા ઉડી ઉડી જાયજી,
ધ્યાની ધગશ રાખજોજી, ભવરી ફૈરવો જાસજી,
કહે ઈમામશાહ સાંભળો મુનિવરો, આવગમન મટી જાયજી.

●●●

૫૯. હરદમ કરો અભિયાસ

હરદમ કરો અભિયાસ, કરીને દેખો ખાસ,
દમે દમે મારા સ્વામીજીને સેવો, સ્વામીજી તમારી પાસ.
પાસે છે સ્વામી નહી હૈ ખામી, પુરો રાખો વિશ્વાસ,
તમારો સ્વામી તમ માંહે બેઠો, જેમ ફૂલમાં છે વાસ.
રોમે રોમે મારા સ્વામી બેઠા, ચેતનપુર અવિનાશ,
બ્રહ્મજ્ઞાનમાં હરદમ રહેજો, કરો અજંપાને ધ્યાસ.
અજંપા જાપ જિસ ઘટ માંહે, ઘટ સોરી ઉજાસ,
ઘટ ઉજાસો પાપથી નાસો, જપીયે શ્વાસો ઉશ્વાસ.

●●●

૬૦. ખાવિંદ ખોજી કાઢો નહી તો

ખાવિંદ ખોજી કાઢો નહી તો, ફોકટ ફેરો ખાસોજી,
વાત વિચારીને વીરા મારા, તમને કહે કરતાજી,
જાંબુદ્વિપમાં જાહેર બેઠા, જાણો મુનિવર ભાઈ રે,
લક્ષ ચોરયાસી ફેરા મારો, જાણો મુનિવર ભાઈ રે,
ફરતા ફરતા પાર ન પાઈએ, છેલ્લે આવો આરે રે,
જાંબુદ્વિપમાં તખત રચાવ્યા, બ્રાહ્મણ ભૂલ્યાં ભણતા રે,
વેદ પુરાણોમાં જુઓ ભાઈ, બારી ખોલો અમરની રે,
જાુગો જુગમાં તમે જુઓ વિચારી, ચંદ્ર ઉગ્યા ચમકારી રે,
આખરી વેળામાં ઓળખી લેજે, અમરાપુરમાં મહાલોજી,
ધરતી માતાને કોલ આપ્યો છે તે દાડો હવે આવ્યો રે,
કલયુગમાં સ્વામિ પોતે પધાર્યા, ક્રિયા કરણી લાવ્યા રે,
હૃદય કમલમાં પ્રભુજી બેઠા, પિતલ ફિતરને ન પુજો રે,
મારૂ મારૂ મેલીને છોડીએ, વાદ ન કરશો વીરા રે,
દશમાસ ઉદરમાં રાખીયા, કવલ કોન સંભાળશે રે,
પીયુંજી પોતે પંથે બેઠા, મહાદુઃખ માર ચુકાવશેજીરે,
ગુના હોય તો ગતમાં પ્રકાશજો, હાથ જોડીને રહે જોરે,
આવુ જ્ઞાન ઈમામશાહ બોલ્યા, સાંભળો મુનિવર ભાઈ રે,
યહા તમે સાચુ ચાલશો, તો અમર થાશે લીલા રે.

●●●

૬૧. જાગી જોને જીવલડાં

જાગી જોને જીવલડાં તું, એકલો આવ્યો એકલા જાવુ,
શું લઈ આવ્યો શું લઈ જાવું, એકલો આવ્યો એકલા જાવું..ટેક

મારું મારું કહીને મરતો, ન્યાય નીતિનાં મારગ ભરતો
પાપ તણું કાં ભાતું ભરતો, એકલો આવ્યો એકલા જાવું...૧

ટૂંકું જીવન જો વહી જાશે, આશ અધુરી સહું રહી જાશે
સાથી તારું કોઈ નવ થાશે, એકલો આવ્યો એકલા જાવું...૨

મનસુબાના ચણે મિનારા, મૃગજળ લાગે સુખ કા પ્યારા
ચાર દિવસના એ ચમકારા એકલો આવ્યો એકલા જાવું...૩

ઉગ્યું તે તો અસ્ત થવાનું જન્મ્યું તે તો જરૂર જવાનું
અમર થયું ના કોઈ થવાનું, એકલો આવ્યો એકલા જાવું...૪

જાગી જોને જીવલડાં તું, એકલો આવ્યો એકલા જાવું
શું લઈ આવ્યો શું લઈ જાવું, એકલો આવ્યો એકલા જાવું...૫

●●●

૬૨. ભાઈ સદ્‌ગુરુસુ સત્‌પંથ જાણીએ

ભાઈ સદ્‌ગરુસુ સત્‌પંથ જાણીએ, અને સાચા મુનિવર પાસ રે,
જેણે દુનિયાસુ રંગ માંડીયા, તે તો પુરણ પાપી હોય રે.
અહી પેટ ધંધો સહુ કોઈ કરે, જીવનની ખબર ન બુઝે કોય રે,
પણ જીવની ચિંતા જે કરે, આજ પુરી સુહાગણ હોય રે.
ભાઈ પુરી સુહાગણ સો કહીએ, જેણે હરી ઓળખ્યા આજ રે,
પણ સંત્‌પંથ અજવાળે જે જાગીયા, તેના પુરણ સિધ્ધારે કાજ રે.
ભાઈ જેના સતનો સર્વે ગયા, અને વરત ન દેખુ રે કોયે,
પણ જો પાવૈયા બાલક પ્રસવે, તો બેઈમાની અમર હોય રે.
આ સંત્‌પંથ વોરીને જેણે ઢીલ કરી, અને ચાલી તે ચારે રે દેશ રે,
જેણે સદ્‌ગુરુ નહીં ઓળખ્યા, તેણે હૈયડે લાગી રે ડાઘ રે.
જેણે પ્રભુના મર્મ ના જાણીયા, અને જે દાવે લાગારે ગમાર રે,
તેણે કમાઈ ખોઈ યુગ ચારની, તેને ભઠ પડ્યો રે અવતાર રે.
ભાઈ સ્વામીજી પુનમના ચંદ્ર છે, તે તો ખેણુ ખેણુ પરગટ હોય રે,
જે આપે ધરમ જગાવશે,તેની કલા ના બુઝેરે કોય રે.
પ્રભુજી શ્વેત ઘોડા પલાણસે રે, અને હોસે તે હલ કલકાર રે,
જયારે દૈત્ય કાલિંગાને મારશે, તારે ત્રિભુવનમાંહે હોસે જાણ રે.
ભાઈ સ્વામી રાજા જ્યારે આવશે, અને તે દૈત્યોને કતલ કરાયે રે,
તે તો જાહેર વેદ ભણાવશે, અને ત્યાં બેઈમાની નાઠારે જાય રે.
તાંહા ધોરી હસે તે ઘર ઝાલશે, અને પુરણ પાવે રે તેજ રે,
જેણે ગુરુ નામ મન શિર ઉપર લીયા, તે તો સરગ પામ્યા રે ભરપુર રે.
કહે ઈમામશાહ સુનો મુનિવરો, તમને નિંદ્રા તે કેમ કરી આવે,
આજ વખડી વેળા આવી ઢુક્કી, તે માં ભક્તિથી દર્શન થાયે.

●●●

૬૩. ભાઈ રહેણીએ દિપક સમારીયા

ભાઈ રહેણીએ દિપક સમારીયા, અને જૈસા પુનમ ચંદ્ર રે,
ભાઈ ભાગ્ય જેઓના પુરણ હોવે, જેણે બાંધ્યા પાંચ બંધ રે.
વીરાભાઈ ભક્તિ કરો રે સાચા ભાવથી, અને તમે મત ભુલો રે અજાણ રે,
તે પ્રભુજી કલીમાંહે આવીયા, અને આવ્યા તે વૈકુંઠ ધામ રે.
તે પ્રભુજી પશ્ચિમ થકી આવશે, અને આખર યેહી એંધાણ રે,
સ્વામીજી દૈત્ય કાલિંગાને મારશે, તારે નવખંડ માહે હોશ રે જાણ રે.
તમે જ્ઞાન દિપક અંતર ધરો, અને સતના કરો રે શણગાર રે,
તહા સ્વામીજીને સૈન્ય જઈ મળે, તેમના હિરદા માહે નવસંહાર રે.
આ સંસાર તો એક પલ છે, અને તે પલમાહે હોય રે વિનાશ રે,
આપણા પ્રભુજી લેખાં માગશે, તારે કેમ કરી દેશો જવાબ રે.
આ સત્પંથ તો તમે શીર લીયા, ભાઈ તમારા સરીયા કાજ રે,
તે તો ફોકટ ફેરો રે આવીયા, જો મુરખ પડિયો બાજ રે.
સ્વામીજી તમારી નાડી માહે, અને પોતે રૂપ અપાર રે,
તે માહે કેટલાક સરગ તરીયા, અને કેટલાક ભુલ્યા ગમાર રે.
આ સત્પંથ તો યે સાચ છે, અને જૈસી હૈ ખાંડા ધાર,
જો શિશ કાટીને આગલ ધરે, તે તો પાવે સ્વામીના દીદાર રે.
ભાઈ મુનિવર ઐસા જગાવે, અને જૈસી ચલતીરે નાવ રે,
તલ એક જો તે માહે ના ડગે, તે તો પાવે પેલો પાર રે.
ભાઈ સ્વામીજી જગમાંહે આવીયા, અને સોહી જાણો રે કિરતાર રે,
જેણે સદ્ગુરુ બ્રહ્માજીને ઓળખ્યા, તે તો પામ્યા મુગત દરશન રે.
કહેત ઈમામશાહ સુણો મુનિવરો, અને વેદ વિચારોને આજ રે,
જે આદ્ય પરિબ્રહ્મ તમને મળિયા, તો ભાઈ સરે તમારા કાજ રે.

●●●

૬૪. ભાઈ પ્રીતે ધાવોને સતના છોડો

ભાઈ પ્રીતે ધાવોને સત ના છોડો, અને કરણી કમાવો નીત સાર રે,
તમે કરતવ આધારે જો કરો, તો તમે કેમ ઉતરો પેલા પાર રે.
ભાઈ દુનિયા સાગર જાણ જો, અને તે ઊંડો છે રે અપાર રે,
તે માંહે સાચી નાવ છે સતની, તેના સદ્દગુરુ છે ખેવણહાર રે.
સદ્દગુરુ જાણે તો ભવસાગર ઉતરે, જો ઈમાન હોવે તમારૂ સ્થિર રે,
પણ બેઈમાની બેડી જો ચઢે, તે કેમ કરીને ઉતરે પરલે પાર રે.
જે ગાફેલ થઈને બગડી ગયા, તે તો ભઠ આવ્યો રે સંસાર રે,
તેણે પૂર્વ જનમનો નાતો નહી, એમ સત્‌ગુરુ કહે રે પુકાર રે.
જેણે પૂર્વ જનમના સંતો પાઠીયા રે, તેણે સદ્દગુરુની શિખામણ પરમાણ રે,
અગન શરીરે જેણે, પીયું તણી, તે તો ઉતરી ગયા રે નિરવાણ રે.
આ સંસાર સાગર મોહજાલ હૈ, અને સર્વે વસ્તુ છે તેને રે ઘાટ રે,
જો થર થઈને તમે ચાલસો, તાહા તો ચાલવું સતની વાટ રે.
એ વાટ તો ખાંડા કેરી ધાર છે, અને તમે સંભાળીને ચાલો પરકાશ રે,
જો મનમાંહે લઈને ચાલશો, તો તમે લેશો અમરાપુર વાસ રે.
અમરાપુરથી અદકો દરશન છે, જો તમે જપો સ્વામીજીનું જાપ રે,
પ્રિત કિજીએ પરિબ્રહ્મસુ,અને ગુરુ ગતમાહે કરીએ સ્નાન રે.
ત્રણ દેવને પુજો ને તમે પાપ ખોજો, અને ઘટોઘટ સ્વામીજીના છે તેજ રે,
એમ જાણીને આપે પરખીએ, જે ઘટ માંહે છે હરી ભરપૂર રે.
ભાઈ જે પુરા હસે તેણે પાસ છે, અને ગાફેલસુ રહે દૂર રે,
એવા સ્વામીના ચરણામૃત લીજીએ, તાહા ઘર થાપીને પીજીએ નુર રે.
કહેત ઈમામશાહ સુણો મુનિવરો, તમે નીત નીત પીવો ગતમાંહે નુર રે,
જો તમો નુર પીયે ને સતે ચાલિયે, તો કોટી વિઘ્ન હોવે દૂર રે.

• • •

૬૫. ભાઈ જીવની ચિંતા કીજીએ

ભાઈ જીવની ચિંતા રે કીજીએ, અને કરણી કરો તમે સાર રે,
આ સત્‌પંથ સાચી વાટ છે, તે માહે સાચું ચાલો રે નિરધાર રે.
ભાઈ દિલ બાંધો રે સાચા સ્વામીસુ, જેણે સરજ્યો આ સંસાર રે,
એ મન મારીને દુરગુણ દૂર કરો, તો ત્યાં સરે જીવોના કાજ રે.
ભાઈ દુરિજન ભૂંડો ભસથી પર, રહે, તેને નીત રાખો રે દિલથી દૂર રે,
જો પાંચ વારીને જીકર જાગીએ, તો ત્યાં વરસે સ્વામીજીના નુર રે.
ભાઈ નુર વરશે તો દિલ પવિત્ર રહે, અને જો હોયે પુરા થર ઈમાન રે,
તમે ઈમાને ચાલો ને આપે માલો, અને તમે રાખો સ્વામીસુ ધ્યાન રે.
ભાઈ તમે ધ્યાન લગાવો સ્વામીસુ, અને રાખો તે આપણું આપ રે,
પ્રેમની પીડા જો તમે હૃદય ધરો, તમે જપો અજંપા રે જાપ રે.
ભાઈ જાપ જપોને તમે ધીર રાખો, એને અભિમાન ના આણો મન રે,
જો કુડ કપટ તમે પરહરો, તો તમે પામો સ્વામીજીના દર્શન રે,
ભાઈ તમે ચાહો દર્શન સ્વામીજીના, તો તમે શિર ધરો ઉચાટ રે,
પીયુ પીયુ રદિયા માંહે કીજીએ, અને દુનિયાસુ ના રાખીયે પ્યાર રે.
ભાઈ આ દુનિયા આ સસાર એક પલ છે, અને જેમ સવતાંતર જાય રે,
ભાઈ બેઉ કર દિલસુ દેખીએ, એક દિન મરના સહી નિર્વાણ રે.
ભાઈ મરણા પેલા જે મરી ચાલે, અને ધરતીનો ગુણ રાખો આપ રે,
જે સતગુરુના વચને ચાલશે, તો જાય લક્ષચૌર્યાસીનું પાપ રે.
કહેત ઈમામશાહ સુણો મુનિવરો, તમે રાખો સ્વામીસુ હેત,
જો પીયું પઠંતરો રતીના ના રહે, જેમ ભાદરવે હરિયારે ખેત રે.

●●●

૬૬. એજી મનખા જનમ તે દેહ ધરી

એજી મનખા જનમ તે દેહ ધરી, તેમાં ન સમજ્યો સત જ્ઞાન રે,
સત્‌ગુરુ બીના પાર ન પામીએ, તેમાં ન જડે સત્‌ગુરુ શાન રે.
એજી માયા મમતા છોડીએ, અને લિજીએ વિવેક વિચાર રે,
ગુરુ મળે તો ફેરા ટળે, આનંદનો નહી પાર રે.
એજી જાણીને જીકર કીજીયે, તેની રહેણી રહેરે સમતોલ રે,
તિમીર હોય તો ઢલી પડે, શણગાર જડસે સોળ રે.
એજી સોળ શણગાર સજીયે, તેનો વીસનો છે ઘાટ રે,
પ્રેમે અર્પણ કીજીયે, તો મળે સત્‌ગુરુની વાટ રે.
એજી ધરમ ફંદે રાચિયા, તેમા દામ લીધાનો જવાબ રે,
ગુણકા કેરો દિકરો, તો કેને કહસે બાપ રે.
સહી ગરથ દિલ લીજીએ, જે ગુરુની રહેણીયે હોય રે,
રહેણીયે રહીયે મારા મુનિવરો, જેમાં દાગ ન લાગે કોઈ રે.
સંસાર સઘળો દુર્મતિ, ભાઈ ફરજ જાણો સોહી રે,
એજી કોઈક જ વીરલા જાણીયે, જે સમજે સતની શાન રે.
સર્વમાં સ્વામીજી વસી રહ્યા, પણ કપટે ન ઉપજે ગીનાન રે,
એજી કપટ અંગે પરવીયા, તમે લીયો સત્‌ગુરુમર્મ રે.
જો સત્‌ગુરુ દિવો જુગમાં મલે, તે પ્રગટ છે પરિબ્રહ્મ રે,
એવે હેતે સત્‌પંથ સેવીયે, પણ જીકરે જડશે કામ રે,
સત્‌ગુરુ ઈમામશાહ એમ ભણે, તમે તજોને કામ ક્રોધ રે.

●●●

૬૭. લોભ સવારથમાં જીવ બુડીયો

લોભ સવારથમાં જીવ બુડીયો, અને ગફલત બુડીયો ગમાર રે,
મારું મારું કરતા મરી ગયો, તેની નહી બુંમને ફરીયાદ રે.
ભાઈ પીંડ બ્રહ્માંડ જેણે સરજીયા, તેણે કેમ વિસરો ગમાર રે,
ગર્ભવાસની દીધી વાચા પાલજો, તો છૂટે લક્ષચોર્યાસીનો માર રે.
મન નિર્મલ કરીને સેવીએ, પાંચે મારીને કીજીયે પ્રકાશ રે,
જેમ સુરજ ઉગ્યાને દર્શન પાઈયે, એમ જાણો હ્યદયે હરી પાસ રે.
ભાઈ હરીને શ્વાસે ઉશ્વાસે આરાધીયે, આવો પ્રેમ ફિકરની ઝાલ રે,
જેમ સોના કસોટી કસાઈયે, તો પાઈયે મોલ અપાર રે.
અથરવેદમાં એમ ભાખીયા, તે તો વસે મુનિવરના ઈમાન રે,
તાહાં સાચાં ખોટાને કાઢી નાખશે, જેમ તંબોલી કાતરે પાન રે.
કલિયુગ માહે વખડી વેળા છે, અને થર નહી કોઈના ઈમાન રે,
ભારે આખરીત નજીક જાણજો, મન કરશે પોતાના ધ્યાન રે.
સત્‌પંથમાં આવીને અળગા ગયા, ગુરુ બ્રહ્માને દેવડાવશે ગાલ રે,
તેના દર્શન કરતા બ્રહ્મહત્યા ઉપજે, તે તો પડસે નરકની ખાણ રે.
માંહે માંહે વિરોધ ના કીજીયે, કાહે ખોવે જનમની કમાઈ રે,
વિલંભ નહી વૈકુંઠ ઢુંકડો, તમે હેતે મળો રે મુનિવર ભાઈ રે.
જે મંદિરમાં ધુંધુકાર થાય છે, તેના મનમાં ન દિપકનો પ્રકાશ કે,
નહી તે મંદિર ઉજડ સુના પડા, તાહાં સાચા ન વસે કોઈ રે.
જે નીત નીત દર્શન કીજે દેવના, તે પાઈએ પ્રભુજીને હજુર રે,
કહેત ઈમામશાહ સુનો મુનિવરો, એ છે છેલી ઘડી જાણજો ધ્યાન રે,
જ્યારે કોઈ કોઈને માને નહી, તારે વખડી વેલા આવીયા જાણ રે.

• • •

૬૮. વીરા અંતઃકાળ વેળા જ્યારે આવશે

વીરા અંતઃકાળ વેળા જ્યારે આવશે, અને સ્વામીજી લેશે હિસાબ રે,
કિધા કરતબ શોધસે, અને કેમ કરીને દેશો જવાબ રે.
વીરા અપરાધી જીવને બાંધશે, અને દેવડાવશે ઘણનો માર રે,
મા-બાપ ભાઈ કોઈ નહીં, આપણી કરણી ઉતારસે પાર રે.
વીરા જેણે કસોટી સોના કસીયા, અને તેવા કાયાના હંસ કસાય રે,
જેણે કસોટી જે નર ચઢિયા, તે તો લાખોને મોલ વેચાય રે,
તેણે ઈકોતેરસો સ્વર્ગે સિધાવ્યા, તે નીત નીત કરે સ્વામીના દર્શન રે.
સ્વામી આપ રૂપે જ્યારે પ્રગટ થાશે, અને નર ચઢે કિરતાર રે,
નિષ્કલંકી રૂપ નરપતિ નામ, જે હોસે દશમો અવતાર રે.
દશમો પાત્ર નિષ્કલંકી જ્યારે ચઢશે, અને સોહી જાણો કિરતાર રે,
ભક્તને કાજે પોતે પધારસે, અને સોહી નિરંજન નિરાકાર રે.
જીવનના મરમ કોઈ ના જાણીયે, અને ગફલત બુડયો ગમાર રે,
તેનો કાલ વશીયો દાબીયે, જેમ કસીયો કાલો નાગ રે.
વીરા નાગ ડંસે તેણે ઝહર ચઢે, અને તેણે મરતાના લાગે વાર રે,
પણ સાચા સતગુરુ મળશે, ભાઈ જહર ઉતરી જાય રે.
જહર ઉતરે તેની વાટ સહેલી, અને માયાનો ના કરસો લોભ રે,
એ માયા સર્વકાળ જુઠી છે, તેનો સંસાર મોહ્યાં સોય રે.
વીરા તે કારણ તમે ચેતજો, અને અભિયાન ન ધરસોરે મન રે,
મન મારી દુરિજન દુર કરસો, તો પામસો સ્વામીના દર્શન રે.
જેણે દર્શન કર્યા તેની વાટ સોહેલી, અને જઈ ગતમાં હાલ ગુજાર રે,
ગુરુ મંત્રથી પાતક ઉતારીયે, તો દુઃખથી છુટકારો હોય રે.
ભાંગ, તમાકુ જે નર ખાએ, તે નર નિશ્ચે નરકે જાય રે,
સ્વામી તેના મુખના દેખે, તેના મોઢાં કાળારે થાય રે.
જેણે દાગ લાગે તે કેમ ઉતરે પાર, અને જેણે પીધા મદ્ય પાન રે,
હજુયે ભાઈ નથી જાગીઓ, તારે ફરી સાંભલો આપ રે.
એરણ ઘણના ઘાવ હિરા સહે, અને તેણે માહે જડી જાય રે,
સાચા મુનિવર જેણે કહિયે, જેમ નમક પાણીમાં ધુલી જાય રે.
ગિનાન મરમ કહેત ઈમામશાહ, તમે મુનિવર થાવો હુશિયાર રે,
ચેતી શકો તો ચેતજો, નહી તો ખાસો નરકનો માર રે.

●●●

૬૯. સદ્‌ગુરુ સાથે કેમ જાણીએ

સદ્‌ગુરુ સાથે કેમ જાણિયે રે, તનમન પરખ્યા જાય રે,
ચંદન કેરી વાસથી આંબા, લીંબુ સુગંધા હોય રે.
જીસ વન ચંદન મસમસે છે, તો વસે સદ્‌ગુરુ પીયુંજી રે,
ચાલો રખેશર તે વન જઈએ, જહાં સુખ પામે આપણો જીવ રે.
અગર જલતા ગુણ કરે છે, અને ચંદન ઘસી ઘસી જોય રે,
અવગુણ કેડે ગુણ કરે છે, ગોર કહે હું બલહારી તોય રે.
હું બલિહારી ગુરુ આપણી અને દાડે આનંદ પ્રકાશ રે,
પ્રભુજી માનસ ફેરી દેવકરા, તેણે કરતા ન લાગી વાર રે.
હમ તમ બાંધી સાઈયા પ્રીતડી, અને અમસુ બાંધા બોલ રે,
અમ તમ પ્રભુજી એક ઘેરે, બાબા અમસુ પડદા ખોલોરે.
જેણે મન રહે અંધારીયા, અને જેણે ના લીયો વિચાર રે,
અમ તમ પડદા તબ હુઆ, જબ ગુરુથી ભુલો ગમાર રે.
અહંકાર ગર્વના કીજીયે, અને ગર્વે હોવે વિનાસ રે,
જો આવતા ગર્વને વારીયે, ત્યારે ગુરુ બ્રહ્માજી પૂરે આશ રે.
સત્‌ગુરુ બાંધી સાઈયા પ્રિતડી, અને અમતમ બાંધો સ્નેહ રે,
ગુરુનર બેલીયે બેઠા ચલે, ઉપર બરસન લાગે નૂર રે.
એ સદ્‌ગુરુ નામ પઠંતરો, અને મુજ દેને કુછ નહી રે.
કયા દિજીયે ગુરુ સંતાડીયા, બાબા હૌસ રહી મનમાહી રે.
હૌસ ન રાખે વીરા મનમાં, અને આ ગુરુ પ્રત્યક્ષ દેવ રે,
ઈહા દિલ દિજીએ, ખરા નેહસુ, ભાઈ નીત નીત કીજે સેવ રે.
ગુરુનર ચાંદરણા હોઈ રહે, પાછે ખેણુ એક માયા છેહ રે,
સત્‌ગુરુ સમંદર બેલીયા, અને સંસાર લહેરે પુર રે.
એ દિલ દિયા તેણે સબ દિયા, અને હિરદામા જાગો મુનિવર રે,
ભાઈ દિલથી દુજા કયા દિજીયે, એમ કહે છે સદ્‌ગુરુ સાર રે.
કહેત ઈમામશાહ સુનો મુનિવરો રે, ગર્વના કીજે વીરા ભાઈ રે,
જે મનમા મરજીને અલિયે, તો જુગ ચારની ઉતરે લઈ રે.

•••

૭૦. સાચો સત્‌પંથ પાળીએ

સાચો સત્‌પંથ પાળીએ અને કિજીએ નિર્મલ મન,
જો ક્રિયાથી ચાલીએ હૃદયે વસો, ભાઈ પુરણ હોવે પુન.
ભાઈ પૂર્વ પૂણ્ય વિના કેમ પામીએ, એ સત્‌પંથ સાચી વાટ,
જૂઠ છોડો સાચ બોલીએ, તો સરે જીવના કાજ.
ભાઈ સાચુ બોલીને પાપ બાળિયે, અને સુક્તિ સામલ સાથે લીજીયે,
પણ દુધે ધોયે કોયલા, તે કદીએ ના ઉજળા હોય.
ભાઈ હિરા પરખીએ એરણ ઘણથી, અને રતન પરખીયે ચંદ્રજ્યોત,
અને મુનિવર પરખીએ કરણીસુ, ભાઈ મન જો નિર્મલ હોય.
ભાઈ મન મારી મસલો કિજીયે, અને કિજીયે કડક આચરણ,
ભાઈ મુનિવર ઐસા કીજીએ, જે પકડે ગુરુ બ્રહ્માની બાંય.
ભાઈ ગુરુ જે બોલે આપસુ, અને હુકમ ચઢાવે તે શિષ,
ભાઈ મુનિવર ઐસા કીજીએ, જો ઈકોતેરસો અમરાપુરી ઘેર.
ભાઈ એતો પ્રેમ ખેલ છે, અને જે કોઈ ખેલે અપાર,
પ્રાછત જાયે યુગ ચારના, જો ભણે અજંપા જાપ.
જે ત્રણ યુગમાં ત્રણ જાપ જણાવ્યા, જે આજ કલિયુગનો જપો જાપ.
ભાઈ કળિયુગમાંહે પાપ પ્રસરસે, તમે સર્વે રૂખેશ્વરો રહેજો હોંશિયાર,
સુક્તિ સામલ સાથે બાંધજો, સ્વામી નિષ્કલંકી થાશે સવાર.
ભાઈ બોલ્યા ઈમામશાહ સાંભળો મુનિવરો, તમે સાચુ જાણો કિરદાર,
તે વેળા આવતાં હવે વાર નથી, મુનિવર તમે થાવો હોંશિયાર.

•••

૭૧. હરેમન ભમરા તું લોભિયો

હરે મન ભમરા તું લોભિયો, માયા ફૂલડે લૌ ભાયો રે,
દન રે દો ચારનો મારગ અંતે ખાક મિલ જાયે રે.
ઉગ્યા સોહી દિન આથમ્યાં, ફૂલા સોહી કરમાયે રે,
દુનિયાસા મંદિર ઢળી પડ્યા, નમીયા સો મરી જાયે રે.
કોના છોરૂને કોના વાછરૂ, કોના માને બાપ રે,
અંતકાળે જાવું જીવને એકલું, સાથે પુણ્યને પાપ રે.
લખપતિ છત્રપતિ ચાલ્યા ગયા, ચાલ્યા ગયા લાખ દો લાખ રે,
રાજ કરતાં ઝરૂખે બેસતાં, જલ બલ હો ગયા ખાક રે.
મામાનો લોભી જીવડો, અને ભમીઓ દિવસને રાત રે,
મારૂ મારૂ કરતાં મરી ગયો, મીઠડી માયાની સાથે રે,
કુંભ કાચો રે કાયા નાશવંત, તેના કેસા રે જતન રે.
સત્‌ગુરુ બીના પાર ન લાગે, નિર્મળ રાખો રે મન રે,
ધંધો કરી ધન જોડ્યું, લાખ ઉપર કરોડ રે.
મરણની વેળા આવી પહોંચી, લીયો કંદોરો કેડ રે,
મુરખ કહે ધન મારુ, ચોખુ અન્ન ના ખાવે રે,
વસ્ત્ર વિના જઈ પડ્યો, લખપતિ લાકડા અંગાર રે.
એરણનો ઠબકો મારિયો, ઉઠ ચલારે આતમ રે,
ભવસાગર દુઃખ જલે ભર્યો, રોકે વાયુને મેહ રે.
વચમાં હોય સદ્‌ગરુ અચ્છો, તો પાર લગાવે દેહ રે,
કોઈ ચાલીયાને કોઈ ચાલસે, અને કોઈ ચાલન હાર રે.
કોઈ બૈઠા રે બુઢા બાપડા, જાયે નરક મોજાર રે,
ભમરો આવિયોરે કમળમાં, લેવા કમળની વાસ રે.
કમળની વાસનામાં મોહી રહ્યો, જેમ આથમ્યા સુર રે,
કહેત ઈમામશાહ વસ્તુ વહોરીયે, જે કોઈ આવે સાથ રે,
આપણો હાથ ઉગારીયો, લેશો પ્રભુજીને હાથ રે.

●●●

૭૨. સતપંથ વોરી વોરી

સતપંથ વોરી વોરી અળગા ન રહિએ,
અમૃત પીએ તો મુખે જુઠું ન કહિએ,
જે દમ બોલ્યા તે દમ લખાશે,
સાચા જુઠાના નિવેડા જ થાશે,
આવો આવો મારા વીરાભાઈ મોતીના વહેપારી
મોતીડા વોરતા વહાલી વસ્તું વિસારી,
મારુ તારુ કરતાં જનમ ગુમાવ્યો
હિરલા સરીખો આ મનખો ગુમાવ્યો,
જેમણે સરજયાને જેમણે નિપાવ્યા
તેમના તેં તો નામ ન જાણ્યાં,
ભુલી છે રે દુનિયાને મર્મ ના જાણે
અલખ નિરંજનનાં નામના પીછાણે,
શરીર તમારું છે ફુલડાનો ભારો
કરમાઈ જાતાં નહીં લાગે વારે રે,
દાન કરો તો વિરાભાઈ જમણે રે હાથે,
અંત કાળે આવે આપણા જીવની સંગાથે,
દાન કરો તો વીરાભાઈ સુપાત્ર જોઈ,
પૂજાનાં ફળ તમે પામશો જ શોઈ...
કહે રે સદગોર તમે ચેતીને ચાલો,
ફરી ફરી આવો મનખો નહી મળે,
આરે જ્ઞાન ઈન્દ્ર ઈમામશાહ રે બોલ્યા,
સેવક જાણીને પરદા જ નજરે જો મળીયા,
પરદા ખોલ્યાને સ્વામી નજરે જો મળીયા,
લક્ષ રે ચૌર્યાસીના ખાણના ફેરા જ ટળીયા

●●●

૭૩. ભાઈ સરોવર ફાટ્યાને

ભાઈ સરોવર ફાટ્યાંને નીર ઉલટયાં, નહીં કોઈ સાંધણહાર,
ગાય ત્રાટીને નહીં કોઈ વાળશે નહીં કોઈ ગતનો ગોવાળ,
જુગમાં કળી રે કાળ આવીયો, વીરાભાઈ કલીયુગ આવીયો,
ભાઈ ધરતી ઉપર ધંધુકાર વ્યાપીઓ પછી થાશે, પ્રલયકાળ,
ધબલા ધોરીનું સત ચુકાવશે શેષનાગ રહશે સતને આધાર,
ભાઈ ગોરનાં વચન નહીં કોઈ માનશે નહીં માને પ્રજા રાજાની આણ
નગર મોજાર રે ઉજ્જડ થાશે થાશે હાહાકાર..
ભાઈ જ્ઞાન ધ્યાનને વેદ વાયકે નહીં કોઈ વાંચનહાર,
પાનાં પુસ્તક સર્વે ખોટા થાશે વસ્તુ સર્વે વિસારી...
ભાઈ અઢારભાર વનસ્પતિ જ્યારે કરશે પોકાર,
પતિ વતા નારી લાજ લોપશે ત્યારે પડશે દુકાળ,
એક નારીને ત્રણ ત્રણ બાળકો અવતરશે,
ભાઈ ત્યારે આવ્યો રે કળીકાળ...જુગમાં..
ભાઈ બગલા જેવડો હોશે બળદીયો,
અને હોલા જેવડી રે ગાય....જુગમાં...
ભાઈ પિતાથી પુત્ર ઉતાવળા નરથી નારી ભલેરી રે થાય,
શેઠથી વણોતર વધશે ગુરુથી ચેલા અદકેરા થાય...જુગમાં
ભાઈ ધરતી ઉપર પાખંડ જાગશે લોક ધૂતારા થાય,
રાખણવારો રાજા લૂંટશે એની ઘા નહી ફરીયાદ.....
ભાઈ જ્ઞાન બોલ્યાં ગુરુ ઈમામશાહ, સાંભળો મુનીવરભાઈ
વેદ વિચારી વીરાભાઈ ચાલજો તો સાચી તમારી કમાઈ,
જુગમાં-કલીરે કાળ વ્યાપીયો....

●●●

૭૪. ભાઈ રાજા દિવાનને દુઃખ..

જીરે ભાઈ રાજા દિવાનને દુઃખ જ્યારે પડશે
ત્યારે પ્રજા નહિં માને રાજાની આણ
જીરે ભાઈ સરસ્વતિ સાબરમતી એક ટોળે મળશે
ત્યારે થાશે એકા કાર
જીરે ભાઈ અઢાર લાખ ઘોડાં જાતવંતા ચડશે
અવર તો રીંગનો નહિ પાર
જીરે ભાઈ ધરતી ઉપર લીંડ સવાગજ ચડશે
ત્યારે કંપશે વરણ અઢાર
જીરે ભાઈ ધરતીનો ભાર શેષનાગ નહિ જાલે
ત્યારે ધરતી થાશે હલ હલ કાર
જીરે ભાઈ જાંબુના દ્વીપમાં સ્વામીજી પધારશે
મુનિવર થાઓને હોંશિયાર
જીરે ભાઈ જાંબુના દ્વીપમાં યોગેશ્વર બેઠા
બેઠા છે રૂપ છુપાઈ
જીરે જ્ઞાન અમીરસ ભણે ગોર ઈમામશાહ
ગોર બોલ્યા છે અમીરસ વાંણી

●●●

૭૫. ભાઈ ચેત ચેત બંદાને...

જીરે ભાઈ ચેત ચેત બંદાને આવ્યો છે કળજુગ આવી છે કઠણ વેળા
જીરે ભાઈ કળજુગ આવ્યોને કેમ કરી જાણશો સતીયાં કા જીવ ન મેરા
જીરે ભાઈ મુનિવર થઈને તમે વ્યાજ ના ખાસો અને ના કરસો જુઠી વાત
જીરે ભાઈ મુનિવર થઈને તમે ચિંતામાં સૂવો મત કરો અનેરાઈ
જીરે ભાઈ દોનો તે બંધવ દોએ લડેગા કોઈ કેનું ખાટ્યું ના ખાએ
જીરે ભાઈ દોનોં તે બંધવ અબોલા રહેશે કોઈ કોઈને ઘેર નાં જાવે
જીરે ભાઈ કળજુગ આવ્યો ને કેમ કરી જાણશો માન મોટાના જાસે
જીરે ભાઈ વવુ સાસુને નહિં જ નમશે બેટાના દેવે માન
જીરે ભાઈ નવ નવ માસ માતાએ ઓદરમાં રાખ્યા તેના ગુણના અવગુણ કેમ થાઓ
જીરે ભાઈપોતાનો પુરૂષ મેલીને સ્ત્રી બીજા સંગાથે જાશે
જીરે ભાઈ અંતકાળે વાળ તેનાં લોઢાનાં થાશે સો હી રૂદીયામા જલશે
જીરે ભાઈ સોળ કળાઓ લઈને સૂરજ ઉગસે ત્યારે મેઘ અગન ના વરસે
જીરે ભાઈ ધરતી તો ત્રાંબા વરણી રે થાશે કુડીયા નર જલી જલી મરસે
જીરે ભાઈ એક-એક ગુનો સો સો વાર પુછાસે ત્યારે જીવડા પોક પાડી રોસે રે,
જીરે ભાઈ પાપ ધરમ તારા કાંટે તોળાશે રે, ત્યારે જીવડો દુઃખ ભોગવશે
જીરે ભાઈ અધ લાખ વરસના એક દિવસ થાશે એવા સાડા ત્રણ દીવસ ભોગવવા પડશે
જીરે ભાઈ આગમ ચેતાયાં તો એનાં ચેત્યા પડશે દોજક કેરી ખાંણ રે
જીરે ભાઈ જ્ઞાન અમીરસ ભણે ગોર ઈમામશાહ ગોર બોલ્યા છે, અમીરસ વાણી રે તો કોઈ કોઈ સતીયાં સમજશે

●●●

૭૬. ભાઈ સ્વર્ગભવનથી સદગુરૂ

જીરે ભાઈ સ્વર્ગ ભવનથી સદગુરૂ ઈંટ જ લાવ્યા
લાવ્યા છે જાંબુદ્વીપ માંહે
જીરે ભાઈ ઈંટ લઈને ગોરે હાજર રાખી
રાખી છે ઢોલીયાની હેઠે
જીરે ભાઈ ઢોલીયા ઉપર તપ શાહોજીનાં કહિયે
ત્યાં નિત-નિત કિજે ગોઠ
જીરે ભાઈ ઢોલીયા ઉપર પુજા અમીરસની કહિયે
મુનિવર ઈમાન લાવો
જીરે ભાઈ અહિનમો તેના નામને જાણો
સ્વામીના તખત પ્રમાણે
જીરે ભાઈ ગુપત ધરમ મુનિવર ભાઈઓને સોંપ્યો
મુનિવર મન ભાવે સો આવે
જીરે ભાઈ મહાદન દાડો અમે જાહેર કરશું
તે તમે સહિ કરી જાણો
જીરે ભાઈ જ્ઞાન અમીરસ ભણે ગોર ઈમામશાહ
ગોર બોલ્યા છે અમીરસ વાણી

●●●

૭૭. ભાઈ ટાઢુંને મીઠું બોલીએ

ટાઢું ટાઢુંને મીઠું બોલીએ ગોર ગત ગંગાને ભાવે
સભા સોહાતું રે બોલી, મારે મન મીઠડાં હોય
જેને રે મુખે મીઠાગોર વસે, તેને અન્ન નાં ભાવે
જેને રે રહ્દય સાચા સાંઈ વસે, તેને નિંદ્રા નાં આવે
નિંદ્રા તજોને રે વીરાભાઈ, જ્ઞાન વિચારોને મોરાભાઈ વેલ
સાંકડી શેરીમાં મીઠાગોર મળ્યા, મારે લોક શું વહેવાર
નિચા નમીને કાંટો કાઢીએ એમ લાગીએ ગુરૂજીને ખાય
જેનેરે મુખે રે મીઠાગોર આપનો દેશો આ લોકને
જેથી રહેશો ન્યારા દે જો દે જો રે સાચા સંતને જેથી ઉતારે ભવ પાર...
જેને રે મુખે મીઠા ગોર વસે જળ જળ કમળના નિવજે વન
વન ચંદન ના હોય જ્ઞાન બોલ્યા ગોર ઈમામશાહ ચેતો ચેતણ હાર...
જેને રે મુખે મીઠાં ગોર વસો

●●●

૭૮. આજ સ્વામી અમે તીરથ

આજ સ્વામીજી અમે તિરથ નાયા, ઘેર અભ્યાગત આવ્યા રે
પાવળ લઈને ભ્રાંત ચુકાવ્યાં, તો નૂરમાં નૂર સમાયાં રે
જીવડાને કાજે સ્વામી આણી પેરે આવ્યા, ગર્ભવાસની વાંચા સંભાળેરે
ઘેર આવ્યાને અભ્યાગત મા નો, તો દયા ધરમ સુકરી તેરે...આજ
હરિ હરતાંને ફળ આવરદાનો વારો, સદ્દગુરુની આવી મહેરબાનીરે
રંગ કસુંબે જેનર ચડીયા, તે નર પંથેના ચડ્યાં નિર વાણી રે...આજ
રંગ મજીસ જે નર રચીયા, તે નર પંથ ચડયા નિરવાણી રે
જુગો રે જુગમાં અગમ અગોચર, મારા ગુરૂ એ મારંગ બતાવ્યારે...આજ
નવે અવતારે નવે દાનવોને છે દયા, દશમે કાળીંગો છે દણ હારા રે
ગોરનર સ્વામી જુગો જુગે આવ્યાં, તો દિલમાં જ્ઞાન લ્યો વિચારી રે.....આજ
ધન્ય પીરાણાને ધન્ય ગિરામઠાં, ત્યાં છે ધરા કુંવારીકા રે..
અડસઠ તિરથ આવીને વસીયા, વસ્યા છે દેવ મુરારી રે...આજ
જાંબું દ્વીપમાં સેવાજાગી, ત્યાં શિંગીને નોબત વાગ્યાં રે
દેશ રે દેશોના યાત્રાળુ આવે, દર્શન કરીને દુઃખ ભાંગે રે...આજ
ગુરૂના પ્રતાપે ગોર સહદેવ બોલ્યા, મુનિવર રહેજો હોશિયારી રે
કરો કુછ કરણી કમાવો મોટા ભાઈ, તો અમરાપુર પહંચો વહેલા રે
આજ સ્વામીજી અમે તિરથ નાયા, ઘેર અભ્યાગત આવ્યા રે

●●●

૭૯. તજી ઘોડાં સદગુરુનો હંસલો કહીયે

તેજી ઘોડો રે સદગુરુનો હંસલો કહીએ
તો શ્વેત ધરીયા છે પલાણ....મેંદી રંગ લાગ્યો જી
દંલ દંલ ઘોડે નર નકલંકી ચડશે
સદગુરુ વિશ્વનું પારો અસવાર....મેંદી રંગ લાગ્યો જી
શ્વેત ઘોડાને શ્વેત પલાણ હોશે
તો શ્વેત રંગીલી છે ભાત..મેંદી રંગ લાગ્યો જી
પશ્ચિમ દિશાથી સદ્‌ગુરુને સેન પરવરસે
તો જાસે પુરવને પ્રભાત...મેંદી રંગ લાગ્યો જી
કુદરતી નગારા વાજીંત્રો વાગે
તો નવે ખંડમા પ્રકાશ.....મેંદી રંગ લાગ્યો જી
નવાંણુ કરોડી જાંખા મેઘા કિનર હોશે
તો હોશે કુલ કાયમનો પરિવાર...મેંદી રંગ લાગ્યો જી
ત્રેધારી ખાંડુને ચારે દિશા ફરશે
તો કાપશે દહીંતો ના શિશ...મેંદી રંગ લાગ્યો જી
વસમાં કુંવારા ત્રણ ત્રિભુવન પરણશે
સદગુરુ વિષ્ણુ આવ્યા છે કિરતાર...મેંદી રંગ લાગ્યો જી
ચોળ રંગનો મજીસ જો લાલ
રંગ લાગ્યો છે રૂદીયાંની માંય...મેંદી રંગ લાગ્યો જી
આરે જ્ઞાન સદગોર ઈમામશાહ બોલ્યાં
તો કહું એક આગમનાં એંધાણ....મેંદી રંગ લાગ્યો જી

●●●

૮૦. યોગ વાણી

સુંન મધે જોને બિંબ જ હોતા, અને તેજ મધે બિંબ ઉપન્યા
યોગ મધે સર્વે ઈંડ નિપાયા, ઈંડ મધે હરિએ બાંધી કાયા
રે યોગેશ્વરો યોગની જુગતી અનેરી
ઈંડ છેદીને હરિએ હેત ઉપજાવ્યાં, હેત શું કિધા વિસ્તાર
ઈંડથી નરનો આકાર ઉપજયો..ત્યાં મુરત સરજી ચાર
રે યોગેશ્વરો યોગની જુગતી અનેરી
હેતધરીને દેવે જુગતી નિપાઈ, અને તેજ થકી સર્વે કિધાં
સતને સંતોષે ત્રણદેવ સમાઈ, ત્યારે ઓમકાર શબ્દે સૃષ્ટી નિપાઈ
રે યોગેશ્વરો યોગની જુગતી અનેરી
આદ ઉનાદે જોને ઓમકાર ભણીએ, અને બ્રહ્મા, વિષ્ણુંને ગણીએ
શક્તિથી સર્વે સૃષ્ટી જો બાંધી, તો એક ધ્યાને રહ્યા સાથી
રે યોગેશ્વરો યોગની જુગતી અનેરી
સુન મધે જો ને શબ્દ ઉપન્યા, અને શબ્દ થી સર્વે નિપાયા
કહે ગોર ઈમામશાહ અમે શબ્દથી સર્જ્યા તો તેજ માંહે તેજ સમાયા
રે યોગેશ્વરો યોગની જુગતી અનેરી

●●●

૮૧. આદે ઉનાદે જોને સદગોરે સર્જ્યા

આદે ઉનાદે જોને સદગોરે સર્જયા, ત્યારે ત્રણ મુરતે પેદા કીધાં
ત્રણે મુરત એક જ્યોતિ શું ખેલે, તમે આદે ઉનાદે લેજો જોઈ
રે યોગેશ્વરો જોગના મરમ કોઈનાં જાણે
સતપંથ મધ્ય જોને સદગોર આવ્યા, સત્ય સંતોષ બેઉ લાવ્યા
ધર્મ પ્રકાશી સ્વામીએ પાપ પખાવ્યા, ત્યારે સૃષ્ટી તણા ગોર કહાવ્યા
રે યોગેશ્વરો જોગના મરમ કોઈનાં જાણે
ગોરના કાંકણ બંધાવી જે પાવળ પીધાં તે જીવ ચારે ખાણી માંહેથી છૂટ્યા
દુનિયા જીવ તે તો દુનિયા શું લાગ્યા, તે તો સતપંથ માંહેથી ફુટ્યા
રે યોગેશ્વરો જોગના મરમ કોઈનાં જાણે
ઋષિવર જે કોઈ રતન પિછાણે, કાચની ઓરતને તજે
સતપંથની વારમાં ધ્યાન ધરીને, અલખ પુરૂષને ભજે
રે યોગેશ્વરો જોગના મરમ કોઈનાં જાણે
વિષ્ણુંને ઓળખીને પાત્રને પુજે, અને મેલે દુનિયાની આશા
અલખ પુરૂષનું ધ્યાન જો રાખે, એના હોશે અમરાપુરમાં વાસ
રે યોગેશ્વરો જોગના મરમ કોઈના જાણે-૫
આદ્ય પુરૂષ જોને, સતપંથમાં આવ્યા, સોહિ યોગેશ્વરે પાયા
ભણે પાત્ર બ્રહ્મા ગોર ઈન્દ્ર ઈમામશાહ અમને મળો અમર થાય કાયા
રે યોગેશ્વરો જોગના મરમ કોઈનાં જાણે

●●●

૮૨. યોગવાણી-પ્રાણ સર્જીને

પ્રાણ સર્જીને સ્વામીએ પિંડ નિપાયા પ્રાણ તણી આ છે કાયા
કાયા મધે અબદુ કર્મજો મેલ્યાં, તો રક્ષણ હારો સૌમાં સીમ
રે યોગેશ્વરો યોગ યોગેશ્વર કમાવો
યોગેશ્વર જે કોઈ જીવને ઓધારે, જનમ મરણના ફેરા
વૈકુંઠની વાટમાં ઊભા જો રહિને, નરકે જાતા જીવને વારે રે...
રે યોગેશ્વરો યોગ યોગેશ્વર કમાવો
ધ્યાન ધરી ધરી ધંધુકાર જો દેખે, જનમ મરણને રાખે લેખે રે...
નિગમને જાણે અગમ પિછાણે, તો સૂન કળામાં સર્વે દેખે રે...
રે યોગેશ્વરો યોગ યોગેશ્વર કમાવો-૩
આસન રાખીને સ્થળ પુજાવે, એવી જુગતીએ જીવના તારણહાર
ભણે પાત્ર બ્રહ્માઈન્દ્ર ઈમામશાહ યોગેશ્વર પુરા તેને હાજર ગત ગંગામાં લેજો જોઈ રે...
રે યોગેશ્વરો યોગ યોગેશ્વર કમાવો

●●●

૮૩. યોગવાણી- નાથ તમારા ને ચેલા અમારા

નાથ તમારા ને ચેલા અમારા, અમે જનમો જનમના છીએ
નવનાથને સિધ ચોર્યાસી, તેના આસન અમને આરાધે
રે યોગેશ્વરો કાયા કસો તો યોગ સૂજે
ત્રાંસા બાંધીને અમે જીવને તોળીશું રતી અવગુણ નહિ રાખું તમારા
જો જીવ બળશે ને એકઠાં મળશે, તેના શીર પડશે ઘણનો માર
રે યોગેશ્વરો કાયા કસો તો યોગ સૂજે
સાતમે નેજે આવી સૂરજ તપશે, ત્યારે ધરતી ત્રાંબા વરણી થાશે
એક એક ગુનો સો સો વાર પુછાશે, ત્યા જીવડા રોસે પોકો પાડી
રે યોગેશ્વરો કાયા કસો તો યોગ સૂજે
સતપંથી હોશે તેના શિર છત્ર ઢળાસે તેને અગ્નિ નહી લોપે લગાર
તે જીવનો મહાદન એળે રે જાશે, તેતો બેસ સે સાહેબની પાસ
રે યોગેશ્વરો કાયા કસો તો યોગ સૂજે
તેરે દહાડા તમને દો હેલારે જાશે, કિધાં કરતવ આગળ હોશે
તન મન વારોને જીવને ઓધારો, નહિં તો હિસાબ પુછતાં હાંણ જ થાશે
રે યોગેશ્વરો કાયા કસો તો યોગ સૂજે

●●●

૮૪. ભાઈ કલીયુગમાં હે કાલીગો..

ભાઈ કલીયુગમાં હે કાલીગો આવશે એનાં એ છે પહેલાં એધાણ
જે ઈમાન વીહોણાંને અકલ હીણાં તે જીવ બુડશે સારી જહાન...
સાત પેઢીના સગા દેખાડશે અને દેખાડશે મા ને બાપ...
એણી પેરે સર્વે તે પર બોધશે કાશી વિશ્વનાથ જપાવશે જાપ
તેના ચોવીસ ચેલા ચપ્પટ કરતા આવશે અને મૂખમાંહેથી બોલશે ગાળ
તે પાણી મંત્રીને ઘી નીપાવશે વેળુ મંત્રી કરશે ખાંડ...
કાલીગો અત્રીગ આસન પુરીને બેસસે અને પુરશે તે સહુંની આશ
એણી પેરે સરવેના ઈમાન લેશે પછી સર્વે કોઈ થાશે નીરાસ
કાળીગો છ માસ સુધી હથિયાર બાંધશે અને સુદની કરશે પેર
સુરજા રાણી કમલા કુંવરને શીખામણ દે તમને મલસે પોતાના ઘેર
કમલા કુંવરને રાજપાટ સોપીયા અને તમે સઘળાં કરજો કાજ
અરથ ઘરથ ધનમાલ સોપીયા અને સોપીયા મહાચીન નગરીના રાજ
કાલીગો ચપ્પટ ચાળા કરતો આવશે તે નહી સાબરમતી કરશે મેલાપ
સતીયાં લોકોના સત ચુકાવશે એણી પેરે સહું કોઈના લેશે ઈમાન
આજ કલીયુગની વખડી વેળા છે તેમાં તમે મુનીવર થાઓ હોશિયાર
કાલે કરતાં આજ કરજો પછી સ્વામી થાશે અસવાર
જીસ દીન સંવત ચલોતરો પુરો હોશે અને ચૈત્ર માસને ગુરુવાર,
તે દીન સ્વામીના સેન ચડશે ત્યારે સ્વામી બાંધશે હથિયાર
ભાઈ વેળા પોતીને રતપાકી અને હેતના વરસે નૂર
જયારે સૌએ નિશાન પુરા હોશે ત્યારે પશ્ચિમ દિશાએ ઉગશે સુર
ભણે પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ તમે સુણો મુનિવરભાઈ
આ જીવને કાંધેં પાડો રે જંજાળ પેલા ચેતી શકાય તો ચેતજો, પછી તુટશે પુન્યની પાળ

●●●

સદ્‌ગુરુ ઈમામશાહ મહારાજ રચિત ચેતાવણી

૧. કાયા વાડી કારમી

કાયા વાડી કારમી, કિચડ ઘાલા છે અપાર,
પુત્ર કળત્ર છે સહુ કારમુ, કારમો છે અરથ ભંડાર રે.
જહાં જોઉ ત્યાં કારમું, કારમો સકળ સંસાર રે,
નારાયણ નામ નહી કારમું, બીજું સપનું વિચાર રે.
ચેતો રે પ્રાણી બાપડા, ચેતો હૈડા માંહે રે,
સંસાર સપનુ જાણીએ, ભુલ્યા ભરમે અપાર રે.
સ્વામી તારી કરણી તુ જાણે, મુર્ખ આપ વખાણે રે,
કેટલા હૈડે ગર્વ ધરો, જીવની કરતા ન ચિંતા રે.
રોમ રખે સો જતીયા હુવા, તે તો ગયા નિરાસરે,
અલ્પ જીવના તું બાપુડા, તમને કેટલીક આશ રે.
કેના તે મંદિર માળીયા, કેના અર્થ ભંડાર રે,
કેની પ્રથમી પાલખી, કેના ગજ, તોખર રે.
ઈમામશાહ ગીનાન બોલીયા, માન્યાતે અમરફળ પાય રે,
ચેતો રે પ્રાણી બાપડા, ચેતો હઈડા માંહે રે.

●●●

૨. ગફલતમાં ન રહો મુનિવરો

ભાઈ ગફલતમાં ન રહો મુનિવરો, કાં તમે નિદ્રાસે સુતા ઘોર રે,
સતેના માલ સર્વે ખોઈ રહ્યાં છે, લુટી જાસે માહેલા ચોર રે.
ભાઈ મોહથી સર્વે લુટીયા, ખાલી થયા છે શહેર રે,
ભાઈ સત જોઈએ આગળ નહી મળે, તેને કરજો હૈયાથી પાર રે.
પહેલી ઉત્તમ ક્રિયા કીજીયે, મોઢે જબાન સાચુ બોલ રે,
બીજી ક્રિયા હરિનામ લીજીયે, દુઃખ ભાગે સઘળા રે.
ત્રીજી ક્રિયા મન વશ રાખીએ, પુજીયે ઘટને પાટ રે,
સદ્‌ગુરુ ચરણ ધોઈ પીજીયેએ, ચોથી ક્રિયા સત્‌પંથની વાટ રે.
ત્રણ ત્રણ જુગતો ગયા ઢુઢતાં, ચોથે કલિયુગ ઉતરો પાર રે,
ગર્ભવાસની વાચા પાલજો, અથરવેદનો સાર રે.
કહેત ઈમામશાહ સુનો મુનિવરો, કરજો સતની વાત રે,
નામ લેજો સાચા પ્રભુજીના, જીકર કરો દિન રાત રે.

●●●

૩. ગુરુબીન જ્ઞાન નામબીન ભૂલ્યા

ગુરુબીન જ્ઞાન નામબીન ભુલ્યા, વ્યર્થ જનમ ગુમાવ્યો હો,
વેદ પઢી પઢી થાક્યા પંડિત, બ્રહ્મ ભેદ ના પાયો જી.
બ્રહ્મા, વિષ્ણુ આદિ ઘણી છે, સચ્ચિદ જ્ઞાન ન જાણે રે,
ધરતી ન હતી આકાશ ન હતુ, મુલન અલખ લખાયા રે.
કપટ આપણા દિલમાંથી કાઢી, ધર્મ ધન કરણી કમાવો રે,
કરણી આપણી સાથે આવશે, બીજી કુછ કામ ન આવે રે,
સત્‌પંથ આપણો સત્‌ કરી સેવો, સત્‌ગુરુ બ્રહ્માજીને પાસે હો,
સત્‌પંથમાં આવીને જે કોઈ ભુલ્યા, જે જાસે ઘોર અંધારા રે.
આખરી વેળા માહે ઓળખી કાઢો, તો સ્વામીના નામ આરાધો રે,
પાતક આપણા દિલમાંથી કાઢો, મોક્ષ મુક્તિ જી પામશે રે.
કહે ઈમામશાહ સાંભળો મારા ભાઈ, સદા સફળ હોશે રે,
અમર લોકમાં તે દાખલ હોશે, પાછા ફરી નહી આવે રે.

●●●

૪. ગફલતમાં ના સુવો મારા મુનિવરો

ગફલતમાં ના સુવો મારા મુનિવરો,
તમે જો જાગો ત્યાં સત્‌સુ, અને હૃદયમાં થાવો હોંશિયાર.
આપણો પ્રભુજી હિસાબ માગશે, ત્યારે કેમ કરી દેશો જવાબ.
તમે ચિતમાં ચેતીને ફિકર આણ જો, ત્યા મૃગલા ચરે હરિયા ખેત.
લાભ જાસેને ખોટ આવશે, ત્યારે સત્‌ વિના તુટસે હેત.
ત્યાં ધરમની બેલી કિજીયે, તો રહેશે આપણુ ધરમ રે.
સત્‌ની વાડી કિજીયે, અને દશવંત બીજ વાવો રે.
જીકર ફીકરના પાણી સિચીયે, તારે સબકુછ નિપજ હોય રે.
તમે ધરો સબુરી સતની, અને મનમાં રાખો ધીર રે.
ત્યાં જળ ભરેલ સરોવર, પાળ તૂટીને વહી જાસે નીર રે.
કહે ઈમામશાહ સાંભળો મુનિવર, તમે ચેતીને ચાલો મારા વીર રે.

●●●

૫. ચેતો ચેતો ભાઈ ચંચળ મનથી

ચેતો ચેતો ભાઈ, ચંચલ મનથી તમે ચેતો, જ્યાં સુધી ઘટમાંહે શ્વાસ રે,
ભાવ હુવા પણ ભક્તિ ના હુઈ, અને ઉડી ચાલીયો ઉદાસ રે.
કુબુદ્ધિ ગીનાન ના વિચારસો, લીધો મુરખ જનમ હરાઈ રે,
ગાફલ જન્મ હરાઈ રે ભાઈ, જ્ઞાનના વિચારસુ ના લીધો રે,
સંસાર હાટપાટ બજાર કરી જાણો, તમે સહુ વણજે આવ્યા રે,
વણજ કરી શકો તો વણજોરે ભાઈ, નહી તો ફોકટ ફેરા ખાસો રે.
નયના થાકી રે, તારા વેણ જો થાક્યા, થાકી તારી સુંદર કાયા રે,
ચરણ ફરણ તારા દમસુ થાક્યા, એકના થાકી કુડી માયા રે.
પ્રભુજીને તમે સાચા કરી સેવો, જે રાખે મનમાં વિશ્વાસ રે,
જ્ઞાન અમીરસ ઈમામશાહ કહે, ધરમનું તમો કરો આચરણ રે.

●●●

૬. ચંચળ ચિત મન સ્થિર કરી ધરો

ચંચળ ચિત્ત મન સ્થિર કરી ધરો, તો જગમાં જીવડાની ચિંતા કરો રે,
કાયા કાચી ગળી જશે કાલ, તો આગમ જીવડા કો હાલ રે.
જાગો જાગો મનખા દેહી તમ ધરી, પણ જીવની ચિંતા એક ન કરી રે,
હું હું કરી સર્વ ગુણ ખોયા મુર્ખ તુ સંઘ, પણ હવે કલિયુગ ઘેલી સંગ રે.
જુગો જુગના ભુલ્યા કલિયુગે મળ્યા, પણ કલિયુગના તે નરકે જાશે રે,
જેમા પુર્વ કર્મે સત્‌ગુરુ મલીયા, તેના ભવસાગરના ફેરા ટળિયા રે.
સત્‌ગુરુ મળિયા તો રાખો વિશ્વાસ, તો એક ચિત્તે ધરો સ્વામીનું ધ્યાન રે,
કહેત ઈમામશાહ, સુણો, મુનિવરો, તો ગતમાં મળતાંના કિજે વાર રે.

●●●

૭. જીવ તું આવ્યો સંસારમાં

જીવ તું આવ્યો સંસારમાં, ઓળખ્યા નહી મોરાર રે,
નયને નિહાળ્યા નહી શ્રી હરિ, ભુલ્યા અંધા ગમાર રે.
પ્રત્યક્ષ બેઠા તેણે ઓળખ્યા નહિ, આજ કલિમાં દશમો અવતાર રે,
શ્વેત દ્વીપથી હરિજી આવીયા, શ્રી નિષ્કલંકી અવતાર.
જાહેર જાંબુદીપમાં આવીયા, નારાયણ શ્રી નિષ્કલંકી આપ રે,
જીકર ફીકરે તમે જાગજો, હાલ ગતમાં ગુજાર રે.
ખરી દશવંત તમે જાણજો, દીધા કોલ તમે સંભારો રે.
માતાના ગર્ભમાં તું આવીયો, સેવ્યા દશમાસ રે.
કોલ દઈને બાહેર નિસર્યા, હું તું કરવા લાગ્યા વાર રે.
ધન સંપત માયા બહું સાચરી, જુઠા જગ ધંધાને કાજ રે.
કુટુંબ મળીને પોષીયા, ધન જોબન મસ્તી મારે રે.
જીવતું ચાર ખાણમાં આવીયો, પામ્યો મનુષ્ય દેહ રે.
જીકર ફીકરે તમે જાગજો, લઈને પ્રભુના દર્શન રે.
કહેત ઈમામશાહ તમે સાંભળો, વખડી વેળાની છે વાત રે.

●●●

૮. જુગમાં ચેતીને ચાલજો

જુગમાં ચેતીને ચાલોજી, મરના હૈ જરૂર રે.
કાયાનો ઘટ તારો ખુબજ બન્યો છે, પંચ તત્ત્વોનો મુલ રે.
કાયા નગરમાં છે રે રાજા, ચેતીને નુર માંહે નુર રે,
તેજ સ્વરૂપી ચેતન કરી જાણો, કાયા માયા સર્વે કુડ રે.
કાયા નગરપર ભાવ એક ભારી, કામ કરે ચકના પુર રે.
કાયા નગરમાં પાંચે ચોર વસે, ચેતીને ચાલો મારા વીરારે રે.
કરો હુશિયારી સદ્‌ગુરુ ચેતાવે, તો નામ લીજે નિર્મલ મન રે.
દયા સખાવંત હરદમ કી જે, તે ક્ષમા ધરમનું મૂળ રે.
કહેત ઈમામશાહ સુણો મુનિવરો, રહે જો સદ્‌ગુરુને હજુર રે.

●●●

૯. જાગોરે જીવલડા સુવો મા ખોઈ

જાગોરે જીવલડા સુવો મા ખોઈ, એણે સુવોના માંહે જે નર ખોઈ રે.
માયા માહે પડીને જીવ પસ્તાય જી, જાગતા ઉત્તમ અમરફળ પાયા રે.
જાગો રે પ્રાણીયા રહેલી બીહાની, બીન પુજે કેમ ફળ પામીએ રે.
સંચિતવિના ધારણ ન હોસે, કરણી વિના કોઈ પાર ન ઉતર્યા રે.
ગુરુજીએ મારગ દેખાડ્યો હોઈ, સોહી જાણોરે મારા મુનિવર ભાઈ રે.
આગળ જે નર ગુરુવચને ચાલ્યા, તે અમર થયા નિર્વાણ રે.
માતાના ગર્ભ માંહે દશ માસ રાખ્યો, કૌલ દઈને જીવ તમે છૂટ્યા રે.
કોલ દઈને જીવડો જુગમાં આવ્યો, ભૂલ્યાને ફલ ના હોવે રે.
કહેત ઈમામશાહ સુણો મેરા ભાઈ, તમે ભુલી મત જાઓ કોલ રે.

●●●

૧૦. જાગો રે જાગો તમે નિદ્રાને ત્યાગો

જાગો રે જાગો રે તમે નિદ્રાને ત્યાગો, ભજન કરીને હરિના દરશન માગો.
પ્રેમને પગટાવો પ્રાણી અંતરયામી, તમ વિના ક્ષણભર નથી રહેવાતુ સ્વામી.
માયાનો બંધાયો જીવડો દિસે હો જાડો, ચૌર્યાસીના મોઢામાંથી સત્‌ગુરુ કાઢ્યો.
ચૌર્યાસીના મોટા મને લાગે છે ભગતો, મરવુને અવતરવું સત્‌ગુરુના મતે રે.
જોને વિચારી આ ભવ કયા થકી આવ્યો, માતાએ જનમ્યો રે તને પુત્ર કરી જાણ્યો.
કેના પુત્રને, કોના પુત્રી એ તો માયાનો માલો, અજ્ઞાનતાનો બાંધીયો જીવ પડ્યો છે ફંદો.
સગુણે તારો કારમુ દિશે, દોરાને દશી રે તારા છોડીને લેશે.
આકાશે એવા રે અનહદવાજા ગગડીયા,સમમ જાતા વાર નહી લાગે.
કહે ઈમામશાહ હેતે હરિને ભજો, વૈકુંઠ જવાના તમે સામાન સજો.

●●●

૧૧. જીવના ધંધા શું કરો

જીવના ધંધા શુ કરો, અને જુવો વેદ પુરાણ રે,
કલિયુગમાં સ્વામીજી આવશે, જાણે એરી નિર્વાણ રે.
સાચા મુનિવર જીવને તારવા, આવશે વૈકુંઠ ધામ રે,
કલિંગા દાનવને સંહારવાને જાંબુદ્વિપે મેલાણ રે.
એકમત એકચિત્ત ધાઈએ, બીજે સ્વામીજીનું નામ રે,
શ્વાસ ઉશ્વાસે હરિને જપીએ, એતો જીવનો પરિમાણ રે.
અવર ધન સર્વે કારમું, કીજે ઉત્તમ કામ રે,
ચોરી, પ્રીત પરનારી સુ, અને નિંદા એરી નિવાસ રે.
જીવ ધંધા શુ કરો, એવા જુવો વેદ પુરાણ રે,
કમાઈના ફળ એ બાંધશે, અને રખે થાશો નાદાન રે.
કહે ગુરુ બ્રહ્મા ભાઈ મુનિવરો, પહેરા આવ્યા છે તેહ રે,
મન ઈચ્છા ફળ પામશો, કસણી સહસોરે જેહ રે.

●●●

૧૨. તુ ચેત મન મારૂ

તુ ચેત મન મારૂ, જગમાંહે કોણ છે તારૂ રે,
મત ખાજે બીજા ફેરા, સદ્‌ગુરુ કહે છે પોકાર રે.
જગમાંહે જો તુ આવીઓ, તે તને મીઠી લાગી માયા રે,
કંચન સરખી તારી કાયા, તેને કેમ કરી ઉગારો રે.
કાયા, માયા સર્વે જુઠડી, જેમકે હવા ભરેલો પરપોટો રે,
જેમ પાણી પર પરપોટાને, તૂટતા ના લાગે વાર રે.
નહી તારો બાપ, ભાઈ, નહી તારી બહેન, ભાઈ રે,
નહી તારા સગા, સબંધી, દિલમાં તું વિચાર રે.
નહી તારો પુત્ર પરિવાર, નહી તોરી છે સંગીની,
નહી તારા સગા સાથી, જુઠા છે રે સંસાર રે.
યમરાજા તને બોલાવશે, ત્યારે કોઈ સાથે ન આવે રે,
તને હોગ જોં શુંવાળે, શિરપર તારે ભાર રે.
હરદમ જીકર કરવી, સુરતા નુરતા તેના પર ધરવી રે,
અજંપા જાપ જપવો, શિર પર વરસે નુર રે.
કહત ઈમામશાહ સુણો મુનિવરો રે,
સ્વામી નજરે જો મલિયા, ફેરા તેના જ ફળિયા રે.

●●●

૧૩. દૂર દેશથી આવ્યો વણજારો

દૂર દેશથી આવ્યો વણજારો, ને લાવ્યો છે ફાયદામંદ સૌદો રે,
ઉઠતા, બેઠતા, રસ્તે ચાલતાં, નામ સ્વામીજીના લીજીએ.
એક પણ નામ સ્વીમીજીને દિજીએ, તો ફલંત્ર સવા લાખ લેજો રે,
જો ઘર હોવે વસ્તુ કિમતી, નામ સ્વામીજીના દિજી એ રે.
પર નિંદા છે જગત ખુવારી, સીરપાવથી નરગે પડીએ રે,
માણેક દેવા આવે વણજારો, માણેક ચુન ચુન લીજીયે રે.
માણેક છોડીને જે કાચને વણજે, તેના સાથે સોદો ન કિજીયે રે,
આ હડિયોમાં સમય છે થોડો, સાથે સામલ સોહો કીજીયે રે.
સાચી રે કરણી કમાવો મારા વીરા, અગ્નિ તમને ન બાળે રે,
પવન ના ડોલે, પાણી ના બુડાડે, રાજા પણ દંડ ના કિજીએ રે.
ખોલી ભંડાર મારા સ્વામી રાજા બેઠા, લો તો મોલકરી લીજીયે રે,
લઈ તરાજુ મારા સ્વામી બેઠા, ઉચ નિચકા શબ્દ સુનીયે રે.
કહેત ઈમામશાહ સુણો મેરા વીરા, મુનિવરના મન પતીયોજી રે,
ઉઠંત, બેસંતા રાહ ચલંતા, નામ સ્વામીજીના લીજીયે જી રે.

●●●

૧૪. દેહીના ધંધા કારણ જગમાં ફરે

દેહીના ધંધા કારણ જગમાં ફરે, ગુરુના નામ દિનરાત રખે ન વિસરો,
ચેતીને ચિત્તે ધરી રાખો ધ્યાન, સુણો વેદ સાધો બ્રહ્મજ્ઞાન.
અમર જ્ઞાન ગુરુજીને વચને જ આવે, જે સુણે, સાંભળે પાતક સર્વે જાયે,
પાપ પરલે કરે ગુરુ નર દેવ, પણ ગાફલ દુનિયા ના જાણે ભેદ.
દુનિયા ન જાણે ભેદને તીર્થએ ભમે, અને પુજે બ્રાહ્મણને પત્થરને નમે,
સજીવ મુકી નિર્જીવ ઉપર મન ધરે, અને મુખે હરિ હરિ ઓચરે.
તિરથ ભમે જે હરિ નહી મલે, તો પત્થર પૂજે ફેરા કેમ ટલે,
ઠાલા વેદ સુનો બહુ આયે, તે સુને સાંભળે પાતક કેમ જાયે.
આજ પાપ જાનેકા કહું તુજ કામ, જો તું પિછાણો સદ્‌ગુરુના ઠામ,
સદ્‌ગુરુ સ્વામી રૂખેશ્વરને મળિયા, તેહના ભવસાગરના ફેરા ટળિયા,
કહે ઈમામશાહ સાંભળો મુનિવરો, દેવો દરસન પાપ હોવે દૂર.

●●●

૧૫. ધન રે પુત્ર માયા કારમી કરીએ

ધન રે પુત્ર માયા કારમી કરીએ, આવે હુકમ તારે મેલીને જાઈ,
દાન કરો વિરા આપણે હાથે, તો અંતકાળે આવે જીવની સંગાથે.
દાનને પૂણ્ય સુપાત્રને કીજે, વૈકુંઠ પહુચવાના ફળ તમો લીજે,
દાનને પુણ્ય તો બહુ ફળે ફુલે, નહી રે આવે અજંપા જાપની તોલે.
અજંપા જાપ છે મહારતન મોટું, ચાર યુગના ભૂલ્યા જીવની ભાગસે ખોટું,
ગર્ભવાસા વાચા દિધી તે તમે પાળો, પાંચે પદાર્થ પીયું કને માગો.
કામ, ક્રોધ, લોભ, સ્વાર્થ, મદ નિવારો, સત્, સંતોષ, સમતા, હરિ પાસે માગો,
જીવ છોડાવાને હ્રદયમાં જાગો, વિવેક, ઈમાન તમે પેલા માગો.
સત, સબુરી તેમા શાંતિ જો માગો, ઈમાને હરીશું જીકરે જાગો,
જઈ કર્મનો કાગળ ગતગંગામાં ખોલો, સ્વામીજી આગળ સાચું બોલો.
ભાઈ જે દમ બોલો તે દમ લખાશે , સાચા જુઠાના ત્યાં તો નિવેડા થાશે,
તેના પ્રમાણે મહાન છે મોટું, ભણે ઈમામશાહ ત્યાં નહી ચાલે ખોટું.

●●●

૧૬. ભુલ્યા ભરમત લાગુ રે

ભુલ્યા ભરમત લાગુ રે જાગો જાગણહાર, ભુલ્યા ભ્રમણા લાગી રે ચેતો મુનિવર,
માનવીના ઘર પાળિયો, તુ માયા મિથ્યા મેલ.
વાટડીએ કામ આવીઓ, ઓચિંતો, જેમ કાપીએ આવ્યો રેલ,
સાદની સંગત માંડજો, તમે તજ જો ક્રોધ ને કામ.
ભ્રમણા જયારે ભાંગશે, જયાં જાગશે આત્મારામ,
પુણ્યના મારગ પરહરયા, તોયે કીધા કુડા ધરમ.
દેહને દોસ શું દેવો, ભાળી ભોગવો આપણું કરમ,
ભ્રાંતીયે બધુ ભોળાવીયુ, અને આત્માનો ના જાણ્યો મરમ.
કોને દેશો દોષારોપણ, ભાઈ ભોગવો આપણુ કરમ,
મારૂ મારૂ તમે ના કરો, અને તે કાંઈ નહી આવે સંગાથ.
સોહેલી વેળા પામસો, જો આપસો ગુરુને હાથ,
આવતા જાતા દોહેલુ, લક્ષ ચૌર્યાસી દેહ.
દુ:ખના વાદળ પરજણ્યા, ભાઈ નથી તેણે દોષ,
ગુરુ ઈમામશાહ બોલીયા, તમે ચાલજો સાચો પંથ.
જીવડો ત્યારે છુટશે, તો દઈ મેલો ખરી દશવંત.

●●●

૧૭. માલ ખજાના બહોત ભરીયા

માલ ખજીના બહોત ભરીયા, તેમાં કાંઈ નહી તારૂ લગાર રે,
રંગ મહેલ બધુ ભુલીને જાશો, જંગલ હોવેગા તારા ડેરા રે.
શિર પર કાલ ફિરે સંત સાધુ, હવે તુ ચેતજો વીરા રે,
આ વેળા તમો ભુલીને જશો, બહુજ ખાવે પડશે ફેરો રે.
સંસાર સાગર અસત કે જુઠો, મત જાણા રે સાચો રે,
છોડીને ભ્રમ તમે બ્રહ્મ પિછાણો, ખોજ અંતર ઘટ તેરા રે.
જયોત પ્રકાશ લીજે ઘટકે અંદર, ગુરુ બિન ધોર અંધારા રે,
કહેત ઈમામશાહ સ્મરણ કરી લે, સમજ સમજ મન મેરા રે.

●●●

૧૮. સંત તન મુખએ મર ન કહીએ

સંત તમ મુખએ મર ન કહીએ, મર કહે તે સંત ન કેવા યે,
ગુરુ બિન જ્ઞાન કૈસા કહિયે, સહેજ નગુણા જેવા યે.
ધોરી ઉડો ખડ ભાર વહીને છુટે, ક્ષુલ્લક મારગ વસમો કિજીયે,
બાર મેઘ વરસે જળ ભરીયા, અનગળ નીરના પીવોજી.
કાચે કુંભે નીર ના ભરીએ, પાત્ર જોઈને દાન દિજે જી,
ખીરને ખાંડ ઘૃત અમૃત ભોજન, ભાઈ અંત જન મુખે દિજે જી.
એક રતન તમને અમુલખ લાઘ્યુ, જતન કરીને રાખો જી,
વસ્તુ જોઈને વેપાર જો કીજે, અપાત્રને હાથ ન દિજીયે જી.
કાયા છે કુપોને મન છે કસ્તુરી, સત્‌પંથનું ઢાંકણા દીજીયે જી,
એકવાર વાવ્યું સવા વાર લેજો, મારા સ્વામીજીના લિજીએ જી.
દુનિયા છે દો દિન પેખના, તેણે દેખી દેખીને મત ભુલોજી,
દુનિયાની સંગતમાં જે જીવ ભુલ્યા, તે ફરી ફરી દુનિયામાં આવે જી.
ભાઈ અમરાપુરી કાહે ગુમાવે, ચિત્તને સ્થિર કરી રાખોજી,
જ્ઞાનની ભિતર જો રસ પાયા, ફરી ફરી હૃદયમાં ચાખોજી.
કહેત ઈમામશાહ સુનો મારા ભાઈ, સત્ય વચન પરમાણોજી,
ગુરુનું કહ્યું જે ન માને, તે જાશે ઘોર અંધારા જી.

●●●

૧૯. સતી સુહાગણ તેને કહીએ

સતી સુહાગણ તેને કહીએ, અને જલે પીહું કે સાથ,
ખરી સુહાગણ પહેચાનીયે, જેમ પડી પટોળે ભાત.
તે ફાટે પણ ફીટે નહિ, એવો સ્વામીસુ રાખો સ્નેહ રે,
તન મન થઈને આરાધીએ, જેમ હાડે પડાવ્યા વેહ રે.
ચારે જુગ તુતો ભૂલીયો, અને ભક્તિ ના કીધી સાર રે,
મારૂ મારૂ કરતાં મરી ગયો, પછી કેના કુટુંબ પરિવાર રે.
ભાઈ તારા જીવની સંભાળ કિજીયે, તો તમને સુખ ઘણા રે થાય.
હરિચંદ્રરાજાના જેવા ફળ પામશો, વીરા તેથી પણ અદકેરાં લેખાય રે.
ભાઈ અમરભેદ છે દોહેલો, અંતે તે ઘર નહી પહોંચાય રે,
સવેળાએ વહેલા ચેતજો, નહી તો અંતઃકાળમાં માર ખાય રે.
ભાઈ ખરા નાણા જીવને ખરચીયે, અને ખોટ કોઈ હાથ ન થાય રે,
ધન ધન તે ઋષિવરો, જીવ પામ્યા અમરાપુરી માંહે રે.
કહેત ઈમામશાહ સાંભળો મુનિવરો, તમારા દિલમાં રાખો વિશ્વાસ રે,
પામ્યા તે સાથે આવશે, પછી શી રે જુવો છો વાટ રે.

●●●

૨૦. સાચા મારગ સ્વામીજીએ સરજ્યા

સાચા મારગ સ્વામીજીએ સરજયા, કુડા મત ચાલો હો વીરા રે,
કુડીયારા કળમાંહે ખોટ પડશે, ફળ લેવો સતિયારા રે.
અહંકાર કરશો તો વેળા જાશે, સેવા કરો મનધીરા રે,
સુતક પાતક ઘટમાંહે ન રાખો, કેમ ઘટકો આપ દુલારા રે.
બાંધી મોટ ઉઠાવી ન શકશો, કેમ લેવો અજગર ભાર રે,
મીઠુ ખાતા હોઈ રે ગવાઈએ, મહારાજ લેખા લેશે રે.
લોહી પાણીના હિસાબ લેસે, આપે સ્વામી કાગળ જોશે રે,
વર્તમાન નહી તારા ફલત્ર ગાજશે, લોચન નીર, જરશે રે.
દુર થકી અભ્યાગત આવ્યા, સેવા તેમની કીજે રે,
શિશ નમી નમી પાય લાગીયે, તો સ્વામી સાચુ પ્રમાણ રે.
એમ મહારસ બોલ્યા ગુરુ ઈમામશાહ, ઉત્તમ રંગે રંગાવો રે,
સાચો મારગ સ્વામીજીએ સર્જ્યો, કુડા તમે મત ચાલો રે.

●●●

૨૧. આજ હો કુળમાં જીવ તું

આજ હો કુળમાં જીવ તું શાને કાજે આવ્યો,
તેના કીધી દયાળ જીવની સેવા.
માયાનો લોભ જીવતુ, છોડીના શક્યો,
તો ભ્રાંતે ભ્રાંતે ભેદજ ભૂલ્યો જી.
આ અન્ન વસ્ત્ર ત્યજી પાંડવ વનમાં સીધાવ્યા,
ત્યારે બોળા વનમાં પાંડવ પહોચ્યા જી.
સાગ, પાન, પહેરણ, વનફળ ભોજન,
ત્યારે સતીએ પહેર્યા સાગપાન ચીર જી.
આભ ઓઢણને ત્યાં ધરતી પાથરણાં,
ત્યારે ખડનો પુળો ઓશિકે લઈને જી.
વેલુડે વનમાં સ્વામી મારે દેરા દેવરાવ્યા,
ત્યારે કાયા કોટ મંદિર ધાયા.
ત્યારે બાર બાર વરસે ત્યાં શ્રી કૃષ્ણજી આવ્યા,
તમે કહોને પાંડવ સુખી કે દુ:ખી.
તમો રે મળે દયાળુ, અમે દુ:ખીના હોઈએ,
સ્વામી જેમ રાખો તેમ રહીએ રે.
ત્યાંથી થઈ પાંડવ હસ્તિનાપુર આવ્યા,
ત્યારે હસ્તિનાપુર નગરીમાં હોમ યજ્ઞ કીધા.
ત્યારે વરણે વરણે દાન જ દીધા જી.
હસ્તિનાપુર નગરીમાં પાંડવોએ ગો દાન દિધા,
ત્યારે સોનાના પાત્ર જ દાન દીધા.
હસ્તિનાપુર નગરીના ચોર્યાસી ચૌરા,
ત્યારે ચૌટે ચૌટે પાંડવ ભમીયા.
ત્યારે નિદા કીધી લોકોએ નગરીના.
નિંદા કરતા જીવડાને કોઈ દોષ ન દેશો,
તો મુરખ રહેશે રે હાથ ઘસંતા.

ત્યાંથી તે પાંચ પાંડવ હિમાળે ચાલ્યા,
તો હિમાળે હાડ ગળાવ્યા જી.
નુરાની કાયા લઈ પાંડવ અમરાપર પહોંચ્યા,
ત્યારે નુર માંહે નુર સમાયા.
આરે જ્ઞાન સહદેવ બોલ્યા,
તો આત્મા પરમાત્મા એક કરી જાણે.

●●●

૨૨. ગુરુજી મારી નૈયા લગા દેવે પાર

ગુરુજી મારી નૈયા લગા દેવે પાર,
તુમ બીન નહી કોઈ તારણહાર.
નદિયા ગહેરી નાવ પુરાની, કિસ વિધ ઉતરે પાર,
મૈ તુમ્હારા પતીત ગુનેગાર, બેડા પડા મજધાર.
નવ અવતાર નવ દાનવ છેદયા, દશમે કાલિંગાનો હણનાર,
પાપી મારી ભગત ઉધ્ધારે, સુનતી તુમ્હારી પુકાર.
દુશાસને ખેચ્યા ચીર દ્રોપદીકા, કરત તમારી પુકાર,
વેગે આવ્યા ચીર પૂર્યા, લાજ રાખી સંભાળ.
ભીલડીકે બોર, સુદામાકે તાંદુલ, લીધા વિદુર ઘર આહાર,
ગજકો ગ્રહને ગઠ જાય અંદર, ત્યાં કીધો ઉપકાર.
લક્ષ ચૌર્યાસી ફેરા ફિર કર, લિયો મનુષ્ય અવતાર,
કહે ઈમામશાહ સાંભળો ગત સારી, કરો પ્રેમ ભક્તિ નિરધાર.

●●●

૨૩. જાગોને રે યુગવેળા મળો ગતના રે મેળા

જાગોને રે યુગવેળા, મળો ગતના રે મેળા,
જાગતાને જતન કરશો, કે ભાઈ અંતઃકાળ વેળા.
વારે વારે હરિ આવીયા, અને રમતા રમતા રે,
જે જે નર સિધ્ધ તે તો, ભાઈ વારાને ભજતા.
યુગો યુગના જે વ્રત હોય, મુનિજન તેજ ઓચરજો જી,
અવર ઉપવાસ કરીને, કાં ભાઈ ભુખે સુ મરવું જી.
કર્તા ને યુગમાં હરિજી, ઋગ્વેદને ઓચરતા જી,
એકાદશી વ્રત ગુરુવારી, ભાઈ ઉપવાસ કરતા જી,
ત્રેતા તે યુગમાં હરિજી યજુર્વેદના પ્રકાશ રે,
વ્રત ચતુરદશી રવિવારી, ભાઈ કરતા ઉપવાસ રે.
સામવેદને વિસ્તારો, હરિએ થાવર ને વારે રે,
અમાવાસ વ્રત સોમવારી, નર નારી કરતા રે.
આજ કલિયુગમાં અથર્વવેદ, અમુલખ હિરા રે,
વ્રત અજવાળી બીજ શુક્રવારી રે,કરોને મારા મુનિવરો રે.
છેલ્લી સંધી ઘેલી વાતો, છેલ્લા એ છે માનવ જન્મ રે,
સતકરી જાગશે તેણે તે, બાઈ મળશે અમરધામ રે.
ત્રણે યુગનાં ચુક્યા વીરા, તમે હજી નહિ જાગ્યા રે,
મુઢ થઈને અંધા, સદ્ગુરુ જ્ઞાનને ના લાધ્યું રે.
કહેત ઈમામશાહ મુનિવરો, જાગતા રહિયે રે,
વખડી વેળા આવી રહી છે, વીરાભાઈ સુઈના રહો જી.

●●●

૨૪. એક તુહી તુ એક તુહી તુ

એક તુહી તુ એક તુહી તુ
પહેલા ઘંઘુકાર ઉપાયા, રચના કુદરત સાચી,
છત્રીસ યુગ ચૌર્યાસી ચોકડી, એકે ધ્યાન નર રહિયા.
કીસ માતાને પિતા પુરણ બંધવા, મન સંતોષે નર રહિયા.
આપે ચલિત્રને કારણે ઈંડ નિપજાવ્યા, ત્રણ ભુવન ત્યાં કિધા જી.
આરંભ આકાશના મુળ જો કહિયે, દ્વિતીયે સ્થાપી વસુંધરા.
તૃતીયે સ્થાન ધવલા ભણીયે, ચતુર્થસ્થાન જો મચ્છા જી.
મચ્છ આધારે બ્રહ્મા સરજર્યા, વેદ ચાર ત્યાં કિધા જી.
પવન, પાણી જો પાષાણ બાંધ્યા, જલ માંહે બંધ જો કિધા જી,
મચ્છ નિલારંભી પવન ફરકાવ્યો, પવન ભાર થાંભલાયા જી,
છેદિન માહે કુલ રચના જો સારી, સ્વામી રૂપ જો કીધા જી,
કુદરત તેનાથી પર જો જાણો, એક બુંદ થી એ તો જો કિધા જી,
કર્તાયુગ માંહે ઝાંખા નવ્વાણું કરોડી, સેવાને કારણે આવ્યા જી,
પાંચ કરોડીસુ રાજા પ્રહલાદ, હરણ્યાકંસ રાક્ષસ છેદયા જી,
ત્રેતા યુગમાંહે છપ્પન કરોડી મેઘા હરિચંદ્ર, રાવણ દૈત્ય છેદયા જી,
દ્વાપર યુગમાંહે બત્રીસ કરોડી કિન્નર, સેવાને કારણ સાધ્યા જી,
નવ કરોડીસુ રાજા યુધિષ્ઠિર, કૌરવે વંશ ગુમાવ્યા જી,
કલિયુગમાંહે તેત્રીસ કોટી દેવ, દેવ ઋષિવરો મળશે જી,
કલિયુગ અંતે અનંત કરોડી દેવ, સ્વામીના સૈન્યમાં મળશે જી,
એ જ્ઞાન બોલ્યા ગુરુ ઈમામશાહ, તમે સેવા તેહુની જાણો રે.

•••

સત્‌પંથી અનુયાયીઓ રચિત શાસ્ત્રો

૧. ઘટ તીરથમાં પ્રભુ

ઘટ તીરથમાં પ્રભુ પધારો, મુનિવરો આવો ઉમંગ ધરી... ઘટ.
મહા તીરથ આ જુગમાં જાણો, વિવેક વેદના જુઓ જરી. ઘટ.
વારિયજ્ઞ આ અમીરસ પાવા, સદ્‌ગોર સૂચવ્યું સત્ય કરી. ઘટ.
યજ્ઞ અગ્નિનું અન્ય યુગોમાં, વેળા ગઇ હવે નાહી જરી. ઘટ.
સુરિનર મુનિવર આદિ અનાદિ, વહી ગયા આ વાટ ખરી. ઘટ.
સત્‌પંથનું આ સાર રસીલું, વેદ કહી આ વાત ખરી. ઘટ.
આદિ અનાદિ ઘટપાટ સેવ્યા, યજ્ઞની બાજુ અન્ય ખરી. ઘટ.
નિત નિત તું આ તીરથ નાહજે, મજા મેળવ તું મન ભરી. ઘટ.
સત્‌પંથનો આ સાર કહ્યો છે, ભેદ નથી રહ્યો અહીં જરી. ઘટ.
તેત્રીસ કરોડી ગુણ જ ગાયે, દાસ ગાએ મન હોંશ ધરી. ઘટ.

•••

૨. તમે મારા નિષ્કલંકી

તમે મારા નિષ્કલંકી નાથ દર્શન દેજોને...
ભક્તો સૌ જુએ તમારી વાટ, દર્શન દેજોને.
હાજરવીર હાજર, કરવા દુઃખિયાનાં કામ... દર્શન દેજોને.
નગીના ગોમતીએ કાંટો બંધાશે, તોળશે પાપને ધરમ... દર્શન દેજોને.
સાહેબ મારા તે વખતે બિરાજશે, પલપલના લેશે હિસાબ... દર્શન દેજોને.
ધોળી રે ધજાઓ નિશાન ફર ફરે, ઝળહળ ઝળકે છે જ્યોત... દર્શન દેજોને.
ગુરુ ઇમામશાહ અરજ કરે છે, સાહેબ છે દાસોના દાસ... દર્શન દેજોને.
દાસ દશોદને અજંપા જાપથી, ભવસાગર પાર તરાય... દર્શન દેજોને.
નિષ્કલંકીના જાપને જપી લો, કાયા અમર થઈ જાય... દર્શન દેજોને.
દાસની વિનંતી વાલા સ્વીકારજો, અમને છે તમારો આધાર... દર્શન દેજોને.

•••

૩, ગોર આવ્યા ને

ગોર આવ્યાને ગતમાં મેળો છે, જાબુંદ્વિપમાં જાગી જ્યોત...
મુનિવર ચેતોને ગોર નર આવ્યા છે.
ત્યાં પૂજાની કરોડી જુએ તમારી વાટ... મુનિવર...
તમે ઘટને પાટ પૂજોને, ત્યાં પ્રેમનાં પાવળ પીવાય... મુનિવર...
તમે વખત વેળા ચૂકશો ના, તમે જપો અજંપા જાપ... મુનિવર...
તમે નાભી કમળથી નામ લેજો રે, તમે જપો અજંપા જાપ... મુનિવર...
તમે દશાંદ ગુરુદ્વારે કાઢજો, તમારા ભર્યા તે રાખશે ભંડાર... મુનિવર...
તમે વ્રત શુક્રવારી બીજ પાળજો, તમારા જશે જન્મો જન્મનાં પાપ... મુનિવર...
જાબું દ્વિપમાં મેળો જામ્યો છે, કે વેદ અથર્વવેદના વંચાય... મુનિવર...
ત્યાં વેદના ભેદ બહુ ભારી છે, મારા હૈયામાં હરખ ના માય... મુનિવર...
તમે નિષ્કલંકનાં આસન પૂજોને, જુગમાં થાશે તમારાં કામ... મુનિવર...
અમે અમૃતવાણી ગોરનરની ગાશું, મારા મુનિવરને વેકુંઠના વાસ... મુનિવર...

●●●

૪. ઝળહળ જ્યોતિ

ઝળહળ જ્યોતિ જાગે રે, ઈમામશાહને ધામે.
અમરભેદ મળે રે, ઈમામશાહને ધામે.
જાબું દ્વિપમાં જાહેર બેઠા, અખંડ રૂપ છૂપાવી.
દુનિયા બિચારી માગે રે. ઈમામશાહને ધામે.
અતિ રૂપાળા દેરાં તમારાં કંચન વરસે નૂર,
માંય બેઠા હજૂર રે. ઈમામશાહને ધામે.
હાજરવીર હજૂર બિરાજે ચડે ધોળુડાં ફૂલ,
બેડી તડાતડ તૂટે રે. ઈમામશાહને ધામે.
જાબુંદ્વિપમાં ભલે પધાર્યા મોટા મોટા ભૂપ,
અખંડ જ્યોતું જગાડી રે. ઈમામશાહને ધામે.
જાબુંદ્વિપમાં વહેતાં ગંગાજી નાયે વીરલા કોઈ,
પૂજા તણાં ફળ પામ્યા રે. ઈમામશાહને ધામે.
અમૃતવાણી ગોર તમારી નિત નિત અમે ગાઈએ,
મહાદનમાં ઉગારો રે. ઈમામશાહને ધામે.

●●●

૫. હંસા રાજા કરો રે

હંસા રાજા કરો રે હળોતરાં, રહેજો શુક્રવારી બીજ,
મનને પવનના બે બળદિયા, સત્ ધરમની રાસ.

નામ નારાયણ લઈને નાડજો, લાભ ઝાઝેરો થાય.
લાંબે પંથે રે ધોરીને હાંકજો, ખેતર ખેડાઇ જાય.

કાંટા કાંકરા વીણી નાખજો, ખેતર ચોખાં રે થાય,
કાળની કૂપળીયાં કાઢી નાખજો, હૈયા ચોખેરાં થાય.

ખેતર વચ્ચે રે પંખીએ માળો બાંધ્યો, પંખી ટોળેરાં થાય,
સત્‌નો ગોફણીયો ફેરીને મેલીયો, પંખી ઉડી રે જાય.

સોનલા કટારી સતી રાણી હાથ ધરી, જન્મ્યાં નાનેરાં બાળ,
આંબે લીમ્બે પારણાં બાંધમાં, પોઢ્યાં નાનેરાં બાળ.

બેની રે પાડોશણ બેની વિનવું, હીંચોલજે નાનેરાં બાળ,
વન ઠેકે એક વાંદરી, બચ્ચાં વછૂટી ન જાય.

મારા બચ્ચાં રે સતી રાણી મારી ઉરમાં, સતી રાણી તારાંને સંભાળ,
બચ્ચા દેખીને સતીને પાનો ચડ્યો, છૂટ્યા સતીના પ્રાણ.

પછેડી ઉતારી બાંધ્યું પોટલું, લીધા શીર ઉપર ભાર.
ત્યારે પંથ ગણો પંથ વેગળો, જાવું મારે દેવોને દ્વાર.

પોટલા ઉતારી સતીએ સરદો કીધો, લાગ્યા સંતોને પાય,
ઉઠો ઉઠો રતનાગર પાવળ પીઓ, લ્યો લ્યો થાળી માંહેલા પ્રસાદ.

સોનલા જ્યોતું વાલાની ઝળહળે, રૂપલા કળશ પૂરાય,
ઊંચા નિશાન વાલાના ફર ફરે, લળી લળી લાગું છું પાય.

●●●

૬. આજ નાયો રે બંધાણો

આજે નાયો રે બંધાણો વચન વેણથી રે,
આજે જંગલમાં રહેતો નાયો એકલો રે,
કરતો લૂંટવાનું કામ... આજે નાયો.
આજે પશુપંખીને બહુ પીડતો રે,
કરતો કસાઈયુના કામ... આજે નાયો.
આજે રથ આવતો દીઠો એકલો રે,
નાયાનું મલકાયું મન... આજે નાયો.
આજે તીર કમાન લીધાં હાથમાં રે,
નાયાનું લોભાયું મન... આજે નાયો.
આજે તીર ન છૂટે કમાનથી રે,
નાયાનું મૂંઝાયું કામ... આજે નાયો.
આજે નાયો રે કહે ગુરુજી સાંભળો રે,
મને ઉગારો દીનાનાથ... આજે નાયો.
આજે કાકા કુટુંબ મારું કોઈ નથી રે,
મારી કોણ લે સંભાળ... આજે નાયો.
આજે નારીને પુત્ર રહ્યાં વેગળાં રે,
મારી કોણ લે સંભાળ... આજે નાયો.
આજે ગુરુજી કહે રે નાયા સાંભળો રે,
કહું મારા દિલડાની વાત... આજે નાયો.
આજે આટલામાં ફરજે પ્રદક્ષિણા રે,
વળતાં લેશું તારી સંભાળ... આજે નાયો.
આજે રાત દિવસ કરજે બંદગી રે,
કુળમાં થાશે તારાં કાજ... આજે નાયો.
આજે બાર બાર વર્ષે ગુરુજી આવીયા રે,
લેવા નાયાની સંભાળ... આજે નાયો.
આજે નાયો રે કહે ગુરુજી સાંભળો રે,
અમને દેજો વૈકુંઠ વાસ... આજે નાયો.

•••

૭. જાગતી જાગતી જાગતી

જાગતી જાગતી જાગતી રે, જ્યોત સદા સત્‌પંથની જાગતી.
જાગતી સદા સત્ય ભાંખતી રે, જ્યોત સદા સત્‌પંથની જાગતી.
ખટ દર્શનનો વાસ અહીં છે, એમ મતિ તારી ભાગતી રે. જ્યોત.
વેદ પુરાણ સત્‌પંથને ગાય છે, નવે ખંડમાં નોબત વાગતી રે. જ્યોત.
મોક્ષ પદાર્થ અહીયાં મળે છે, બુદ્ધિની ખોટ અહીં ભાગતી રે. જ્યોત.
દેવ ઋષિયો અહીંથી થયા છે, સતીયું સ્વર્ગ અહીયાં માગતી રે. જ્યોત.
સંત મહાત્મા પદ પામ્યા છે, મુક્તિની મહોર અહીં લાગતી રે. જ્યોત.
દશમા રૂપ તે નકલંકી નાથ છે, જળહળ જ્યોતું અહીં જાગતી રે. જ્યોત.
ખંત ધરી વાત સેવક કહે છે, ભવની તે જાળ અહીં ભાંગતી રે. જ્યોત.

●●●

૮. મને વહાલું પીરાણા

મને વહાલું પીરાણા લાગે ઇમામશાહ લઇ જજો તમારી ધામમાં,
કે તમે ઉંચ મુલકના રહેવાસી, તમો ગુજરાત થયા નિવાસી,
વહાલે પીરાણા કીધું કાશી. ઇમામશાહ...
નાયો કાકો છે જાતના કોળી, નિત કરતા ઉઠીને ચોરી,
એને જ્ઞાનમાં લીધા બોળી. ઇમામશાહ...
ભાભારામને ભક્તિ ભાવી, બાર વરસની સમાધિ ચડાવી,
ત્યારે અવિચળ પદવી આપી. ઇમામશાહ...
ત્રણે જુગમાં ત્રણે વેદ લાવ્યા, ગોર બ્રહ્મા તરીકે ઓળખાયા,
ત્યારે નારાયણના જાપ જપાયા. ઇમામશાહ....
કલિયુગમાં તમે અથર્વવેદને માન્યા, નર નકલંક તરીકે ઓળખાયા,
ત્યારે નિષ્કલંકી જાપ જપાયા. ઇમામશાહ...
બાર મહીને પુજન વિધિ થાયે, ત્યાં શોભા બની અતી સારી,
ત્યાં હાથ જોડે નરનારી. ઇમામશાહ...
એક વિનંતી ઉરમાં લેજો, ગુરુ એકવાર દર્શન દેજો,
સર્વે સેવકને ઉગારી લેજો. ઇમામશાહ...

●●●

૯. ગુરુ મારા માથે છે

ગુરુ મારા માથે છે પાપનાં પોટલાં, ગુરુ મને ઉતારો ભવસાગર પાર રે.
ઈમામશાહ... પીરાણામાં દીવડો અખંડ બળે... (૨)
ગુરુ તમે હાજરવીરને તારીયા, એમને રાખ્યા છે ચરણોની પાસ રે.
ઈમામશાહ... પીરાણામાં દીવડો અખંડ બળે... (૨)
ગુરુ તમે નાયા કાકાને તારીયા, એમને રાખ્યા છે કુકસ ગામમાં રે.
ઈમામશાહ... પીરાણામાં દીવડો અખંડ બળે... (૨)
ગુરુ તમે ભાભારામને તારીયા, એમને રાખ્યા છે દેવા ગામ રે.
ઈમામશાહ... પીરાણામાં દીવડો અખંડ બળે... (૨)
ગુરુ તમે કીકીબાઈને તારીયા, એમને રાખ્યા છે રૂણ ગામ રે.
ઈમામશાહ... પીરાણામાં દીવડો અખંડ બળે... (૨)
ગુરુ તમે સત્‌પંથીઓને તારજો, એમને દેજો અમરાપરમાં વાસ રે.
ઈમામશાહ... પીરાણામાં દીવડો અખંડ બળે... (૨)

●●●

૧૦. મીઠું મીઠું ઈમામશાહનું નામ

મીઠું મીઠું ઈમામશાહનું નામ, બીજુ મને ગમતું નથી.
તમે લઈ લ્યો દિવસ ને રાત, બીજુ મને ગમતું નથી.
નિષ્કલંક કહેતાં પ્રીત જ લાગે, હરીઓમની તાળીમાં આનંદ આવે.
તમે જપી લો અજંપા જાપ, બીજુ મને ગમતું નથી.
આદ્યનારાયણ શબ્દ સાચો, કલિજુગમાં ન પડે પાછો.
નૈયા ઉતારોને પાર, બીજુ મને ગમતું નથી.
સાચો હીરો અમને જડીયો, સાચા દિલથી અમને મલીઓ.
ચમકે અખંડ જયોત, બીજુ મને ગમતું નથી.
અલખના નામની આવરણ મોટી, આ જગતમાં તારણહાર.
એક જ આશા તમારી કે, બીજુ મને ગમતું નથી.
અમૃત વાણી સેવકોએ ગાઈ, વૈકુંઠમાં દેજો વાસ. બીજું...

●●●

૧૧. આજ માંડવો મારે નકલંક કેરો

આજે માંડવો મારે નકલંક કેરો, છે રે દયાળુ ગણેરો,
માંડવો મારે નકલંક કેરો.
શુભ કારજ શુભ સંગાથે શોભે, ટાળોને મદ મત્સર લોભ રે માંડવો.
સિલ્ક સંતોકનાં જામા રે પહેરી, પધારોને શોભા ઘણેરી રે માંડવો.
વિવેક વૈરાગ્યના પટકો બાંધો, પ્રેમ ગુરુજી સંગ સાધો રે માંડવો.
પ્રથમ પ્રેમ છે ગુરુજી કેરા, આવે તો શીતળ લહેરૂ રે માંડવો.
હિમ્મત બંડી હોંસથી પહેરો, અવસર આવ્યો અનેરો રે માંડવો.
ચરણોમાં ચિત્ત વૃત્તિને રે બાંધો, ટાળીને સઘળો વાંધો રે માંડવો.
દશવંત દાન રૂબરૂ દઈએ, તન મન ધન ખર્ચી લઈએ રે માંડવો.
સાચા સ્વામી મારા કલિમાં આવે, તેનો માંડવો બંધાવો રે માંડવો.
હરિ રે અંશની સેવા જે કરશે, આખો ભવસાગર તરસે રે માંડવો.
સત્‌ગોર બ્રહ્માજી ક્રોળ બોલ્યા, બોલ્યા છે આગમના બોલ રે માંડવો.

●●●

૧૨. નિષ્કલંકી નાથ મારા

નિષ્કલંકી નાથ મારા મનમાં વસે, નામ મોતીડાં મારો હંસલો ચરે.
સદ્‌ગુરુ અઘોર વનમાં આવ્યા,
તીર ચડાવી નાયો લૂંટવાને આવ્યો… નામ મોતીડાં.
સદ્‌ગુરુ ગીરમથા ગામે પધાર્યા, સાત વરસના દુકાળ ટાળ્યા,
પટેલના પુત્રને સજીવન કરે… નામ મોતીડાં.
સદ્‌ગુરુ પીરાણા ગામે પધાર્યા, તીર મારીને કેસર સિંહને જગાડ્યો,
શ્વેત ધજાઓ ફરકાવે મારો નાથ… નામ મોતીડાં.
પીરાણામાં સદ્‌ગુરુએ સમાધિ બનાવી, નિશાન ચડાવવા વાલો પોતે પધાર્યા,
અખંડ જ્યોતિ જગાવે મારા રામ… નામ મોતીડાં.
કલિયુગમાં કરશનદાસ રૂપે પધાર્યા, સત્‌પંથી ભાઈઓને જગાડ્યા.
નિષ્કલંકી નાથની જુએ વાટ… નામ મોતીડાં.

●●●

૧૩. મેં તો જપુ સદા તેરા નામ

મેં તો જપુ સદા તેરા નામ, સદ્‌ગુરુ દયા કરો.
દયા કરો, કૃપા કરો, કૃપા કરો, રહેમ કરો... મેં તો જપુ...
દ્વાર પે આયે ભક્ત તુમ્હારે, અપની દયા સે ખોલો દ્વાર,
પૂરણ હોયે સબ કામ... સદ્‌ગુરુ દયા કરો.
ભજન કીર્તન ગાઉં તેરા, નિશ દિન દર્શન પાવું તેરા.
નિષ્કલંકી નારાયણ મેરા નાથ... સદ્‌ગુરુ દયા કરો.
કહાં કહાં દેખું સૂરત તેરી, જહાં તહાં દેખું સૂરત તેરી,
શરણ મેં લેલો મેરે નાથ... સદ્‌ગુરુ દયા કરો.
સાધુ સંતકી સંગત દેના, અપને નામ કી રંગત દેના,
મુજે અપના બનાલો મેરે નાથ... સદ્‌ગુરુ દયા કરો.
મન મંદિર મેં જયોતિ જલાઇ, મુઝે અપના રૂપ દીખાઓ,
પહુંચા દો મુઝે નિજ ધામ... સદ્‌ગુરુ દયા કરો.

●●●

૧૪. હાં રે સત્‌પંથી હિંમત કેમ હારે

હાં રે સત્‌પંથી હિંમત કેમ હારે,
હાં રે તારી વારે નિષ્કલંકી આવે. સત્‌પંથી...
હાં રે તું તો નીકળ્યો સત્‌પંથની રાહે,
હાં રે તને કંટાળો કેમ જ આવે. સત્‌પંથી...
હાં રે તું તો ધાવણ સિંહનું ધાવે,
હોરે તારે મુખે બકરીના બોલ કેમ આવે. સત્‌પંથી...
હાં રે સત્‌પંથી હિંમત કેમ હારે,
હાં રે તારા દુઃખ નિષ્કલંકી ટાળે. સત્‌પંથી...
હાં રે શક્તિ ધરજે નિકલંકીના ચરણે
હાં રે ફળ છોડી તું પૂજા પાઠ કરજે. સત્‌પંથી...
હાં રે પૂજા એળે ન જાય કોઇ કાળે,
હાં રે એનો બદલો નિકલંકી વાળે. સત્‌પંથી...
હાં રે તારી આગળ ઈમામશાહ ચાલે,
હાં રે તારી પાછળ નિકલંકી ચાલે.. સત્‌પંથી...

●●●

૧૫. સાચી નિષ્કલંકીની સેવા છે

સાચી નિષ્કલંકીની સેવા છે, સેવાએ મીઠા મેવા છે.
કોઈ અનુભવી સંતને પૂછી જુઓ, ભક્તિનાં ફળ કેવા મીઠાં છે. સાચી...
તારા ભક્ત જગમાં દુઃખીયા છે, સંસારીજન તો સુખીયા છે.
પણ સુખીયા છે તેને નજરે જુઓ, અંતરના દુઃખડાં કેવાં છે. સાચી...
ધન વૈભવના સુખ છે પ્યારાં, પણ ભક્તોને લાગે છે ખારાં,
આ લોક કહે સુખ છે મીઠાં, પરલોકમાં વિષ જેવાં છે. સાચી...
તન મન ધનથી ભક્તિ કરશો, તો ભવસાગર સહેજ તરશો.
જગમાં મીઠી આ માયા ના સમજો, સુખ સ્વપ્ન જેવું છે. સાચી...
પ્રભુને ભજવામાં દુઃખો પડશે, વળી દુરીજન નર નિંદા કરશે.
પણ એને રૂદિયે ધરશો ના, નકલંકીને ભજવા જેવા છે.
સાચી નિષ્કલંકીની સેવા છે, સેવા એ મીઠાં મેવા છે...

●●●

૧૬. આજ મારે પૂજા રે કરવી છે

આજ મારે પૂજા રે કરવી છે, નિષ્કલંકી નાથની રે
પૂજા મારા હૈયાં કેરી હોય... આજ મારે...
એવા આસન ઢળાવું નિષ્કલંકી નાથનાં રે,
આસન મારા પાલવ કેરાં હોય... આજ મારે...
એવી જ્યોતુ રે જગાવું બ્રહ્મા, વિષ્ણુ, મહેશની રે,
જ્યોતું મારી આંખો કેરી હોય... આજ મારે...
એવાં જળ રે ચડાવું નિષ્કલંકી નાથને રે,
જળ મારાં આંસુડાનાં હોય... આજ મારે...
એવાં ચંદન ચડાવું નિષ્કલંકી નાથને રે,
ચંદન મારી વાણી કેરાં હોય રે... આજ મારે...
એવા થાળ રે ધરાવું નિષ્કલંકી નાથને રે,
થાળ મારા હેત કેરા હોય રે... આજ મારે...
એવાં નિશાન ફરકે રે નિષ્કલંકી નાથનાં રે,
હૈયામાં હરખ ન માય રે... આજ મારે...
એવી અરજ કરું કે નિષ્કલંકી નાથને રે,
ગુરુજી વારે ચડજો આજ, વ્હાલા તમે વારે ચડજો રે... આજ મારે...

●●●

૧૭. ગુરુજીએ રથ જોડીયા

ગુરુજીએ રથ જોડીયો, મેં જોડતાં દીઠો સાહેબજી. (ટેક)
રથ તમારો છોડો, છોડનાર નાયો સાહેબજી.

ઘડી એક ઉભલા રહો તો, હું દાતણ લાવું સાહેબજી,
દાતણ કરતાં જાઓ, દાતણ લાવનાર નાયો સાહેબજી.

ઘડી એક ઊભલા રહો તો, હું નાવણ લાવું સાહેબજી,
નાવણ કરતા જાઓ, નાવણ લાવનાર નાયો સાહેબજી.

ઘડી એક ઊભલા રહો તો, હું જામા લાવું સાહેબજી,
જામા લાવનાર નાયો, ગુરુને મન ભાયો સાહેબજી.

ઘડી એક ઊભલા રહો તો, હું પાથરણ લાવું સાહેબજી,
પાથરણ લાવનાર નાયો, ગુરુએ હાથ ઝાલ્યો સાહેબજી.

ઘડી એક ઊબલા રહો તો, હું ભોજન લાવું સાહેબજી,
ભોજન કરતા જાઓ, ભોજન લાવનાર નાયો સાહેબજી.

ઘડી એક ઊભલા રહો તો, હું ફૂલડાં લાવું સાહેબજી,
ફૂલડાં લાવનાર નાયો, ગુરુ શું ચિત્ત લાયો સાહેબજી.

ઘડી એક ઊભલાં રહો તો, હું સેવા લાવું સાહેબજી,
સેવા લાવનાર નાયો, 'સેવક' ને મનભાયો સાહેબજી.

—: સખી :—

નાયો વનમાં ટળવળે, ગુરૂજી ચાલ્યા જાયે,
જેમ દાવાનળ પ્રગટ્યું, તેમ નાયો વ્યાકુળ થાયે.

●●●

૧૮. જય જય પીરાણા પતિ

જય જય પીરાણા પતિ, તમારી અકળ છે ગતિ,
નગીના ગોમતીએ બેડી પહેરાવી, તરત જાયે તૂટી,
તરત જાય તૂટી, એની માનતા છૂટી,
જોઈ લેજો ભાઈ પીરાણાનો પરચો, કપટ ત્યાં નથી.
જય જય પીરણા...
કુંવારીકાનું ધામ બાંધવા, આવ્યા ગીરમઠા ગામ,
સાત-સાત વર્ષના દુષ્કાળ ટાળ્યા, કિધાં સર્વેનાં કામ.
જય જય પીરણા...
તીર છોડી સિંહને જગાડ્યો, વસાવ્યું પીરાણા ધામ,
કુંવારીકામાં કાશી બતાવ્યાં, કીધાં ગંગા સ્નાન.
જય જય પીરણા...
દયા ધરમનો કાંટો લઈને, તોળાશે પુન્યને પાપ,
ચારે જુગમાં ભૂલ્યા જીવના, ત્યાં ગુના થાશે માફ.
જય જય પીરણા...
અમદાવાદના મહમદ બાદશાહે, ત્રાસ વતાવ્યો ત્યાંય,
તેણે પગે લાગીને નમસ્કાર કીધા, ભક્તિ લાધી ત્યાંય.
જય જય પીરણા...
ત્રાણ કળાઉ ભેગીયું રે કીધી, પીરાણાની માંય,
બ્રહ્મા વિષ્ણુ બેઠા રૂપ છુપાવી, આદ્ય શક્તિ ત્યાંય.
જય જય પીરણા...
ગંગવા કુવે ગંગાજી પ્રગટાવ્યા, જળની ધારા જાય,
સત્‌પંથીઓએ સાચું માન્યું, બીજા કરે નિંદાય.
જય જય પીરણા...
નિંદા કરનારા નરકમાં જાશે, મહાદનમાં ખાશે માર,
એવું જાણી નિંદા ના કરશો, વેદ કરે પોકાર.
જય જય પીરણા...

વેદ વિચારી વિવેકથી ચાલો, ખાંડા કેવી ધાર,
મહાદન વેળા આખરી થાશે, ધરા નહિ જીલે ભાર.
જય જય પીરણા...
અમદાવાદથી કોર્ટ થઈ ખાલી, વકીલ કરે પોકાર,
સવા રૂપિયાથી ન્યાય કરે, સમાધિ ને દરબાર.
જય જય પીરણા...
અનેક પરચા સાહેબજી એ પૂર્યા, કહેતાં ના આવે પાર.
ખંત કરીને વિનવે સેવક. પૂરે હૈયાનો ભાર.
જય જય પીરણા...

●●●

૧૯. નાયા પાળજે એક જ વાત

નાયા પાળજે એક જ વાત, સત્‌પંથ જાળવી.
ધ્યાન ધરજે ગુરુજીનું સાર, અંતર બીકના આણવી. નાયા.

ધર્યો સાહેબે અવતાર, ભક્તને લેશે જાળવી. નાયા.
નરજી પ્રગટ આવે સાર, તને દેખાડું ભાવથી. નાયા.

નાયા જાણજે દશમો અવતાર, શંકા મન ન આણવી. નાયા.
જેણે ઓળખ્યા શ્રી નિષ્કલંક, લેશે તને જાળવી. નાયા.

જેથી નારાયણ પ્રસન્ન હોય, વૃત્તિ તેમાં તાણવી. નાયા.
અમે નાયા જાશું નિર્વાણ, રહેજે ભાઈ જાળવી. નાયા.

તને સાથે સંગાથે ન લેવાય, અહીં થોડો વખત ગાળવી. નાયા.
વળતા આવીશું અમો આંહી, લેશું તને જાળવી. નાયા.

ફરજે તું આટલા માંહી, વાણી તારે આ પાળવી. નાયા.
રાખજે તું શરમ માંહે, ‘સેવકની ચિંતા આણવી. નાયા.

●●●

૨૦. સ્વર્ગ ભવનથી સદગુરુ ઈમામશાહ

સ્વર્ગ ભવનથી સદગુરુ ઈમામશાહ આવ્યા,
આવ્યા છે નવખંડ માંય રે મેં તો નયને ના નીરખ્યા.
આ રે વનમાં રે નાયા કોનો છે અધિકાર,
રસ્તો ભૂલી ગયા નાથ રે... મેં તો નયને ના નીરખ્યા.
નાયાના વનમાં જઈ સદગુરુજીએ રથ રે છોડ્યા,
અમને ઉતારોને ભવપાર રે... મેં તો નયને ના નીરખ્યા.
પશુ પક્ષી સર્વે કિલ્લોલ કરે છે.
સફળ થયો મનખો આજ રે... મેં તો નયને ના નીરખ્યા.
રથમાંથી ગુરુએ મુખ બહાર કાઢ્યું,
ઉગ્યો જાણે પૂનમ કેરો ચંદ રે... મેં તો નયને ના નીરખ્યા.
સામેથી નાયો દોડતો રે આવે,
ગાળો બોલે છે બબ્બે ચાર રે... મેં તો નયને ના નીરખ્યા.
બળદ ગાડી વસ્તુ હેઠાં ઉતારો,
હું તો કરું છું લૂટવાનું કામ રે... મેં તો નયને ના નીરખ્યા.
તીર કામઠાં સર્વે ખેંચી રહ્યો,
હાથ થંભી ગયા ત્યાં જ રે... મેં તો નયને ના નીરખ્યા.
જાગ જાગ રે નાયા અબુધ અભાગી,
અમે છીએ ભક્તોના દાસ રે... મેં તો નયને ના નીરખ્યા.
નાયાના સ્વામીને અંતર યામી,
નિષ્કલંકી રૂપે લેજો તારી રે...મેં તો નયને ના નીરખ્યા.

●●●

૨૧. જનમો જનમનો સાથ છે તમારો

જનમો જનમનો સાથ છે તમારો અમારો અમારો તમારો
શેઠ તમે છો ઈમામશાહ હું ચાકર છું તમારો
જનમો જનમનો સાથ છે તમારો અમારો, અમારો તમારો
માયાએ મન મૂકી, મુંજને એવી લૂંટી
લક્ષચોર્યાસીના ફેરામાં, હું પડી વિખૂટી
ભવસાગરની ભૂલવણીમાં શોધું છું કિનારો
જનમો જનમનો સાથ છે તમારો અમારો-અમારો તમારો
સગપણ સાચું આપણું સદગોરે સમજાવ્યું
અવળાં જીવનનાં વહેણને સવળું કરી સમજાવ્યું
પુર્વ જનમના પુણ્યે મળ્યો સંતોનો સથવારો
જનમો જનમનો સાથ છે તમારો અમારો-અમારો તમારો
સેવક થઈને માગું, સેવાનું કામ માગું
જુઠા જગ જંજાળથી હવે દૂર ભાગું
પૂર્વ જનમનાં પુણ્યે કરી પકડો હાથ અમારો
જનમો જનમનો સાથ છે તમારો અમારો-અમારો તમારો
શેઠ તમે છે ઈમામશાહ હું ચાકર છું તમારો જનમો જનમ

●●●

૨૨. અમૃત વરસે સદગુરૂ ઈમામશાહના ધામમાં

અમૃત વરસે સદગુરૂ ઈમામશાહના ધામમાં
જળહળ જાગે છે જ્યોત રે...ચાલો જાંબુના દ્વીપમાં
પાટમંડાવોને કળશ સ્થપાવો
નુરમાં નુર સમાવો રે....ચાલો જાંબુના દ્વીપ
પ્રદક્ષીણા ફરી એને આનંદ લઈએ
કુંવારીકાનાં દર્શન કરીએ હે રે.....ચાલો જાંબુના દ્વીપ
ગંગાજી વહેતાં તો ગંગવામાં નાહિએ.
પુજા તણાં ફળ પામીએ રે...ચાલો જાંબુના દ્વીપમાં
ઉંચા નિશાન બાવાજીનાં ફરકે
નિશાન ફરૂકે નવનેજા જળકે રે...ચાલો જાંબુના દ્વીપમાં
નવાણું કરોડી જાંખા, મેઘા કિન્નર હશે
હશે કુલ કાયમનો પરિવાર રે....ચાલો જાંબુના દ્વીપમાં
કરણ કલપના દેવ ઋષિવરો મળશે
લાખચોર્યાસી ફેરા ટળશે રે...ચાલો જાંબુની દ્વીપમાં
અમૃત વાણી ગોર ઈમામશાહની ગાઈએ.
સંતોને હસે વૈકુંઠ વાસ રે...ચાલો જાંબુના દ્વીપમાં

●●●

૨૩. થાળ - સ્વામી અલખ દાતાર મારે ઘર્મ

સ્વામીજી અલખ દાતાર મારે ઘરે આવોને
હું તો લળી લળી લાગું પાય મારે ઘરે આવોને
દર્શન કાજે દયા કરો ઘરે આવોને, મારાં દુઃખ દરિદ્ર જાય..મારે ઘરે
શેરીએ પથરાવું, ફુલડાં ઘરે આવોને, કંકુ પાથરણાંસાર...મારે ઘરે
પોઢણ આપું ઢોલીયાં ઘરે આવોને, ઓઢણ આછાં ચીર.. મારે ઘરે
દાતણ આપું શોભતાં ઘરે આવોને, નાવણઆછાં નિર.. મારે ઘરે
બજોઠ ઢળાવું પ્રેમથી ઘરે આવોને, જમવા પધારો નકલંક દેવ... મારે ઘરે
સેવ સુંવાળી લાપસી ઘરે આવોને, શ્રીખંડ જલેબી નાથ.... મારે ઘરે
બાસુંદી પુળી પીરસું ઘરે આવોને રે, લાવું મેવા અપરમપાર....મારે ઘરે
ભજીયાંને ભાજી રાંધ્યા ઘરે આવોને, મૈં તો શાક કર્યો તૈયાર....મારે ઘરે
સોના-જરી જળભરી ઘરે આવોને, તમે આચમન કરો મારાનાથ. મારે ઘરે
મુખવાસ આપું શોભતાં ઘરે આવોને, લવિંગ સોપારી સાથે.. મારે ઘરે
નાંયાના સ્વામી વિનવું ઘરે આવોને, ભક્તો વિનવે વારમવાર..મારે ઘરે
સ્વામીજી અલખ દાતાર મારે ઘરે આવો, હું તો લળી લળી લાગું પાય. મારે ઘરે

●●●

૨૪. થાળ-પશ્ચિમથી આવે અસવારી

પશ્ચિમથી આવે અસવારી, સાચા ઋષીવર થાઓ તૈયાર
ગોરનરને જાવું હું બલીહારી, જાંબુ દ્વીપે આવજો મારા સ્વામી
પાએ લાગું હું બલિહારી, જાંબુ દ્વીપે આવજો મારા સ્વામી
ઢોલ ઢઢામું અનહદ વાગે, નગારાં વરજાંએ વાગે
ચીંનવા નગરીમાં દઈત કાલીંગો જાગે...જાંબુ દ્વીપે
નવ નેજા સાહોજીને સાથે, મહેર કરો અનંત કરોડીને
ખડગ શીંધારું મારા સાહોજીને હાથ...જાંબુ દ્વીપે
વરજાંએથી આવે અસવારી, સામાં મળ્યાં સોહાગણ નારી
શાહોજીને, શુંકન થયાં છે લાભકારી....જાંબુદ્વીપે
ગડગડતાં ગીરમઠાં આવે, રેશમ પટોળાં ચીર પથરાવે
હરખે માતા આદ્યશક્તિ વધાવે....જાંબુ દ્વીપે
એવા શાહોજીએ મહેલ બનાવ્યા, ઉપર કલપવૃક્ષની છાયા
રોજ પલંગ રંગ મહેલમાં ઢળાયા..જાંબુ દ્વીપે
ગંગવા કુંવાનાં જળ ભરી આવું, ખાંતીથી ઉનાં કરાવું
હરખે નરીજન દેવને નવરાવું....જાંબુ દ્વીપે
રેશમ પટોળાં કાજળ સરાવું, તે શાહોજીને આગળ ધરાવું
રેશમી રૂમાલે શાહોના શરીર લૂછાવુંરે...જાંબુ દ્વીપે
સેવ સાકરીયો સીરો બનાવું, ઘઉંની રોટલી બાજોઠ ઢળાવું
હરખે નરીજન દેવને જમાડું...જાંબુ દ્વીપે
શોના ઝારી લઈ આચમન કરાવું, પાનબેડાં મુખવાસ દેવરાવું
હરખે નરિજન દેવને ધરાવું...જાંબુ દ્વિપે
ગુરૂ પ્રતાપે કરશન ગાએ, માતશારદા થાજો સાહે
ગોર નરને સેવો તો જીવ અમર થાએ....જાંબુ દ્વીપે

●●●

૨૫. મધરાતતે જાગો અમર વેલા આવી

મધરાત્રે જાગો અમર વેળા આવી
જીકર કરો તો મુનિવર રહેમત પાઈ
સદક સલામત સાહેબ શું રાખો
તો પ્રેમ ફીકર વિના જીવડાનાં પાકે
જો કુછ લહેણું તમે પીયુ પાસે માંગો
કહે છે ગોર ઈમામશાહ તમે રૂદીયામાં જાગો
જાગો જાગોને મારા મુનિવરભાઈ
આપણા સાહેબ સાથે લહેર લગાઈ
નિત નિત દિદાર દર્શન કિજે
તો ભાવ ભક્તિમાં અમર ફળ લીજે
પુરણ ભાગ્ય જેને ઈમામશાહ ગોર પાયા
એમની રહેમતે સ્વામી આવ્યાં
હુરાં હાથ કચુલાં અમીરસ ભરી લાવે
ચારે સતીયું મળી મંગળ ગાએ
ગાતાં વાતાં હુરાં આવે મંદિરે જો ભાઈ
જીકર રો તો મુનિવર સહેજ બીછાઈ
દાનને પુન ઈયાં બહુ દીજે
તો વૈકુંઠમાં જઈ અમર ફળ લીજે
દાનને પુન ફળે બહુ ફુલે, નહિં આવે અજંપાજાપને તોલે
અજંપાજાપનું રટણ છે મોટું
ચારે જુગના ભૂલ્યા જીવની ભાંગશે ખોટું
અજંપા જાપને એવી છે વાત
જેમ જેમ જંતરડીમાં વાગે છે તાંત
કરોડ કરોડનાં પાતક હળશે
મૂખે અજંપા જાપ જ ભણશે
પૂરણ લાગ્યાં જે ને પહેલાં પાપ
એણે નાં જાણ્યા અજંપા જાપ

●●●

૨૬. તિથિ જ્ઞાન

સખી પડવે પીરાણામાં ગોર ઈમામશાહ આયા રે
સાથે ચંદનવીર, હજુરા હજુર લાવ્યા રે
સંખી બીજે તે બીજી રે વાત નાયા કાકાએ જાણી
કાકા શાણાની દિધેલ વાત અમૃત વાણી રે
સંખી ત્રીજે ત્રીભુવનના નાથ જાંબુદ્વીપે આવ્યા રે
ભાભા રામના મનમાં વૈરાગ દર્શન પાયાં રે
સંખી ચારે મળીને રે વાત મનમાં લીધી રે
તન મન અરપીને શિશ ભક્તિ કિધિ રે
સંખી પાંચમે પૂરણ પુન, પુન તેનાં ફળીયાં રે
પહેલાં પહેલાં ફુલો લઈ નમસ્કાર ચંદનવીરને ચડીયાં રે
સંખી છઠે રે તે ઉઠ્યા રે નાથ તે જ લઈને રે
તમે જુગો જુગ કરજો રે રાજ નિર્ભર થઈને રે
સંખી સાતમે સમજયા જે સાંન, તે બહુ સુખીયા રે
જેને નાં માન્યા સદગુરૂના ફરમાન તે બહુ દુખીયારે
સંખી આઠમે આણે રે ઠામ જે કોઈ આવ્યા રે
જેની આદે હતી ઓળખાણ તેને શાહો પાયા રે
સંખી નવમે તે નહિં જાઉં દુર વહેપુર વહીને રે
મારા સદગોરે ગેરી છે બાંય નિર્ભે થઈને રે
સંખી દશમે તે દેહી દિલમાં સાહેબમાં જે ભભક્યારે
તેની કાયા થઈ બ્રહ્મસ્વરૂપ દુઃખડાં રળીયાં રે
સંખી એકાદશીનો સ્નેહ મારા સદગુરૂ કીધો રે
જેને મેલાવી પાખંડ પ્રીત દીનવાણી દઈને રે
સંખી બાર સમે કરોડી બાર બેસતાં ચલીયા રે
તેતો તરીયા કાગળની નાવ ઉકરી ગયા દરીયા રે
સંખી તેરસ મે ઓલ્યા નીર વમાસીને રહ્યારે
જે ને નાં ઓળખ્યાં ગોર બ્રહ્માનાં સ્વરૂપ પસ્તાવા પડીયા રે
સંખી ચૌદ ભવનનારે નાથ અકલે બહુ કળીયારે
જેનાં પુન તણાં નહિયાર સાહેબ તેને મળીયારે
સંખી પૂનમે, પૂરણ પુન પુન તેનાં ફળીયાં રે
એમ ગાએ સદ્દગોર સહદેવ દુઃખ સર્વે ટળીયા રે

●●●

૨૭. મેં તો નારાયણ ના ઓળખ્યા

શહેર મુલતાનથી સદગુરૂ ઈમામશાહ આવ્યા
આવ્યા છે વનખડી માંય રે, મેં તો નારાયણ ના ઓળખ્યા
નાંયાના વનમાં આવી રથ છોડ્યો
ઉતારવા ભૂમિનો ભાર રે, મેં તો નારાયણનાં ઓળખ્યાં
પંખી પશુ સર્વે કિલોલ કરે
સફળ મનખો થયો આજ રે, મેં તો નારાયણ ના ઓળખ્યા
સામેથી નાંયો દોડતો આવે
ગાળો બોલે બે-બે ચાર રે... મેં તો નારાયણ ના ઓળખ્યાં
ગાડી બળદ વસ્ત્ર સર્વે ઉતારો
લૂંટવાનાં કરીએ છીએ કામ રે...મેં તો નારાયણ ના ઓળખ્યાં
તિર કામઠું નાંયે ખેંચી ચડાવ્યું
હું કાઢીસ બનેના પ્રાણ રે....મેં તો નારાયણ ના ઓળખ્યાં
તિરનાં છૂટે ને હાથનાં વછુ ટે,
પરાથંભી રહ્યા ત્યાં જ રે....મેં તો નારાયણ ના ઓળખ્યાં
હાથ જોડે ને શીશ ભોંયરે પછાડે
ગુનેગાર થયો મારા નાથે રે...મેં તો નારાયણ ના ઓળખ્યાં
હાજર બેગ તો રથમાં બીરાજે
તેનાં તેજ તણો નહિં પાર રે..મેં તો નારાયણ ના ઓળખ્યાં
રથમાંથી મુખ બાવે બાહર કાઢ્યું
જાણે ઉગ્યા પુનમ કેરા ચાંદ રે...મેં તો નારાયણ ના ઓળખ્યાં
નાયાના સ્વામી છો અંતરના જાંમી
નિષ્કલંકીરૂપે લેજો તારી રે...મેં તો નારાયણ ના ઓળખ્યાં
બેઉ હાથ જોડી નાયો વિનંતિ કરે છે
ઈમામશાહ મહારાજ લેજો ઉગારી રે...મેં તો નારાયણ ના ઓળખ્યાં

●●●

૨૮. સદગુરૂ ના નામ લઇને

સદગુરૂના નામ લઈને ભાભારામ કામ કરે
ના માગે મજુરીના દાંમ રે એવાં કામ તે ભાભારામ કરે
એમ કરતાં છ માસ છ દીન વહી ગયા
બાવા ઈમામશાહ પુછે ખબર રે, શું રે જમો છો ભાભારાંમ તમે
બાવાજી પડ્યાં-ખડ્યાં પાન વીણી લાવીએ
તેની સુંદર રસોઈનો નહિ પાર રે, અમૃત ભોજનીયાં ભાભારાંમ જમે
બાવાજી ઉંચા દહેરાં આસમાનમાં, તમારી લંગર ખાતાનો નહીં પાર રે
ધજા ફરકે અસમાનમાં બાવાજી સોન રૂપાની જોતું જળહળે
તેનાં તેજ તણો નહિ પાર રે, એવા શોભતાં તમારા ધામ કર્યા
ભાભારામ ચલોતરના ચોક તમને સોંપીયા
સોંપ્યા સોંપ્યા છે ગ્રંથને ભંડાર રે, વાડો વાળીને ભાભારામ બેસે
બાવાજી દોએ કર જોડી કીકી બાઈ વિનંતિ કરે
તમારા સેવક પર રાખજો મહેર રે,એવાં કામ તે ભાભારામે કર્યા

●●●

॥ સદ્‌ગુરુવાણી ॥

ૐવિશ્વનિયંતા પ્રભુની પ્રકૃતિથી રચેલી માયાના ચક્રમાંથી છૂટવા માટે ભક્તિનો માર્ગ બતાવવામાં આવ્યો છે. અનેક અવતારો સુધી સ્વભાવ અને પ્રકૃતિ આધારિત જીવ ઘણા અવતારો ભોગવતો ભોગવતો અને ઘણા પ્રકારના દુઃખો ભોગવીને મહામૂલો માનવ દેહ મેળવે છે. પૂર્વના સંચિત કર્મોના આધારે ઉચ્ચ કુળ કે ઘરમાં મનુષ્ય તરીકે જન્મ મળે છે. મનુષ્ય અવતારમાંથી દેવ બનાય છે અને દાનવ બનાય છે. દૈવીગુણ અને સાત્વિક પ્રકૃતિવાળા દેવ ગણાય છે ત્યારે આસુરી, તામસિક પ્રકૃતિવાળા દાનવ બને છે. માટે કહ્યું છે કે, આ લક્ષ ચોર્યાસીમાંથી છૂટવા માટે સદ્‌ગુરુના શરણમાં જા.



આદ્ય જગદ્ગુરુ સત્પંથાચાર્ય શ્રી કરસનદાસજી મહારાજ



પ.પૂ. બ્રહ્મલીન જગદ્ગુરૂ સત્પંથાચાર્ય શ્રી નાનકદાસજી મહારાજ

"મનુષ્ય જન્મ મોંઘા મૂલનો, વારંવાર નહીં મળશે,
લાખ રે ચોર્યાસીના ફેરા, સદ્‌ગુરૂ શબ્દે ટળશે"

ચાર ખાણીના જીવો સ્વેદજ ખાણ, ઇંડજ ખાણ, ઉદ્ભીજ ખાણ અને જરાજ ખાણ, તેમાં અનેક યોનીઓમાં મળમૂત્રની ખાણોમાં ભટકી ભટકી મનુષ્ય દેહ મળ્યો. પૂર્વ ભવનાં સદ્‌ભાગ્યથી સંચિત કર્મ ફળ્યાં ત્યારે પવિત્ર મનુષ્ય જન્મ મળ્યો. પૂર્વ ભવનાં સદ્‌ભાગ્યથી સંચિત કર્મ ફળ્યાં ત્યારે પવિત્ર મનુષ્ય દેહ મળ્યો, પણ ભકિતમાર્ગમાં મન સ્થિર ન થયું.

તે જીવો ચારે ખાણીમાં ભટકયા કરે છે અને જેને સદ્‌ગુરૂનું શરણ સ્વીકાર્યું તેમની વાણીમાં વિશ્વાસ રાખ્યો અને જેને ભકિતની સદ્‌ભાવના મળી તેનું કલ્યાણ થયું

"સદ્‌ગુરૂના શરણ વિના, અજ્ઞાન તિમિર ટળશે નહિ,
ગાંઠ હૃદયની, જ્ઞાન ગળશે નહિ, મળ્યો મોંઘો માનવ અવતાાર, જેને જતાં વાર લાગશે નહિં." જેમ ફુલ કરમાઈ જાય છે તેમ આ દેહ પણ એક દિવસ કરમાઈ જશે. જેમ સૂર્ય ઉગીને અસ્ત થાય છે તેમ આ જીવન રૂપી સૂર્ય પણ એક "દિ" આથમી જશે. "સદગુરૂ કહે છે, હે મારા મુનિવરો ! તમો આવ્યા છો કંઈક કમાવા તો કંઈક કમાઈને જાવ, ભકિતનું ભાથું બાંધી ને જવું નહિંતર આ ભવ હારી જવાશે અણે ચાર પાણીના ચક્કરમાં અટવાવું પડશે, મનુષ્ય જન્મ મોક્ષ માટે મળ્યો છે માટે સાવધાન બની આત્માનું કલ્યાણ કરો.

